ISSN 2319-3522

સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે
વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક

# સમાજકારણ

વર્ષ : ૧૨ જૂન-૨૦૧૮ અંક-૨

અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| 1. | સમાજશાસ્ત્ર : મારી અભ્યાસયાત્રા | પ્રો. વિમળ પી. શાહ | 3 |
| 2. | અ.હિં.મ.પ., ગુજરાત શાખાના નવ દાયકાની યાત્રા | પ્રો. નલિની કિશોર ત્રિવેદી | 8 |
| 3. | સોશ્યલ નેટવર્કિંગ સાઈટ્સ અને યુવાનો | પ્રો. શોભના ચૌહાણ | 12 |
| 4. | સામાજિક સંશોધન : સમસ્યાઓ અને પડકાર | ડૉ. મનીષકુમાર એમ. જનસારી | 19 |
| 5. | ગ્રામીણ રોજગારી અને કારીગરોનું સ્થળાંતર | પ્રા. હસમુખ પંચાલ | 24 |
| 6. | ગુજરાતની ફેમીલી કૉર્ટ્સના કિસ્સાઓ - કેટલાંક નિરીક્ષણો | પરેશ ચૌહાણ | 38 |
| 7. | પ્રા. ડૉ. તારાબહેન પટેલ સ્મૃતિ વંદના કાર્યક્રમ | પ્રા. સંગીતા પટેલ | 38 |


ગુજરાત સામાજિક સેવા મંડળનું મુખપત્ર

## સમાજકારણ (અર્ધવાર્ષિક)

પ્રકાશક : **ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા,
આશ્રમરોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯

સંપાદન :
**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

વ્યવસ્થા :
**નલિની કિશોર ત્રિવેદી**

પરામર્શન :
**વિદ્યુત જોષી**
**રમેશ બી. શાહ**
**પ્રેમાનંદ મિશ્રા**
**પ્રશાંત દવે**
**થોમસ પરમાર**

લેખ મોકલવાનું માટેનું સરનામું:
**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**
૧/સી, શ્રી ગોવિંદ એપાર્ટમેન્ટ, પુનિત આશ્રમ પાછળ,
મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
ફોન : ૦૭૯-૨૫૪૫૧૨૬૩
email : bjbrahmbhatt1@yahoo.co.in
વાર્ષિક લવાજમ: રૂ. ૧૦૦-૦૦


**સમાજકારણની લેખનસામગ્રી**

(૧) ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ કે સંશોધનો, સામાજિક પ્રશ્નોમાં રાજકીય અને આર્થિક પ્રશ્નોનો સમાવેશ થાય તેવા લખો.

(૨) સામાજિક સેવાકાર્યોની કે સામાજિક પ્રશ્નોના નિરાકરણ માટે લેવાતા ઉપાયોની વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચકાસણીરૂપ અભ્યાસો અને છણાવટ કરતા લેખો.

(૩) આવો અભ્યાસ કે વિવેચનો કરતાં પુસ્તકો કે અહેવાલોનો તથા શ્રેષ્ઠ ઠરેલા અભ્યાસ સાહિત્ય (Classics)નો સાર-સંક્ષેપ તથા વિવેચન.

(૪) સામાજિક સંશોધન પદ્ધતિઓ અંગેની સરળ સમજ આપતા અને તેમની ઉપયોગિતા દર્શાવતા લેખો.

## લેખકોને નમ્ર વિનંતી કે...

(૧) સામાજિક સેવા મંડળનાં ઉદ્દેશોને અનુરૂપ ગુજરાત ભારત તેમજ વિશ્વનાં જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ, સંશોધનો તેમજ સમાજને સ્પર્શતા વિવિધ પ્રશ્નોને સમાવતા આંતરરાષ્ટ્રીય Modern Language Association (MLA) પ્રારૂપ લેખ આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતાં અભ્યાસને પ્રાધાન્ય આપવામાં આવશે.

(૨) સંક્ષિપ્ત પુસ્તક પરિચય, ગ્રંથાવલોકન, સમાજ પરિવર્તનનાં પ્રયત્નો સંબંધિત લખાણો તેમજ સમાજ વિજ્ઞાનોનાં શોધ સમાચાર તેમજ સંસ્થાના સમાચાર આવકાર્ય છે.

(૩) પ્રકાશિત થયેલા કે પ્રકાશિત કરવા મોકલેલ હોય તેવા લેખ છપાશે નહીં.

(૪) લેખ ગુજરાતી, હિન્દી કે અંગ્રેજીમાં લખી શકાશે અને લેખ માન્ય પદ્ધતિ મુજબ સંદર્ભ સૂચિ સાથે હોય એ અપેક્ષિત છે.

(૫) લેખમાં ભાષાશુદ્ધિનો આગ્રહ છે તે બાબતે લેખકે કાળજી લેવા વિનંતી છે.

(૬) લેખકે લેખમાં પોતાનું નામ, હોદ્દો, સરનામું, સંસ્થાનું નામ, ફોન નંબર તેમજ Email ID તેમજ શક્ય હોય તો સમાજ સેવા મંડળનો સભ્યપદ નંબર અવશ્ય લખવો.

(૮) સમાજકારણને ISSN નંબર પ્રાપ્ય છે. તેથી તે પૂર્વસમીક્ષિત (Referred) સામયિક છે, તેથી પરામર્શકનો અભિપ્રાય આખરી ગણાય છે.

(૯) સમાજસેવા મંડળનું સભ્યપદ ધરાવનારને સમાજકારણ પહોંચાડવામાં આવે છે, ક્વચિત ન મળે તો આપેલા ફોન નંબર પર ફોન કરી ધ્યાન દોરવું.
શ્રી ગૌરાંગભાઈ શાહ મો. ૯૮૨૫૬ ૧૫૦૪૯.

(૧૧) જાન્યુઆરીના અંકમાં લેખ પ્રકાશિત કરવા ઑક્ટોબર અંત સુધીમાં અને જુલાઈના અંકમાં લેખ પ્રકાશિત કરવા એપ્રિલના અંત સુધીમાં આપના લેખો-સમાચાર - પ્રવૃત્તિ નોંધ મોકલી દેવા વિનંતી છે.


**મુદ્રક : અર્થ કૉમ્પ્યુટર :**
203, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઇન્કમટેક્સ, અમદાવાદ-14, મો. 9327036414

## સમાજશાસ્ત્ર : મારી અભ્યાસયાત્રા

– પ્રો. વિમળ પી. શાહ*

મારો જન્મ અમદાવાદમાં. અમદાવાદની એક નાની પોળના કોમ્યુનિટી જીવનમાં ઉછેર. વિશા શ્રીમાળી જૈન જ્ઞાતિના વાતાવરણમાં ધાર્મિક તેમજ ઔપચારિક શિક્ષણનું ખાસ મહત્ત્વ. કમ સે કમ ગ્રેજ્યુએટ થવાનું ધ્યેય. પ્રાથમિક શિક્ષણ મ્યુનિસિપલ નિશાળમાં. માધ્યમિક શિક્ષણ ફેલોશીપ હાઈસ્કૂલમાં. શિક્ષકો ખંતથી ભણાવે. ભણતરનો કોઈ ભાર લાગે નહિ. પરીક્ષાનું પરિણામ વર્ગના પહેલા ત્રણ ક્રમમાં આવે એટલે સંતોષ.

આર્થિક સ્થિતિ નબળી; એટલે મને વહેલી તકે અર્થોપાર્જનની આવશ્યકતા સમજાયેલી. એસ.એસ.સી. ની પરીક્ષા પછી તરત જ વેકેશનમાં અંગ્રેજી તથા ગુજરાતી ટાઈપિંગ શીખ્યો. એસ.એસ.સી.નું પરિણામ સારુ; કોઈ પણ કૉલેજમાં પ્રવેશ મળી શકે, પરંતુ મારે તો વહેલી તકે ગ્રેજ્યુએટ થવું હતું; એટલે એચ.એલ.કોમર્સ કૉલેજમાં પ્રવેશ લીધો. બે અઠવાડિયાના અભ્યાસ બાદ એલ.ડી.આર્ટ્સ કૉલેજમાં સવારના વર્ગો શરૂ થયા, એટલે અભ્યાસની સાથે સાથે નોકરી કે છૂટક ટાઈપિંગ કામ થઈ શકે તે સગવડ મેળવવાના હેતુથી આર્ટ્સ કૉલેજમાં દાખલ થયો. ત્યારથી સવારે કૉલેજ અને બપોરના છૂટક ટાઈપિંગ કામ કરવાનું શરૂ કર્યું. ઑફિસ કામ અને ટાઈપિંગનો સારો એવો અનુભવ મળ્યો. 1952માં ઈન્ટર આર્ટ્સનો અભ્યાસ ચાલુ હતો ત્યારે 1952ના ઓગસ્ટ માસની 5મી તારીખે 18 વર્ષ પૂરા કર્યાં અને 26મી તારીખે કોઈની ઓળખાણ-પીછાણ વિના યુનિવર્સિટીમાં ટાઈપિસ્ટ તરીકે નોકરી મળી. માસિક રૂપિયા 115/-ની આવકથી મને તથા ઘરનાં સૌને ખૂબ જ આનંદ થયો. યુનિવર્સિટીના નિયમ અનુસાર કોઈ કર્મચારી નોકરી સાથે અભ્યાસ કરી શકે નહિ, એટલે આગળ અભ્યાસ કરવાનું માંડી વાળ્યું. યુનિવર્સિટીના વાતાવરણમાં આગળ અભ્યાસ કરવાની ઈચ્છાને કોઈ રીતે પૂરી કરવાનું પ્રોત્સાહન મળતું રહ્યું. 1955માં અજમેર બોર્ડની ઈન્ટરની પરીક્ષા એક્ષ્ટર્નલ વિદ્યાર્થી તરીકે પાસ કરી. દરમ્યાનમાં ગુજરાતી સ્ટેનોગ્રાફી અમારા વિભાગના વડા શ્રી વૈશ્યની મદદથી સ્વપ્રયત્ને શીખ્યો અને કે.જી.શાહની મદદથી અંગ્રેજી સ્ટેનોગ્રાફી પાકી કરી.

**સમાજશાસ્ત્રના અભ્યાસની શરૂઆત :**

મારી સમાજશાસ્ત્રના અભ્યાસની શરૂઆત આકસ્મિક રીતે થઈ. 1954માં સમાજવિદ્યા ભવન અને ભાષા ભવનની સ્થાપના થઈ. શરૂઆતમાં બંને ભવનોનું કામકાજ યુનિવર્સિટીના મકાનમાં ચાલતું. 1955ના ડિસેમ્બર માસમાં ઓલ ઈન્ડિયા હિસ્ટોરિકલ કોન્ફરન્સ ભરાઈ તે અંગેનું ઑફિસ કામ હું કરતો. તે વખતે ડૉ. તારાબહેન પટેલ સાથે સૌપ્રથમ થોડો પરિચય થયો. 1956ના વેકેશનમાં એક દિવસ તારાબહેને મને બોલાવ્યો. યુનિવર્સિટીએ ગુજરાતી માધ્યમ સ્વીકાર્યું હોવાથી તેઓ સમાજશાસ્ત્રના ઈન્ટર આર્ટ્સના વિદ્યાર્થીઓ માટે એક પાઠ્ય પુસ્તક લખતા હતા. તેમાં લહિયા તરીકે મદદ કરવા માટે મને જણાવ્યું. મેં સહર્ષ તૈયારી બતાવી અને રોજ સાંજના ઑફિસ છૂટ્યા પછી તેમજ રજાના દિવસે તેમને ત્યાં આ કામ માટે જતો. મેં ઈન્ટર સુધીનો જ અભ્યાસ કર્યો હોવાથી હું તેમના પુસ્તકનો ઉપયોગ કરનાર પહેલો વિદ્યાર્થી છું તેમ ગણીને મને જે કોઈ બાબત બરોબર સમજાય નહિ કે જે અંગે મારા મનમાં સવાલ હોય તે હું તેમને નિઃસંકોચ જણાવું અને તેઓ મને સમજાવે. આ રીતે કામ કરવામાં મને પણ આનંદ આવતો. ત્યાર બાદ તેમણે ચાર વર્ષ દરમ્યાન બી.એ.ના વિદ્યાર્થીઓ માટે સમાજશાસ્ત્રનાં મૂળ તત્ત્વો અને ભારતીય સમાજવ્યવસ્થા એમ બે પુસ્તકો લખ્યાં તેમાં મેં તેમને લહિયા તરીકે તેમજ પ્રૂફ રીડિંગ વગેરે કામમાં મદદ કરી. ઉપરાંત, તેમના અમદાવાદના ભિખારીઓ તથા અમદાવાદમાં પ્રોફેશનલ વ્યવસાયમાં કામ કરતી બહેનોનો સામાજિક-આર્થિક સર્વેના રિપોર્ટ લખવાના કામમાં પણ મદદ કરવાની મને તક મળી.

* નિવૃત્ત અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિ., અમદાવાદ

1959માં મેં એક્ષ્ટર્નલ વિદ્યાર્થી તરીકે ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષા આપવા મંજૂરી આપવા અરજી કરી, જે યુનિવર્સિટીએ મંજૂર કરી. મેં સમાજશાસ્ત્ર મુખ્ય વિષય અને માનસશાસ્ત્ર ગૌણ વિષય તરીકે પસંદ કર્યા અને 1960માં બી.એ.ની પરીક્ષા એક્ષ્ટર્નલ વિદ્યાર્થી તરીકે પ્રથમ વર્ગમાં પાસ કરી. તે સમયે એમ.એ.માં એક્ષ્ટર્નલ પરીક્ષા લેવાતી ન હતી; એમ.એ.ના વર્ગો બપોરના સમયે ચાલતા હતા, એટલે વધુ અભ્યાસ કરવા શું કરવું તેની મૂંઝવણમાં હતો. તેવામાં સ્વામિનારાયણ કૉલેજમાં સમાજશાસ્ત્રના અધ્યાપક સપ્ટેમ્બર માસમાં એકાએક નોકરી છોડીને જતા રહ્યા, એટલે જગા ખાલી પડી; તેના આચાર્ય શ્રી પ્રેમશંકર ભટ્ટે તારાબહેનનો કોઈ વિદ્યાર્થીની ભલામણ કરવા સંપર્ક કર્યો. એમ.એ.માં બીજા વર્ગ સાથે પાસ થનાર બધા વિદ્યાર્થીઓ અન્ય જગાએ નોકરીમાં જોડાઈ ગયા હતા અને હું બી.એ. પ્રથમ વર્ગમાં પાસ થયો હોવાથી તેમણે મારા નામની ભલામણ કરી. મને બપોરના સમયે એમ.એ.ના વર્ગોમાં હું આગળ અભ્યાસ કરી શકું તે રીતે મારું સમયપત્રક ગોઠવાય તો મેં લેક્ચરર તરીકે જોડાવાની તૈયારી બતાવી. મારી વિનંતિ મંજૂર થઈ. આમ મને આગળ અભ્યાસ કરવાની અણધારી તક મળી.

સ્વામિનારાયણ કૉલેજમાં સવારના બી.એ. સુધીના વર્ગોમાં અધ્યાપન, ત્યાંથી મારે ઘેર જમીને સીધા સમાજવિદ્યા ભવનમાં એમ.એ.ના વર્ગોમાં અધ્યયન, પછી લાયબ્રેરી અને સાંજે તારાબહેનને ત્યાં રહીને બીજા દિવસના અધ્યાપન માટે તૈયારીની પ્રક્રિયામાં અધ્યાપન અને અધ્યયન એકબીજાને પૂરક બન્યાં. તારાબહેનનું માર્ગદર્શન ખાસ કરીને મદદરૂપ બન્યું. એમ.એ.ની પરીક્ષા બીજા વર્ગ સાથે પાસ કરી. આગળ વધુ અભ્યાસ માટે લંડન કરતાં અમેરિકા જવા માટે તારાબહેનની સલાહને અનુસરીને વેકેશન દરમ્યાન એડમિશન તથા નાણાકીય સહાય માટેના પ્રયત્નો શરૂ કર્યા. જવાબમાં એડમિશન મળે, પરંતુ નાણાકીય સહાય અંગે કોઈ હકારાત્મક પ્રતિભાવ નહિ. દેવું કરીને અમેરિકા જવાની તૈયારી નહિ; ફૂલબ્રાઈટ સ્કોલરશીપ માટે અરજી કરી હતી તેના જવાબની પ્રતિક્ષા કરતો હતો.

**આગળ અભ્યાસ માટે અમેરિકા પ્રસ્થાન**

1961ના ઓગસ્ટ મહિનામાં સરકારે સાયન્સ અને ટૅકનોલોજી સિવાયના વિષયના અભ્યાસ માટે પરદેશ જવા ફોરેન એક્ષ્ચેન્જ આપવાનું બંધ કર્યું. પરંતુ મારી પાસે એપ્રિલ 1, 1962 પહેલાની તારીખના મિનાસોટા યુનિવર્સિટીના એડમિશન લેટર અને આઈ-20 ફોર્મ હતા તેના આધારે મને ચાલુ વર્ષે એક્ષ્ચેન્જ મળી શકે તેમ હતું. વગર વ્યાજની લોન, પાસપોર્ટ તથા વીસા મેળવવાના પ્રયત્નોમાં કેટલાક અણધાર્યા સારા અનુભવો થયા અને હું 1962ના સપ્ટેમ્બર માસમાં અમેરિકા આગળ અભ્યાસ કરવા રવાના થયો.

રસ્તામાં થોડા દિવસ રોકાઈને લંડન અને ન્યુયોર્ક જોયું. પછી ક્લિવલેન્ડમાં ડૉ. હસમુખ મહેતાને મળવા એક દિવસ રોકાયો. તેમણે ત્યાંની વેસ્ટર્ન રિઝર્વ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના ચેરમેન પ્રો. માર્વિન સસમેન સાથે મારી એપોઈન્ટમેન્ટ લઈ રાખી હતી. પ્રો. સસમેને મને ત્યાં એડમિશન આપવા તથા તે પ્રાઈવેટ યુનિવર્સિટીની ફી મિનેસોટા યુનિવર્સિટીની ફી કરતાં જેટલી વધારે હતી તેટલી શિષ્યવૃત્તિ અપવાની તૈયારી બતાવી. એટલે હું ખૂબ રાજી થયો. પરંતુ ફી ભરતાં પહેલાં યુનિવર્સિટી બદલવા માટે રિઝર્વ બેન્કની પરવાનગી મેળવવાની અરજી તૈયાર કરી તારાબહેનને મોકલી અને દરમ્યાનમાં ત્યાં વર્ગો ભરવાની પણ શરૂઆત કરી. બે અઠવાડિયા બાદ રિઝર્વ બેન્કે પરવાનગી આપવા ના પડી એટલે મિનેસોટા જવા રવાના થયો. રસ્તામાં વિસ્કોન્સિન યુનિવર્સિટીમાં તપાસ કરવાના હેતુથી મેડિસિનમાં થોડા કલાક રોકાયો. સમાજશાસ્ત્ર વિભાગના પ્રો. ડેવિડ મિકેનિક, જેઓ એવોર્ડ સમિતિના ચેરમેન હતા અને જેમની સાથે મારો પત્રવ્યવહાર ચાલતો હતો તેમને મળવા ગયો. મારી ત્યાં અભ્યાસ કરવાની ઇચ્છા હતી, પરંતુ રિઝર્વ બેન્કના નિયમ અન્વયે પહેલા સત્રમાં દાખલ થઈ શકું તેમ નથી અને બીજા સત્રમાં મિનેસોટાથી ત્યાં દાખલ થવાની ઇચ્છા છે તેમ મેં જણાવ્યું.

તેમને લાગ્યું કે મને જ્યાં નાણાકીય સહાય મળશે ત્યાં હું અભ્યાસ કરીશ. તેમણે ખાસ પ્રયત્નો કરીને પ્રો. એડગર બોરગાડા કે જેઓ વિભાગના ચેરમેન હતા તેમના પ્રોજેક્ટ પર પહેલા સત્રમાં અને પ્રો. વિલિયમ સુવેલ કે જેઓ વિભાગના પૂર્વ ચેરમેન અને અગાઉ અમેરિકન સોસિયોલોજીકલ એસોસિએશનના પ્રમુખ હતા તેમના પ્રોજેક્ટ પર બીજા સત્રમાં રિસર્ચ એસિસ્ટન્ટ તરીકે નિમણૂક અપાવી. મારે ફોરેન એક્ષચેન્જની જરૂર રહી નહિ. રજિસ્ટ્રેશનની વિધિ 15-20 મિનિટમાં પતી અને હું વિસ્કોન્સિન યુનિવર્સિટીમાં ત્રણ અઠવાડિયા મોડો દાખલ થયો. આમ, રિઝર્વ બેન્કની પરવાનગી ન મળવાથી મારી નાણાકીય મુશ્કેલી દૂર થઈ અને અમેરિકામાં સમાજશાસ્ત્રના વિષયમાં એક પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાં અભ્યાસ કરવાની મને તક મળી. પીએચ.ડી.ના અભ્યાસની સાથે હું રિસર્ચ આસીસ્ટન્ટ તરીકે કામ કરતો હતો અને ત્યારબાદ પણ લગભગ ચાર વર્ષ સુધી મેં રિસર્ચ એસોસિએટ તરીકે કામ કર્યું.

**વિસ્કોન્સિન યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્રનો અભ્યાસ**

વિસ્કોન્સિન યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં પૂર્વ-સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ મળીને આશરે 65 પ્રોફેસર હતા, સમાજશાસ્ત્રની વિવિધ પેટા શાખાના અભ્યાસક્રમો શીખવવામાં આવતા હતા. મારા એડવાઈઝર પ્રો. વિલિયમ એચ. સુવેલ હતા. મેં પહેલા સેમિસ્ટરમાં ત્રણ કોર્સ લીધા હતા. તેમાં મારી ગ્રેડ સારી હતી એટલે મારી ગુજરાત યુનિવર્સિટીની ડિગ્રી માન્ય રાખી મને સીધા પીએચ.ડી.નો અભ્યાસ કરવાની છૂટ મળી. પીએચ.ડી. ડિગ્રી માટે મુખ્ય વિષય (સમાજશાસ્ત્ર)ના આવશ્યક કોર્સમાં બે કોર્સ sociological theoryના, બે કોર્સ research methodsના, ત્રણ કોર્સ statistical methods and analysisના, બે કોર્સ પસંદગીના વૈકલ્પિક ક્ષેત્ર (કુટુંબ)ને લગતા અને બે સેમિનાર હતા. ઉપરાંત, વિદ્યાર્થીએ એક ગૌણ વિષય પસંદ કરવાનો હતો. મેં Indian studies પસંદ કરેલો, તેમાં મારે હિંદી, Indian philosophy, ભારતીય સમાજ અને સામાજિક પરિવર્તન એમ ચાર કોર્સ કરવાના હતા. ઉપરાંત, પસંદગીની કોઈ એક પરદેશી ભાષા (ફ્રેન્ચ)નો translation test પાસ કરવાનો હતો. મેં આ બધા કોર્સ પાંચ સેમિસ્ટરમાં સંતોષકારક રીતે પાસ કર્યા.

વિદ્યાર્થી મુખ્ય તથા ગૌણ વિષયના કોર્સ પૂરા કરે ત્યારબાદ તેણે પીએચ.ડી.ની પ્રિલિમનરી પરીક્ષા આપવાની હોય છે. વિદ્યાર્થીના એડવાઈઝર તે માટે અનુમતિ આપે ત્યારબાદ ડિપાર્ટમેન્ટ પાંચ પ્રોફેસરની એક સમિતિની રચના કરે અને તે સમિતિ વિદ્યાર્થીની એક લેખિત પરીક્ષા લે. તે માટે ડિપાર્ટમેન્ટ પાંચ સભ્યોની એક સમિતિ નીમે અને તેની નોટિસ બોર્ડ પર જાણ કરવામાં આવે. લેખિત પરીક્ષા ચાર કલાકની હોય અને તેમાં વિદ્યાર્થીએ પાંચ પ્રશ્નોના જવાબ આપવાના હોય છે. સમિતિના બધા સભ્યો જવાબો વાંચે અને જે ગ્રેડ આપે તેના આધારે વિદ્યાર્થીને ફાઈનલ ગ્રેડ આપવામાં આવે. વિદ્યાર્થી લેખિત પરીક્ષામાં પાસ થાય ત્યાર બાદ તેની એક મૌખિક પરીક્ષા લેવામાં આવે. આ મૌખિક પરીક્ષામાં ડિપાર્ટમેન્ટના જે પ્રોફેસર હાજર રહેવા માગતા હોય તે બધા હાજર રહી શકે અને વિદ્યાર્થીને પાસ કરવા અંગે મત આપી શકે. સામાન્ય રીતે ડિપાર્ટમેન્ટના 20-25 પ્રોફેસર મૌખિક પરીક્ષા વખતે હાજર રહેતા હોય છે. આમ, પ્રિલિમ પરીક્ષામાં પાસ થવાનું સારુ એવું મુશ્કેલ હોય છે. ડિપાર્ટમેન્ટની દૃષ્ટિએ વિદ્યાર્થીની પીએચ.ડી. ડિગ્રી માટેની યોગ્યતા સમગ્ર રીતે નક્કી કરવા પ્રિલિમનરી પરીક્ષા એક મહત્ત્વનો માપદંડ હોય છે.

મેં બધા કોર્સ પાસ કર્યા પછી, પ્રિલિમનરી પરીક્ષાની તૈયારી કરી અને પછી મેં મારા એડવાઈઝર પ્રો. સુવેલને જણાવ્યું કે મારી પીએચ.ડી.ની પ્રિલિમ પરીક્ષા આપવાની તૈયારી છે. તેમણે કહ્યું કે મેં બધા આવશ્યક કોર્સ સારી રીતે પસાર કર્યા છે અને તે ખુશ છે. પરંતુ, વિભાગમાં સમાજશાસ્ત્રની વિવિધ પેટા શાખાના તજજ્ઞો છે તેમને બને તેટલો લાભ લેવો જોઈએ. ચર્ચાને પરિણામે તેમણે મને ત્રણ વધારાના કોર્સ (social psychology, political sociology, sociology of cirmes and punishment) કરવાનું કહ્યું. ત્યાંની

પદ્ધતિમાં મેજર પ્રોફેસરની સલાહ પ્રમાણે વર્તવું જરૂરી હોય છે. મેં બીજા એક સેમિસ્ટર દરમિયાન ત્રણ વધારાના કોર્સ પણ પૂરા કર્યા. ત્યારબાદ, મેં પ્રિલિમનરીની લિખિત તથા મૌખિક પરીક્ષા પહેલા ટ્રાયલે પાસ કરી.

ત્યારબાદ મેં મારી થિસિસ માટે રૂપરેખા તૈયાર કરી; મારી રૂપરેખા માહિતી એકઠી કરવા માટે ભારત આવવાની હતી. મારી સમિતિએ તે મંજૂર કરી. ત્યારે પ્રો. સુવેલ મને કહે છે 'વિમલ, તારે ખરેખર ડેટા એકઠા કરવા ઈન્ડિયા જવું છે ? તને ઘર સાંભળે અને ત્યાં જવાનું મન થાય તે સ્વાભાવિક છે. પરંતુ ત્યાં જઈશ એટલે કોઈને કોઈ કારણસર (માંદગી, લગ્ન માટે માબાપનો આગ્રહ, વગેરે) તારે પાછા આવવામાં વિલંબ થશે. તેના કરતાં તું હવે અમેરિકન શિક્ષણ પદ્ધતિ સાથે પરિચિત થયો છે, તો આપણા પ્રોજેક્ટના આધારે થિસિસ કરી જલદી પીએચ.ડી. ડીગ્રી મેળવે તે વધું સારું' અને મેં ફરીથી રૂપરેખા તૈયાર કરી Social Class and Aspirations of Wisconsin High School Farm Boys ઉપર મારી થિસિસ તૈયાર કરી અને 1966માં મારી સાથે દાખલ થયેલા બધા પીએચ.ડી. વિદ્યાર્થીઓમાં સૌપ્રથમ પીએચ.ડી. ડિગ્રી મેળવી.

ત્યાર પછી પ્રો. સુવેલની સલાહ અનુસાર મેં અર્થશાસ્ત્ર વિભાગમાં પ્રો. ગોલ્ડબર્ગરના હાથ નીચે econometric methods નો એક બે સત્રનો કોર્સ ઓડિટ કર્યો. મારું ગણિતનું જ્ઞાન એસ.એસ.સી. સુધીનું જ હતું. મેં differential and integral calculus નો અભ્યાસ કર્યો ન હતો એટલે મને કેટલીક ફોર્મ્યુલા સમજવામાં મુશ્કેલી પડતી હતી. તે માટે મારી સાથે રહેતા એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓની મદદ લઈને હું સમજવાનો પ્રયત્ન કરતો. આ રીતે ઇકોનોમેટ્રીક્સમાં જ્હોનસનનું પ્રાથમિક પુસ્તક મેં વાંચ્યું, ટૂંકમાં, પ્રો. સુવેલની સલાહ અનુસાર ત્યાંની શિક્ષણપદ્ધતિનો મને ઘણો લાભ મળ્યો. વિસ્કોન્સિન યુનિવર્સિટીમાં સંશોધન અંગે મને મળેલા અનુભવની વિગતવાર વાત કરતા પહેલાં મારા અભ્યાસ દરમ્યાન મને થયેલા કેટલાક અનુભવનો ઉલ્લેખ કરવો જરૂરી છે.

હું રિસર્ચ એસિસ્ટન્ટ તરીકે કામ કરતો હતો. મને ડિપાર્ટમેન્ટમાં મારી કેબિનની ચાવી આપવામાં આવી હતી. મારી પાસે કેલક્યુલેટર તથા ઇલેક્ટ્રીક ટાઈપરાઈટરની વ્યવસ્થા હતી. આ સગવડને કારણે હું મોટા ભાગે, રજાના દિવસે કે રાતના મોડા સુધી પણ, મારું વાંચવાનું, ટર્મ પેપર લખવાનું કામ કરી શકતો. યુનિવર્સિટીની લાયબ્રેરી ઘણી સમૃદ્ધ હતી. તારાબહેનનું પુસ્તક- 'ભારતીય સમાજ વ્યવસ્થા' પણ તેમાં જોવા મળ્યું હતું. પહેલા સેમિસ્ટરમાં research methodsની પહેલી 6-અઠવાડિક પરીક્ષામાં multiple ટેસ્ટની ઘણી આઈટમો અમેરિકાની Dating પદ્ધતિને લગતી હતી, જેના જવાબો મને આવડતા ન હતા અને મને C ગ્રેડ મળ્યો, પછીની ટેસ્ટ અને ફાઈનલ પરીક્ષાને પરિણામે ફાઈનલ ગ્રેડ B મળ્યો. બીજા સેમિસ્ટરમાં થિયરીનો કોર્સ પ્રો. ડેમરથ શીખવતા હતા. તેમની છાપ એક ખૂબ કડક અધ્યાપક તરીકે હતી, કેટલાક વિદ્યાર્થીઓ તે પછીના સેમિસ્ટરમાં બીજા એક પ્રોફેસર આ કોર્સ શીખવવાના હતા તેની રાહ જોવા લાગ્યા. પરંતુ, મને એમ કે આવશ્યક કોર્સ જેમ બને તેમ જલદી લેવા જોઈએ. તેથી મેં પ્રો. ડેમરથના કોર્સમાં રજિસ્ટ્રેશન કરાવ્યું. પહેલે દિવસે પ્રોફેસરે જાહેર કર્યું કે તેઓ આ કોર્સ દર અઠવાડિયે ત્રણ કલાકના સેમિનાર તરીકે ચલાવશે. દર અઠવાડિયે એક પુસ્તક વાંચવાનું અને તેના કોઈ એક કે વધારે અગત્યના મુદ્દા ઉપર એક પાનામાં લખાણ કરીને આપવાનું અને તેની સેમિનારમાં રજૂઆત કરવાની. આ કોર્સમાં કોઈ પરીક્ષા લેવાશે નહિ, પરંતુ બે ટર્મ પેપર લખવાના રહેશે. આ પ્રકારની અપેક્ષાને પરિણામે, શરૂઆતમાં 27 વિદ્યાર્થીઓ હતા તેમાંથી ધીરે ધીરે ઘટીને કોર્સના અંત ભાગમાં માત્ર આઠ વિદ્યાર્થીઓ રહ્યા હતા. તેમાં હું એક હતો. પહેલા ટર્મ પેપરમાં મને B ગ્રેડ મળ્યો, એક અમેરિકન વિદ્યાર્થીને B+ મળ્યો. બીજા ટર્મ પેપરમાં મને B+ અને અમેરિકન વિદ્યાર્થીને B ગ્રેડ મળ્યો અને ફાઈનલ ગ્રેડ અમને બંનેને B ગ્રેડ આપ્યો. આ પ્રકારના કોર્સમાં છેક સુધી ટકવું અને પાસ થવું તેને પણ સિદ્ધિ ગણવામાં આવતી. આ કોર્સમાં કોઈ થિયરી

અંગેના પુસ્તકની શરૂઆત, અંત તેમજ વચલો કેટલોક ભાગ ઝડપથી વાંચીને એક કે બે મુદ્દા પર નોંધ લખવાની સારી તાલીમ મળી. એડવાન્સ સ્ટેસ્ટીસ્ટિકલ મેથડ્સના એક કોર્સમાં take home પરીક્ષા હતી. તેમાં અમારે એક 17 x 17 inter-co-relation matrix નું factor analysis કરી, ગ્રાફ દોરી, કાચની મદદથી rotation કરી રિપોર્ટ લખવાનો હતો. આ માટે કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી ગણતરી કરવાની હતી. બે વિદ્યાર્થીઓ સ્વતંત્ર રીતે કામ કરે અને દર બે-ત્રણ કલાકે પરસ્પર આંકડા મેળવી આગળ કામ કરે તેવી ગોઠવણ કરવામાં આવી હતી. અમને આ રીતે કામ કરતા કુલ 54 કલાક થયા હતા.

મારી પ્રિલિમની લેખિત પરીક્ષાના દસેક દિવસ પહેલાં પ્રો. બોરગાડાએ મને બોલાવ્યો અને કહ્યું, 'વિમલ, તું જાણે છે કે તારી પરીક્ષાની સમિતિના પાંચ સભ્યોમાં હું છું'. મેં કહ્યું 'હા મને ખબર છે.' તેમણે મને કહ્યું 'તું મને પાંચ પ્રશ્નો આપ, મારે જે એક પ્રશ્ન પૂછવાનો છે તે એક પ્રશ્ન હું તારા સૂચવેલા પાંચ પ્રશ્નોમાંથી ગમે તે એક પ્રશ્ન પૂછીશ.' તેમની આ માગણીથી મારી ઊંઘ ઊડી ગઈ; ના પડાય નહિ. મેં પછીના 5-6 દિવસ દરમ્યાન બધા અભ્યાસક્રમની તૈયારી કરવામાં હું જે કાંઈ વાંચું તેને અંગે કયો પ્રશ્ન પીએચ.ડી.ની કક્ષાએ પૂછી શકાય એ રીતે વિચારીને પાંચ પ્રશ્નો તૈયાર કરીને મેં પ્રો. બોરગાડાને આપ્યા. તેમણે તેમાંનો એક પ્રશ્ન મને પૂછ્યો હતો. પરીક્ષા આપ્યા પછી હું રૂમમાંથી બહાર નીકળ્યો ત્યારે બીજા એક પ્રો. પવાલકોએ પ્રશ્નપત્ર જોઈને પૂછ્યું 'વિમલ, તારી સમિતિના કયા પ્રોફેસર તને ખૂબ ધિક્કારે છે કે આવો સવાલ પૂછે છે?' મેં કહ્યું 'હું પોતે' અને પછી પ્રો. બોરગાડાની વાત કરી. ટૂંકમાં, મારો તે પ્રશ્ન સૌથી મુશ્કેલ હતો તેટલું જ નહિ, તેનો કોઈ એક સ્પષ્ટ જવાબ આપવો મુશ્કેલ હતો. મારો જવાબ મુખ્યત્વે તેને માટે સંશોધક કેવા વૈકલ્પિક પ્રયાસ કરી શકે તે સ્વરૂપનો હતો. સમિતિના ચેરમેન પ્રો. સુવેલે પછીથી મને કહ્યું કે મારા તે પ્રશ્નના જવાબના આધારે A+ ગ્રેડ મળ્યો છે, નહિતર A મળત.

### વિસ્કોન્સિન યુનિવર્સિટીમાં સંશોધનની તાલીમ અને કામગીરી

પહેલા સેમિસ્ટર દરમિયાન હું પ્રો. એડગર બોરગાડાના એક સંશોધન પ્રોજેક્ટ ઉપર કામ કરતો હતો. તેમાં મેં મુખ્યત્વે વસતી ગણતરીના રિપોર્ટમાંથી 6-કોલમના લગભઘ 15 લાખ ડેટાની માહિતીનું કોડિંગ અને તેમાંની કેટલાકનું IBM machine પર key-punching કર્યું. આ કામ ઘણું કંટાળાજનક હતું. પરંતુ, તેમાં ચોક્સાઈ, ધીરજ અને ખંત આવશ્યક હતાં. વસતી ગણતરીના અહેવાલમાં ઉપલબ્ધ વિવિધ અઢળક માહિતીનો પણ મને કંઈક ખ્યાલ આવ્યો. ભારત પાછા આવ્યા પછી વિવિધ સંશોધન પ્રશ્ન અંગે વસતી ગણતરીના અહેવાલમાં તેમજ અન્ય ઉપલબ્ધ માહિતી (secondary data)નો ઉપયોગ કરવાની પાછળ મારો આ અનુભવ છે.

1962-63ના બીજા સત્રમાં પ્રો. સુવેલના પ્રોજેક્ટ પર કામ કરવાનું શરૂ કર્યું ત્યારથી હું 1969ના ડિસેમ્બર માસમાં ભારત પાછો આવ્યો ત્યાં સુધી મેં તેમના Educational and Occupational Aspirations and Achievement of Wisconsin High School Students ના પ્રોજેક્ટ પર શરૂઆતમાં એસિસ્ટન્ટ તરીકે અને પછી એસોસિએટ તરીકે કામ કર્યું. મને મારા અભ્યાસની સાથે સાથે બઢતી અને પગારમાં વધારો મળતો રહ્યો. મને એક મોટા પ્રોજેક્ટની સંશોધનની વિવિધ પ્રક્રિયા પર કામ કરવાનો અને જુદી જુદી quantitative methods શીખવાનો અને કોમ્પ્યુટરની મદદથી તેનો ઉપયોગ કરવાનો સારો અનુભવ મળ્યો.

આ પ્રોજેક્ટ મૂળ ડેટા સાયકોલોજી ડિપાર્ટમેન્ટના પ્રો. જે. કેનેથ લિટલે 1957માં વિસ્કોન્સિનના સમગ્ર રાજ્યના આશરે 95% (34,141) હાઈસ્કૂલ સિનિયર (આપણા 12મા ધોરણના વિદ્યાર્થી)ના શૈક્ષણિક અને વ્યવસાયિક આકાંક્ષા અને સિદ્ધિ અંગે પ્રશ્નાવલિ દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણમાં મેળવવામાં આવ્યા હતા. પ્રો. સુવેલે આ ડેટાના આધારે વિસ્તૃત અભ્યાસ કરવા માટે મેળવ્યા હતા. હું જ્યારે 1963માં આ પ્રોજેક્ટ

પરના કામમાં જોડાયો ત્યારે મૂળ સર્વેના 1/3 રેન્ડમ સેમ્પલનો ઉપયોગ કરીને કેટલાક સંશોધન લેખો લખવામાં આવેલા હતા.

મારે શ્રી માઈક આર્મર (જેઓ આ ડેટાનો ઉપયોગ કરીને પીએચ.ડી. કરતા હતા)ના હાથ નીચે કામ કરવાનું હતું. તેમણે મને પ્રોજેક્ટની શક્ય તે માહિતીથી વાકેફ કર્યો. હું ધીમે ધીમે key-punching, verification, counting વગેરે માટેનાં IBM મશીનોનો ઉપયોગ કરતાં શીખ્યો. માઈક આર્મરનું પીએચ.ડી.નું કામ પૂરું થયા પછી પ્રોજેક્ટના કામ અંગે મારી જવાબદારી વધી અને હું પ્રોજેક્ટ ડેટા અને તેના રેકોર્ડનો કસ્ટોડિયન બન્યો. મારું કામ સઘળા ડેટા, કોમ્પ્યુટર આઉટપૂટ વગેરે સાચવવાનું, ડેટાનો ઉપયોગ કરવા ઈચ્છતા વિદ્યાર્થી/ પ્રોફેસરને જરૂરી માહિતી આપવાનું તેમજ કોમ્પ્યુટર પર પૃથક્કરણ કરી આપવાનું હતું. આ ડેટાનો ઉપયોગ પ્રો. સુવેલ ઉપરાંત વિભાગના અન્ય પ્રોફેસર અને વિદ્યાર્થીઓ કરતા હતા. તેમાંના કોઈએ અમુક પેટા-સેમ્પલનો ઉપયોગ કર્યો હતો, તો વળી કોઈએ કેટલીક વધારાની માહિતી (નિશાળમાં ઉપલબ્ધ લગવડ, નિશાળ જે વિસ્તારમાં આવેલી હોય તેનું સામાજિક વાતાવરણ, વગેરે) એકઠી કરી સામેલ કરી હતી. આ બધાંને પરિણામે પ્રોજેક્ટને લગતા જુદા જુદા ડેટા-સેટ હતા. શરૂઆતનાં બે વર્ષ દરમ્યાન મેં મૂળ ડેટાનો પ્રકાર, તેનો વ્યાપ, જુદા જુદા પ્રોફેસરોએ/વિદ્યાર્થીઓએ ઉપયોગમાં લીધેલા સાદા તથા સંયુક્ત પરિવર્ત્યો અને તેની તેમણે કરેલી ઓપરેશનલ વ્યાખ્યા, તે માટે તેમણે કોમ્પ્યુટર પર કરેલી પ્રોસિજર, વગેરેની માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો. આ માટે જૂના રેકોર્ડ તપાસી ખૂટતી માહિતી માટે તેમનો સંપર્ક કરી જુદા જુદા ડેટા-સેટ અંગેનો રેકોર્ડ વ્યવસ્થિત કરવાનો મેં પ્રયત્ન કર્યો.

તે વખતે યુનિવર્સિટીમાં બધા માટે કોમ્પ્યુટરની સગવડ ફિઝિક્સ ડિપાર્ટમેન્ટમાં હતી. પ્રોજેક્ટની ડેટાની એક મેગ્નેટિક ટેપ કોમ્પ્યુટર સેન્ટરમાં હતી, પરંતુ તેમાં સુધારા-વધારા કે પૂરક ડેટાનો ઉપયોગ કરવાનો હોય ત્યારે ડેટા કાર્ડની ઘણી બધી ટ્રે લઈ જવા તથા લાવવાનું કામ કરવાનું રહેતું, તે વખતે ડેટાના પૃથક્કરણ માટે કોઈ તૈયાર સોફ્ટવેર મળતા ન હતા. એક પ્રોગ્રામર અમારી જરૂરિયાત પ્રમાણે પ્રોગ્રામ લખી આપે, પરંતુ તેમણે લખેલા પ્રોગ્રામમાં જે પરિવર્ત્યોનો ઉપયોગ કરવાનો છે તેના કોલમ અને તેના વિભાગો યથાર્થ સામેલ કરવામાં આવ્યા છે કે નહિ તે તપાસવું જરૂરી હતું. પરિણામે હું પ્રાથમિક પ્રોગ્રામીંગ પણ શીખ્યો.

થોડા સમય બાદ ઉત્તરદાતાઓનો પોસ્ટ કાર્ડ દ્વારા એક follow-up સર્વે પ્રો. પવાલકોની દેખરેખ નીચે કરવામાં આવ્યો. તેમાં વિદ્યાર્થીનું સરનામું તથા તેના શિક્ષણ અને વ્યવસાય અંગે માહિતી માગવામાં આવી હતી. જો વિદ્યાર્થી તેના પ્રશ્નાવલિમાં જણાવેલા સરનામે મળે નહિ તો તેના નવા સરનામે પોસ્ટ કાર્ડ ફોરવર્ડ કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સર્વેમાં કુલ ત્રણ પ્રયત્નોને અંતે 95% ઉત્તરદાતાઓની માહિતી એકઠી કરવામાં આવી હતી. ઉત્તરદાતાએ પહેલા, બીજા કે ત્રીજા પ્રયત્ને જવાબ આપ્યો કે તે અંગેનો સઘળો રેકોર્ડ રાખવામાં આવ્યો હતો. બીજા એક પ્રો. લટરમેને ઉત્તરદાતાઓની આગક અંગેની માહિતી સોશિયલ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટમાંથી મેળવીને મૂળ ડેટા સાથે સાંકળી હતી. કોઈ ઉત્તરદાતાની વ્યક્તિગત માહિતી જોવા ન મળે તે રીતે પૃથક્કરણ કરવાનું હતું અને તે માટે જરૂરી સોગંધ લેવાના હતા. આ બંને ડેટા-સેટના કોડિંગથી શરૂ કરી સઘળા ડેટાને સાંકળવાના અને પૃથક્કરણ કરવાના કામમાં તેમના એસોસિયેટ તરીકે મારે મદદ કરવાની હતી અને તેથી મને સારો અનુભવ મળ્યો.

મને 1966માં પીએચ.ડી. પ્રવેશ મળ્યા પછી હું 6 અઠવાડિયાના વેકેશન માટે અમદાવાદ આવ્યો હતો. તે દરમ્યાન પ્રો. સુવેલનો મારા ઉપર પત્ર આવ્યો કે મિશિગન યુનિવર્સિટીના પ્રો. ડડલી ડંકને મિલવોકી શહેરના ડેટાનું co-variance analysis કરતાં માલૂમ પડ્યું કે કેટલીક સ્કૂલના બધા વિદ્યાર્થીઓના IQ scores એકસરખા હતા. તો આ ભૂલનું કારણ શું હોઈ શકે? હું પ્રોજેક્ટ અંગેની જે માહિતી મારી સાથે લઈને આવ્યો

હતો તેના આધારે આ બાબત અંગે હું કાંઈ કહી શકું એમ ન હતો. વિસ્કોન્સિન પાછા ફર્યા પછી મેં જૂના કાર્ડનું IBM 101 મશીનનો ઉપયોગ કરીને શોધી કાઢ્યું કે 1957માં જે સ્કૂલોએ વિદ્યાર્થીઓના IQ scores અંગેની માહિતી આપી ન હતી તેને NR (no response) તરીકે દર્શાવેલા અને તે મુજબ કાર્ડ ઉપર "–" અને "5" અને "–" (minus) અને "9" પંચ કરેલાં, અને આ multiple punches વાળા ડેટાને ટેઈપ ઉપર ટ્રાન્સફર કરતી વખતે કોઈ કારણસર "–" પંચ દૂર કરેલા, પરિણામે તેમના આઈ.ક્યુ. "59" તરીકે રેકોર્ડ થયા હશે. આ ભૂતકાળની ભૂલ શોધવા માટે મેં કોમ્પ્યુટર સેન્ટરમાં પાંચ દિવસ સુધી રાતના 10 થી સવારના 5 સુધી કામ કરેલું. (રાત્રે એકલા કામ કરવાનું મુખ્ય કારણ જુદા જુદા મશીનોનો ઉપયોગ કરનારા બીજા કોઈ હોય નહિ અને તેથી શાંતિથી કામ કરી શકાય.) આ માહિતીને કારણે વાસ્તવમાં એવું બને કે જ્યારે સમગ્ર સેમ્પલનું પૃથક્કરણ કરવામાં આવે ત્યારે મોટી સંખ્યામાં માત્ર એક શહેરના વિદ્યાર્થીઓનો આઈ.ક્યુ. "59" હોય તેની કોઈ અસર જોવા ન મળે. ત્યારબાદ પ્રો. સુવેલે મને કહ્યું કે ત્યાં સુધીમાં આ ડેટાના આધારે પૃથક્કરણ કરીને જે પેપર લખ્યા હતા તે બધાંનું મારે ફરીથી પૃથક્કરણ કરવું અને તપાસવું કે આ ભૂલને પરિણામે તારણોમાં કોઈ તફાવત પડ્યો છે કે કેમ. આ બધું કરવામાં મારે બીજા 5-6 માસ કામ કરવું પડ્યું. મને એક મહત્ત્વનો સિદ્ધાંત મળ્યો કે સંશોધનમાં કોઈ ભૂલ નજરે પડે તો તે સુધારવી જોઈએ.

તે સમયે પ્રો. ડંકને કાર્ય-કારણના સંબંધ અંગે અનુમાન કરવા માટે path analyis ની પદ્ધતિનો સમાજશાસ્ત્રમાં સૌપ્રથમ ઉપયોગ કરીને એક સંશોધન લેખ પ્રસિદ્ધ કર્યો હતો. પ્રો. સુવેલે મને તે વાંચીને વિસ્કોન્સિન ડેટાના પૃથક્કરણમાં આ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય કે નહિ તે જોવા કહ્યું. માત્ર લેખની માહિતીને આધારે આ પદ્ધતિનો સંપૂર્ણ ખ્યાલ મળતો નથી તેમ મેં જણાવ્યું. ત્યારબાદ પ્રો. સુવેલે પ્રો. ડંકનને એક સેમિનાર આપવા વિસ્કોન્સિન બોલાવ્યા અને ડિપાર્ટમેન્ટના ઘણા બધા શિક્ષકો તથા મેં path analysis ની પદ્ધતિ અંગે વિગતવાર જાણકારી મેળવી. પ્રો. ડંકને આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં ભૂતકાળના જે બધા સંશોધન લેખોનો ઉપયોગ કર્યો હતો તે બધાની નકલ મને આપી. તેમાં 1932માં જેનેટિક્સના એક જર્નલમાં પ્રો. સુવેલ રાઈટે એક લેખ લખ્યો હતો. તે વાંચતાં મને જાણવા મળ્યું કે genetics and environment વચ્ચેનો સંબંધ સ્થાપવા માટે પ્રો. રાઈટે આ પદ્ધતિનો કેવી રીતે ઉપયોગ કર્યો હતો. આ પદ્ધતિ શીખ્યા પછી મેં તેનો ઉપયોગ કરીને પ્રો. સુવેલ સાથે સંયુક્ત રીતે બે સંશોધન લેખો તૈયાર કર્યા, જે American Sociological Review અને Sociology of Education માં પ્રસિદ્ધ થયા.

પ્રો. સુવેલે મને વિસ્કોન્સિન પ્રોજેક્ટના ડેટાનો ઉપયોગ કરીને પીએચ.ડી. થિસિસ કરવા માટે કહ્યું તે વખતે મને અમદાવાદના વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને વ્યાવસાયિક આકાંક્ષાના અભ્યાસ માટે ભારત મોકલશે તેવું કહ્યું હતું તે પ્રમાણે તેમણે મને ગ્રાન્ટ આપી. હું છ મહિના માટે અમદાવાદ આવ્યો અને મેં અમદાવાદમાં 11મા ધોરણ (એસ.એસ.સી.)માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો અભ્યાસ કર્યો. આ માટે અમદાવાદના જુદા જુદા વિસ્તારોમાં આવેલી માત્ર વિદ્યાર્થીઓ, માત્ર વિદ્યાર્થીનીઓ અને સહશિક્ષણ આપતી નિશાળોમાંથી રેન્ડમ સેમ્પલની પદ્ધતિ પ્રમાણે કુલ 54 નિશાળો પસંદ કરી હતી. તેમાંથી 52 નિશાળોએ સહકાર આપ્યો હતો. પસંદ થયેલી નિશાળના આચાર્યની સાથે અગાઉથી નક્કી કરેલા દિવસે અને સમયે વર્ગમાં હાજર રહેલા બધા વિદ્યાર્થીઓ પાસેથી પ્રશ્નાવલિ દ્વારા સમૂહમાં માહિતી એકઠી કરવામાં આવી હતી. કુલ 5201 ઉત્તરદાતા હતા. ઉપરાંત નિશાળના રેકોર્ડમાંથી બધા ઉત્તરદાતાના 10મા ધોરણની વાર્ષિક પરીક્ષાના માર્ક્સ મેળવવામાં આવ્યા હતા. માહિતીનું કોડીંગ કર્યા પછી ગુજરાત યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરમાં કી-પંચીંગ કરાવ્યું અને કેલિકો મિલના કોમ્પ્યુટરની મદદથી મેગ્નેટિક ટેપ પર ડેટા ટ્રાન્સફર કર્યા હતા. માહિતીનું વિગતવાર પૃથક્કરણ મેં વિસ્કોન્સિન પાછા ફર્યા પછી કર્યું હતું. આ અભ્યાસ અંગે એક સંશોધન પેપર 1971માં પ્રસિદ્ધ થયું હતું મને વિસ્કોન્સિન

યુનિવર્સિટીમાં મારા આભ્યાસ અને સંશોધન કાર્ય ઉપરાંત સમાજશાસ્ત્ર વિભાગની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની અને પ્રો. સુવેલ સાથે નિકટમાં વિવિધ કામ કરવાની તક મળી મારું ઘડતર થયું તેનો યશ ભારત પાછા ફર્યા પછી મેં કરેલા શૈક્ષણિક અને સંશોધન કાર્યને મળ્યો છે.

**ભારતમાં શરૂઆત**

હું ભારત પાછા આવવા માટે ઈચ્છતો હતો; તે માટે અરજી કરતો હતો. દિલ્હીમાં શ્રીરામ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડસ્ટ્રીઅલ રિસર્ચમાં ઇન્ટરવ્યુ આપ્યો. મને કોઈ ઓફર ન મળી. તે વખેત પ્રો. નારાયણ શેઠને પહેલી વાર મળ્યો હતો. ત્યારબાદ, કોલકતા IIMમાં ઇન્ટરવ્યુ આપ્યો. તેના ડાયરેક્ટર પ્રો. કૃષ્ણમોહને મને અધ્યાપક તરીકે ઓફર આપવાની તૈયારી બતાવી, પરંતુ હું પહેલીવાર કોલકતા ગયો હતો એટલે કે ગમે તેમ મને કોલકતામાં રહેવા માટે મન ન થયું અને મેં ના પાડી. હું ત્યાં પ્રો. અલઘને પહેલી વાર મળ્યો; તેમણે મને અમદાવાદમાં સ્થપાયેલી સરદાર પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ રિસર્ચની વાત કરી હતી, જેની મને જાણ ન હતી. હાર્વર્ડ યુનિવર્સિટીમાં અમદાવાદની IIMમાં અધ્યાપકની જગા માટે બોસ્ટનમાં ઇન્ટરવ્યુ આપ્યો. હું ત્રણ મહિનામાં મારું વિન્સકોન્સિનમાં ચાલુ કામ પૂરું કરીને હાજર થઈ શકું તેમ ન હતો એટલે મને ઓફર ન મળી. ભારતમાં નોકરી મેળવવા માટે મારા પ્રયત્નો ચાલુ હતા. તેવામાં પ્રો. સુવેલ જાપાન જતાં રસ્તામાં નવી દિલ્હી રોકાયા હતા. તેમને ફોર્ડ ફાઉન્ડેશનના ભારત સરકાર સાથે કુટુંબનિયોજનના પ્રોજેક્ટ માટે અમેરિકામાં અભ્યાસ કરીને પાછા આવવા ઈચ્છતા હોય તેવા ભારતીય વિદ્યાર્થીઓ માટેના એક પ્રોગ્રામની તેમને જાણ થઈ; તેમણે મને ફોર્મ મોકલી આપ્યું. મને રસ પડ્યો, મેં ફોર્મ ભરીને મોકલી આપ્યું. પ્રો. સુવેલ અમેરિકા પાછા આવ્યા ત્યારે તેમણે મને કહ્યું કે ફોર્ડ ફાઉન્ડેશનના ભારતના પ્રતિનિધિ ડૉ. દગલાસ એન્સમિન્ગર શિકાગો આવશે ત્યારે મને ઇન્ટરવ્યુ માટે બોલાવશે. હું ઇન્ટરવ્યુ કોલની રાહ જોતો હતો તેવામાં એક દિવસ મારા ઉપર ડૉ. એન્સમિન્ગરનો ફોન આવ્યો કે 'વિમલ, તું ક્યારે જોડાય છે?' મને નવાઈ લાગી; મેં કહ્યું 'હું ઇન્ટરવ્યુ માટેના કોલની રાહ જોઉં છું.' તેમણે કહ્યું, 'પ્રો. સુવેલની ભલામણ છે; કોઈ ઇન્ટરવ્યુની જરૂર નથી. તું આવવા તૈયાર છે?' મેં હા પાડી અને તેમણે મને એપોઈન્ટમેન્ટ લેટર મોકલી આપ્યો. હું 1969ના ડિસેમ્બર માસમાં ફોર્ડ ફાઉન્ડેશન, નવી દિલ્હીમાં પ્રોગ્રામ એસોસિયેટ તરીકે જોડાયો.

મારે દિલ્હીમાં ભાડાનું ઘર શોધવાનું હતું. મને સાઉથ એક્ષટેન્શન ભાગ-2માં એક બે બેડ રૂમ (બાથરૂમ સાથે), ડ્રોઈંગ-ડાઈનિંગ, રસોડુ, ગેરેજ, 24 કલાક ઠંડા-ગરમ પાણીની સગવડવાળું એપાર્ટમેન્ટ ભાડે મળ્યું અને મેં મારી જરૂરિયાત પ્રમાણે ફર્નિચર, વાસણ વગેરેની ખરીદી કરી રહેવાનું શરૂ કર્યું ત્યાં સુધી હું ગુજરાત ભવનમાં રહ્યો. વળી, મને હું મારી સાથે ફોરેન એક્ષચેન્જમાં મૂડી લાવ્યો હોવાથી મને ફિયાટ કાર ત્રણ અઠવાડિયામાં મળી અને મારું દિલ્હીમાં જરૂરી સગવડ સાથે રહેવાનું શરૂ થયું.

ફોર્ડ ફાઉન્ડેશને મને ભારત સરકારના National Family Planning Instituteમાં કામ માટે મૂક્યો. ત્યાં મારું કામ મુખ્યત્વે કરીને કુટુંબ નિયોજનના ક્ષેત્રમાં સામાજિક સંશોધન કરવા રિસર્ચ ગ્રાન્ટ માટે જે અરજીઓ આવે તે તપાસી સમિતિ સમક્ષ મારો વિગતવાર અભિપ્રાય આપવાનું હતું. આ કાર્યક્રમ નવો હતો. આવેલી અરજીઓમાં સંશોધન પદ્ધતિની દૃષ્ટિએ ઉણપો જોવા મળે, તેને કારણે અરજી નામંજૂર કરવાનું મને ઠીક ન લાગતું. એટલે હું પ્રત્યેક અરજીની ઉણપો દર્શાવ્યા પછી તે બધી કઈ રીતે દૂર કરી શકાય અને ફરીથી પ્રસ્તાવ કરવા માટેના માર્ગદર્શન સાથે નોંધ કરતો હતો. મારા આ અભિગમની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવા માટેની સમિતિએ પ્રસંસા કરી. વળી, દક્ષિણ ભારતમાં મદુરાઈ ડિસ્ટ્રિક્ટના ગાંધીગ્રામ ખાતે ફોર્ડ ફાઉન્ડેશનની સહાયથી રૂરલ હાયર ઈન્સ્ટિટ્યૂટના અધ્યાપકો માટે ચાર અઠવાડિયાનો Research Methods and Statistical Analysis in Social Sciences પર એક વર્કશોપ

ચલાવવાની જવાબદારી ફોર્ડ ફાઉન્ડેશનને મને સોંપી, જે મેં એક અમેરિકન પ્રોફેસરે સાથે મળીને પૂરી કરી. ટૂંકમાં, હું મારા કામમાં ગોઠવાયો હતો.

થોડા મહિના બાદ તારાબહેન દિલ્હી આવેલા મને ત્યાં સારી રીતે રહેતો જોઈ આનંદ પામ્યા. પરંતુ ફોર્ડ ફાઉન્ડેશનની સગવડ જોઈને મને કહે કે 'અહીં અને અમેરિકાની સગવડમાં કોઈ ખાસ તફાવત નથી; જો મોડાવહેલા પણ ભારતમાં કોઈ યુનિવર્સિટીમાં કામ કરવું હશે તો તમને ફાવશે નહિ, માટે મારે બીજી કોઈ નોકરી વહેલી તકે શોધવી જોઈએ.' વધુમાં તેમણે ઉમેર્યું કે ગુજરાત યુનિવર્સિટીમાં રીડરની જગા ખાલી છે, અરજી કરવાની છેલ્લી તારીખ વીતી ગઈ છે, પરંતુ જો યુનિવર્સિટી મને ઇન્ટરવ્યુ માટે બોલાવે ત્યારે હું અમદાવાદ ઇન્ટરવ્યુ આપવા તૈયાર હોઉં તો મને ખાસ કેસ તરીકે ઇન્ટરવ્યુ માટે બોલાવવા યુનિવર્સિટીને લખવા તેઓ તૈયાર છે. ફોર્ડ ફાઉન્ડેશન સાથે મારો પાંચ વર્ષ માટેનો કોન્ટ્રેક્ટ અને પગાર વગેરેનો તફાવત જોતાં હું આ નોકરી છોડવા ઉત્સાહિત ન હતો, પરંતુ અમદાવાદમાં કામ કરવાની આવી તક જલ્દી મળે નહિ તેવી ગણતરીએ મેં હા પાડી. તારાબહેને યુનિવર્સિટીને લખ્યું, મેં ઇન્ટરવ્યુ આપ્યો અને મારી પસંદગી થઈ. મેં રાજીનામું મૂક્યું તે મારા સહકાર્યકરો તથા ઉપરીઓને યોગ્ય ન લાગ્યું. પરંતુ, મારી માબાપ સાથે રહેવાની અને ગુજરાત યુનિવર્સિટીમાં તારાબહેન જેવા પ્રોફેસરના હાથ નીચે કામ કરવાની મારી ઇચ્છાની ગણતરીએ પગારનો તફાવત મારે માટે અગત્યનો નથી તેમ કહી રાજીનામું પાસ કરવા માટે આગ્રહ કર્યો. મારું રાજીનામું મંજૂર થયું. મને નાણાકીય રીતે મદદરૂપ થવાના હેતુથી અમારા વિભાગના ઉપરી ડૉ. જિમ ગોડાર્ડે મને વેકેશન દરમ્યાન ફોર્ડ ફાઉન્ડેશનમાં ત્રણ મહિના consultant તરીકે કામ કરવા માટે નિમણૂક આપી. હું ગુજરાત યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્રના રીડર તરીકે જોડાયો. ત્યારબાદ મેં યુનિવર્સિટીની પરવાનગી માગી, પરંતુ યુનિવર્સિટીએ મને માત્ર પાંચ દિવસ માટે રજા આપી. આવા ટૂંકા સમયમાં કોઈ એક કામ થઈ શકે નહિ એટલે હું consultant તરીકે કામ કરી શક્યો નહિ.

**ગુજરાત યુનિવર્સિટીમાં કામગીરી**

હું ગુજરાત યુનિવર્સિટીમાં ઓક્ટોબર, 1970માં જોડાયો ત્યાર પછી તરત જ મને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવાની તક મળી અને મને અહીં ગોઠવાઈ જવાની એક સ્વાભાવિક પ્રક્રિયા જ બની ગઈ. મારા યુનિવર્સિટીમાં જોડાયા પછી ત્રણ જ મહિનામાં કાઉન્સિલ ફોર સોશિયલ રીસર્ચના પ્રમુખ ડૉ. દુર્ગાબાઈ દેશમુખે અમદાવાદમાં Population Policy and Programmes અંગે Western Regional Conference બોલાવવા માટે નાણાકીય સહાય આપી. મેં ફોર્ડ ફાઉન્ડેશનની મદદથી પ્રોગ્રામને લગતા વિવિધ ચાર્ટ બનાવરાવી એક માહિતી સભર પ્રદર્શન પણ ગોઠવ્યું હતું. મારા કામથી ડૉ. દુર્ગાબાઈ દેશમુખ, આમંત્રિત વિદ્વાનો, તારાબહેન તથા યુનિવર્સિટી, બધાને સંતોષ થયો. સમાજવિદ્યા ભવન તથા યુનિવર્સિટીના એડમિનિસ્ટ્રેશનનો પણ ઘણો સહકાર મળ્યો. આવી કોન્ફરન્સ અંગેનું કામ કરવાનો મારો આ પ્રથમ અનુભવ હતો. મારા આ અનુભવના આધારે તારાબહેને બીજા જ વર્ષે All India Sociology Conference નું આયોજન કર્યું અને ડિપાર્ટમેન્ટે તે કામ પણ સફળતાપૂર્વક પાર પાડ્યું. ગુજરાત સરકારની નાણાકીય સહાયથી મેં Untouchability In Gujarat પર એક સેમિનાર યોજ્યો. તેમાં આમંત્રિત વિદ્વાનોના લેખો અગાઉથી મેળવી, એડિટ કરી, છપાવી બધાને વહેંચવામાં આવ્યા. સેમિનાર ખૂબ સફળ થયો. આવી કોન્ફરન્સમાં ભારતભરના ઘણા સામાજિક શાસ્ત્રીઓએ ભાગ લીધો હતો. તેમાંના ઘણા સાથે પરિચયમાં આવવાની મને તક મળી. હું વિસ્કોન્સિનની માફક મોડા કે રજાના દિવસે પણ કામ કરી શકું એવી સવગડ પણ મને મળી; મને મારા કામથી સંતોષ થયો.

મને એમ.એ. ભાગ 1ના વિદ્યાર્થીઓને સંશોધન પદ્ધતિઓ શીખવવાનું સોંપવામાં આવ્યું. મને તેના અભ્યાસક્રમમાં સુધારાવધારા કરવાની જરૂર જણાઈ. મારો ગાંધીગ્રામમાં એક વર્કશોપ કરવાનો અનુભવ હતો. હું

આઈ.સી.એસ.આર.ની કમિટી ઓન ટ્રેનિંગનો સભ્ય હતો, તેના મોડેલ અભ્યાસક્રમને અનુલક્ષીને મેં SYBA, MA I, તથા MA II ના સામાજિક સંશોધન પદ્ધતિઓના અભ્યાસક્રમમાં સુધારાવધારા સૂચવ્યા, જે તારાબહેનના પ્રયત્નોથી યુનિવર્સિટીએ સ્વીકાર્યા અને 1971ના શૈક્ષણિક વર્ષથી મેં નવો અભ્યાસક્રમ શીખવવાની શરૂઆત કરી. હું સંશોધન પદ્ધતિઓ અને આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ ઉપરાંત ગ્રામીણ સમાજશાસ્ત્ર, શિક્ષણનું સમાજશાસ્ત્ર અને સામાજિક સ્તરરચનાના અભ્યાસક્રમો શીખવતો હતો. મારી કારકીર્દિ દરમ્યાન અધ્યાપન અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન ઉપરાંત મારી શૈક્ષણિક કામગીરીના મુખ્યત્વે ત્રણ પ્રવાહો હતા : (1) સ્થાનિક સંશોધન સંસ્થાઓનાં સંશોધનકાર્યમાં સહકાર (2) સામાજિક સંશોધન પદ્ધતિઓના તાલિમ કાર્યક્રમોમાં ભાગ અને (3) મારું સંશોધનકાર્ય. આ ત્રણે પ્રકારનું કામ સાથોસાથ ચાલતું હતું.

**સ્થાનિક સંશોધન સંસ્થાઓ અને સંશોધનકાર્યમાં સહકાર**

મારી સમગ્ર કારકિર્દી દરમ્યાન અને સ્થાનિક સંશોધન સંસ્થાઓ સાથે કામ કરવાની ઘણી તક મળી. 1973માં પ્રો. યશપાલે મને બોલાવ્યો. તે વખતે ઇસરોને નાસા તરફથી એક વર્ષ માટે ATSF સેટેલાઈટ વાપરવા મળવાનો હતો તેના અનુસંધાનમાં જે SITE પ્રોગ્રામ શરૂ કરવાનો હતો તેના સામાજિક મૂલ્યાંકન માટેનો સંશોધન પ્લાન તૈયાર કરવા મને વાત કરી. મેં સહર્ષ આ કામ કન્સલટન્ટ તરીકે કરવા સંમતિ આપી; મેં એક વર્ષનો સામાજિક સંશોધન પ્લાન તૈયાર કર્યો, નાસાની ટીમ સમક્ષ રજૂ કર્યો અને તે મંજૂર થયો. આ પ્રોજેક્ટ પછી પણ ઈસરોના સામાજિક સંશોધન અંગેના કામ સાથે હું વિવિધ રીતે સંકળાયેલો રહ્યો અને નિવૃત્ત થયા પછી મેં તેના DECU વિભાગ સાથે રહીને ઝાબુહા જિલ્લામાં પ્રસારિત કરવામાં આવતા ટી.વી. કાર્યક્રમને પરિણામે આવેલા સામાજિક-આર્થિક-શૈક્ષણિક પરિવર્તન અંગેના પ્રોજેક્ટ પર કામ કર્યું. સ્કૂલ ઓફ પ્લાનિંગની શરૂઆત થઈ ત્યારે પ્રો. ક્રિસ બેનિનજર સાથે મળીને વિદ્યાર્થીઓ માટેના સમાજશાસ્ત્રના અભ્યાસક્રમની રૂપરેખા તૈયાર કરી. મેં તથા વિભાગના અન્ય અધ્યાપકોએ સ્કૂલ ઓફ પ્લાનિંગમાં સમાજશાસ્ત્રનું એક પેપર લગભગ બે વર્ષ સુધી ત્યાં સમાજશાસ્ત્રના લેક્ચરરની નિમણૂક થઈ ત્યાં સુધી શીખવ્યું હતું. સરદાર પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ રિસર્ચમાં પ્રો. લાકડાવાલા સાહેબના કહેવાથી થોડા સમય સુધી કામ કર્યું તે દરમ્યાન પ્રો. અતુલ શર્મા અને ભાનુબહેન પરીખ સાથે ગુજરાત રાજ્યમાં શરૂ કરેલા Adult Education Programme અંગે અભ્યાસ કર્યો હતો. ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ એરિયા પ્લાનિંગ (અને હવે ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ ડેવલપમેન્ટ રિસર્ચ) સાથે શરૂઆતથી સંકળાયેલો હતો અને તેના વિવિધ સંશોધન કાર્યક્રમોમાં જોડાયો હતો. નિવૃત્ત થયા પછી પ્રો. પ્રવીણ વિસારિયા અને પ્રો. નારાયણ શેઠ સાથે મળીને શ્રી પાંડુરંગ શાસ્ત્રીના સ્વાધ્યાય કાર્યક્રમનો અભ્યાસ કર્યો હતો. તાલીમ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટના ડાયરેક્ટર પ્રો. બિનોદ અગ્રવાલ સાથે મતદારોનાં વલણો અંગેના ઘણા અભ્યાસોમાં સાથ આપ્યો હતો. જ્યોતિ સંઘ તથા સેવાના સંશોધનકાર્યમાં કાર્યકરોની તાલીમ તથા ડેટાના કોમ્પ્યુટરાઈઝેશન અને પૃથક્કરણમાં અવારનવાર મદદ કરવાની તક મળી હતી.

**સામાજિક સંશોધન પદ્ધતિઓના તાલીમ કાર્યક્રમોમાં ભાગ**

આઈ.સી.એસ.આર.ની નાણાકીય સહાયથી મેં એક આઠ અઠવાડિયાની Research Methods and Statistical Analysis in Social Sciences ઉપર એક વર્કશોપ કરી. તેમાં ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોના પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓ, સંશોધકો તથા અધ્યાપકોએ ભાગ લીધો. સમાજશાસ્ત્ર વિભાગના બધા અધ્યાપકોએ તેમાં અધ્યાપન કાર્ય વગેરે પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. વર્કશોપમાં ભાગ લેનારા સૌને Research Methodsનાં કેટલાંક પાઠ્ય પુસ્તકો આપવામાં આવ્યાં હતાં; ઉપરાંત બધાં વ્યાખ્યાનો અને ચર્ચાની વિગતવાર નોંધ પણ વહેંચવામાં આવી હતી. આ વર્કશોપ બધાંને શૈક્ષણિક દૃષ્ટિએ ઘણી ફળદાયક લાગી. એટલે, બીજે વર્ષે યુ.જી.સી.ની નાણાકીય સહાયથી આવી એક વર્કશોપ વિભાગના સર્વ સભ્યોના સહકારથી કરવામાં આવી

હતી. વધુમાં, ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશિયલ સાયન્સીઝ, મુંબઈ, સેન્ટર ફોર સોશિયલ સ્ટડિઝ, સુરત વગેરે સંસ્થાઓએ યોજેલી આવી વર્કશોપમાં મેં રિસોર્સ પર્સન તરીકે પણ ભાગ લીધો હતો.

સામાજિક શાસ્ત્રોમાં સંશોધન પદ્ધતિઓ અંગેના મારા અધ્યાપનકાર્ય દરમ્યાન મારા ધ્યાનમાં એક બાબત આવી કે આ વિષય પરના પુસ્તકોમાં મુખ્યત્વે પશ્ચિમના વિકસિત દેશોનાં ઉદાહરણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જો વિકસતા તથા અલ્પ વિકસિત દેશોનાં ઉદાહરણોનો પાઠ્ય પુસ્તકોમાં ઉપયોગ કરવામાં આવે તો સંશોધન પદ્ધતિની આંટીઘૂંટીની વિદ્યાર્થીઓને યથાર્થ સમજ પડવામાં સહાય મળે. આ અરસામાં, નસીબ જોગે મારે Agricultural Council of New York ના South-east Asia ના પ્રતિનિધિ ડૉ. બ્રાયન્ટ કર્લ (જેઓને હું મારા અભ્યાસ દરમ્યાન વિસ્કોન્સિન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર તરીકે ઓળખતો હતો) ને મળવાનું થયું. મેં તેમને મારા આ વિચાર અંગે વાત કરી, તેમને મારું સૂચન પસંદ પડ્યું તેમણે South-east Asia ના જુદા જુદા દેશોના સામાજિક શાસ્ત્રોના અધ્યાપકો/વિદ્વાનોને નિમંત્રીને એક સેમિનારનું આયોજન કર્યું. તેમાં આ સૂચન અંગે વિગતવાર ચર્ચાવિચારણા થઈ. પરિણામે, સામાજિક શાસ્ત્રોની સંશોધન પદ્ધતિઓના શિક્ષણમાં South-east Asiaના દેશોના અનુભવોને અનુલક્ષીને યોગ્ય ઉદાહરણો સામેલ કરવામાં આવે તેવું સાહિત્ય તૈયાર કરવા માટેની યોજના તૈયાર થઈ. ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, ફિલિપાઈન્સ, ઈન્ડોનેસિયા, થાઈલેન્ડ વગેરે દેશોના અધ્યાપકોના એક ગ્રૂપની રચના કરવામાં આવી અને તૈયાર કરેલા અભ્યાસક્રમના જુદા જુદા ભાગો ઉપર બધાએ લખેલી નાની નાની પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરવામાં આવી. મેં Research Design અને Reporting Research પુસ્તિકાઓ લખી હતી. આ પુસ્તિકાઓ ભારતમાં ચાલતા વિવિધ તાલીમ કાર્યક્રમોમાં વહેંચવામાં આવી હતી.

યુનેસ્કોના South-east Asiaના પ્રતિનિધિ ડૉ. યોગેશ અટલ પણ South-east Asia ના દેશોમાં સામાજિક સંશોધનને વધારે સંગીન બનાવવાના એક ઉપાય તરીકે સામાજિક સંશોધન પદ્ધતિઓ ઉપર બે-ત્રણ અઠવાડિયાના તાલીમ વર્કશોપ યોજતા હતા. તેઓને મારા આ અંગેના અનુભવની જાણ થઈ; તેમણે મને તેમના કાર્યક્રમમાં સહ-અધ્યાપક તરીકે જોડાવા આમંત્રણ આપ્યું. અમે બંનેએ સાથે મળીને બૅંગકોક, મનિલા, સોલ, હેનોઈ, કોલંબો, દિલ્હીમાં Social Science Research Methods, Computerization of data and Statistical analysis ને આવરી લેતા વર્કશોપ કરી. છેલ્લે, Use of computer in India Universities ના કેનેડાની રજાઈના યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટીના એક સંયુક્ત પ્રોજેક્ટના આશ્રયે મેં Computerization of data and use of SPSS programme package for multivariate statistical analysis ઉપર અમદાવાદમાં એક પાંચ દિવસના વર્કશોપમાં અધ્યાપનકાર્ય કર્યું.

**મારું સંશોધનકાર્ય**

મારા પોતાના સંશોધનકાર્યની વાત કરતાં પહેલાં ગુજરાત તથા અખિલ ભારતીય કક્ષાએ સંશોધન કાર્યક્રમોમાં ભાગ લેવાની મને જે તક મળી તેની ટૂંકમાં વાત કરીશ. ગુજરાતમાં નર્મદા નદી ઉપર સરદાર સરોવર બંધના પ્રોજેક્ટની શરૂઆત થવાની સાથે તેને પરિણામે અસરકર્તા લોકોના સામાજિક-આર્થિક અભ્યાસ કરવાની આવશ્યકતા ઊભી થઈ. આ અંગે બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિક્સના વડા શ્રી પી.બી.બૂચ સાથે યોજનાનો ડ્રાફ્ટ તૈયાર કર્યો. સામાજિક સંશોધન અંગેના નર્મદા પ્લાનિંગ ગ્રૂપના સભ્ય તરીકે કામ કર્યું અને કાળક્રમે, નર્મદા કંટ્રોલ ઓથોરિટીના રિસર્ચ એન્ડ રીહેબિલિટેશન સમિતિના સભ્ય તરીકે શરૂઆતથી કામ કર્યું. ગુજરાત સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ/કોમ નક્કી કરવા માટે નીમેલા બક્ષી પંચના આશ્રયે ગુજરાતમાં કરવામાં આવેલા સામાજિક સર્વેક્ષણના આયોજન, સંશોધન મદદનીશોની તાલીમ તથા ડેટાના કોમ્પ્યુટર એનાલિસિસમાં મદદ કરી. આઈ.સી.એસ.આર. તરફથી સમગ્ર ભારતમાં હાઈસ્કૂલ તથા કૉલેજમાં અભ્યાસ કરતા

શેડ્યુલ કાસ્ટ તથા શેડ્યુલ ટ્રાઈબના વિદ્યાર્થીઓનો એક અભ્યાસ પ્રો. આઈ.પી.દેસાઈની રાહબરી નીચે સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સેન્ટરના ઉપક્રમે કરવામાં આવ્યો હતો. આ અભ્યાસ માટે સમગ્ર ભારતમાં જુદા જુદા રાજ્યોમાં થઈને 14 અનુસૂચિત જાતિના અને 14 અનુસૂચિત જનજાતિના અભ્યાસ માટે કુલ 28 પ્રોજેક્ટ ડાયરેક્ટર હતા. તેમની મારફતે તેમના વિસ્તારમાંથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી એકઠી કરવામાં આવતી. તેનું કોડિંગ સુરતમાં થતું અને કોમ્પ્યુટરાઈઝેશન અમદાવાદમાં કરવામાં આવતું. હું કોમ્પ્યુટર આઉટ-પુટની એક નકલ પ્રો. દેસાઈ સાહેબને અને એક નકલ જે તે પ્રોજેક્ટ ડાયરેક્ટરને મોકલતો હતો. જુદા જુદા રાજ્યોની પેટા જાતિ અને જનજાતિના નામે ઉમેરીને આઉટ-પુટનો ઉપયોગ કરી ટેબલ તૈયાર કરવા તથા આંકડાશાસ્ત્રીય ટેસ્ટ માટે કયા માપદંડની પસંદગી કરવી તે અંગેની માર્ગદર્શિકા સાથે મોકલતો હતો. આ અભ્યાસના ડેટાનું કોમ્પ્યુટરાઈઝેશન અને પૃથક્કરણનું કામ મેં ગુજરાત યુનિવર્સિટીના કોમ્પ્યુટર સેન્ટર અને પી.આર.એલ.ના કોમ્પ્યુટર સેન્ટરની મદદથી કર્યું હતું. જ્યારે જુદા જુદા પ્રોજેક્ટ ડાયરેક્ટરના રિપોર્ટ આવ્યા ત્યારે જોવા મળ્યું કે કેટલાકને સ્ટેટીસ્ટીકલ પૃથક્કરણ કરવાનું ફાવ્યું ન હતું અને માત્ર મેં મોકલેલા આઉટ-પુટ સીધે સીધા રિપોર્ટમાં મૂકી દીધા છે. આથી તેમના રિપોર્ટમાં હતું અને માત્ર મેં મોકલેલા આઉટ-પુટ સીધે સીધા રિપોર્ટમાં મૂકી દીધા છે. આથી તેમના રિપોર્ટમાં સુધારા-વધારા કરવાના આશયથી ટાટા ઈન્સ્ટિટ્યૂટમાં એક ત્રણ અઠવાડિયાનો વર્કશોપ ચલાવ્યો. પરંતુ તે અમારી ઈચ્છા પ્રમાણે ફળીભૂત ન થયો. આ પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની મને ઘણી તક મળી, અનુભવ મળ્યો અને ઘણા વિદ્વાનોના પરિચયમાં આવવાનું બન્યું. છેવટે મેં બધા પ્રોજેક્ટની માહિતીને સમગ્ર ભારતના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના હાઈસ્કૂલ અને કૉલેજના વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રશ્નોનો વિગતવાર ખ્યાલ આવે એવા કોઠાના આધારે એક રિપોર્ટ તૈયાર કર્યો, જે એલાઈડ પબ્લીશર્સે પ્રસિદ્ધ કર્યો છે.

મારા બધા સંશોધનોના રિપોર્ટ છપાયેલા છે, એટલે તે બધાંની વાત કરવાની જરૂર નથી; માત્ર કેટલાક અભ્યાસો અંગે ટૂંકમાં વર્ણન કરીશ. (મારાં પ્રકાશનોની યાદી છેલ્લે આપી છે.) મારો મુખ્ય રસ સામાજિક સ્તર રચના અને તેમાં કરીને શૈક્ષણિક અને વ્યસાયિક આકાંક્ષા અને પ્રાપ્તિ સાથે સંકળાયેલાં પરિબળોનો અભ્યાસ કરવામાં છે. યુનિવર્સિટીમાં જોડાયા પછી તરત જ અનુસૂચિત જાતિ અને જનજાતિમાં શિક્ષણના પ્રમાણ અંગે ઉપલબ્ધ માહિતીનો અભ્યાસ કર્યા પછી વિદ્યાર્થીઓમાંથી કોણે પોસ્ટ-મેટ્રિક સ્કોલરશીપનો લાભ લીધો છે તે જાણવામાં હતો. આ માટે નવેસરથી સર્વેક્ષણ કરવાને બદલે મેં અને તારાબહેને સમાજ કલ્યાણ વિભાગનો સંપર્ક કરી આ પ્રકારના અભ્યાસ માટે તેઓ અમને વિદ્યાર્થીઓએ ભરેલાં મૂળ ફોર્મ્સ આપશે એવી બાંહેધરી મેળવી અને ત્યારબાદ આઈ.સી.એસ.આર.ને સંશોધન ગ્રાન્ટ માટે અરજી કરી. આ પ્રકારની અમારી તૈયારીને પરિણામે અમારી અરજી જલદીથી મંજૂર થઈ. અમે ઉપલબ્ધ માહિતીના આધારે 1967-68 થી 1971-72ના પાંચ વર્ષના ગાળા દરમ્યાન શું પરિવર્તન આવ્યું છે તે જાણવા માટે બધાં ફોર્મ્સ મેળવવાનો પ્રયત્ન કર્યો. સરકારી તંત્રમાં કોઈ રેકોર્ડ ફેંકી દેવામાં આવતો નથી તેમ તેની ભાગ્યે જ ક્રમાનુસાર સાચવણી કરવામાં આવે છે તેનો અમને અનુભવ થયો. આ વર્ષો દરમ્યાન સમાજ કલ્યાણ વિભાગની ઑફિસ જુદી જુદી જગાએ લઈ જવામાં આવી હતી તેમ તેનો જૂનો રેકોર્ડ પણ ક્યાં છે તેની માહિતી મેળવવાનું મુશ્કેલ હતું. પરંતુ તારાબહેનના સતત પ્રયત્નોને પરિણામે અમે 82.51% અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના અને 92.30% અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના ફોર્મ્સ મેળવી શક્યા હતા. આ અભ્યાસનું મુખ્ય તારણ એ હતું કે આ યોજનાનો લાભ અમુક જ જાતિ (વણકર, ગરોડા, માહ્યાવંશી અને રોહિત/સામગર/નાલિયા) અને જનજાતિ (ધોડિયા, ચોધરી, ભીલ, ધોગરી ગરાસિયા અને ગામિત)ના વિદ્યાર્થીઓએ મોટે ભાગે લીધો છે, જ્યારે 28 જાતિ

અને 23 જનજાતિમાંથી એક પણ વિદ્યાર્થીએ તેનો લાભ લીધો ન હતો. આ પાછળનાં કારણો અંગે અત્રે ચર્ચા કરતો નથી; મારો મુખ્ય હેતુ ઉપલબ્ધ માહિતીના ઉપયોગ અંગેનું એક ઉદાહરણ આપવાનો જ છે.

હવે, એક સર્વેક્ષણ અંગે વાત કરીશ. અમે 1961 થી 1971ના વસતી ગણતરીના અહેવાલોના અભ્યાસ પરથી અમને જાણવા મળ્યું કે અખિલ ભારત તથા ગુજરાતમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્ય વર્ગોના લોકોમાં સાક્ષરતા, નિશાળમાં દાખલ થવાના અને શિક્ષણ પ્રાપ્તિ અંગેના આંકડામાં ઘણો તફાવત છે; અને આ તફાવત પુરુષ-સ્ત્રી વચ્ચે તેમજ ગામડાં-શહેરો વચ્ચે મોટા પ્રમાણમાં છે અને જેમ જેમ શિક્ષણના ઉચ્ચ સ્તર તરફ જઈએ તેમ તેમ આ તફાવત વધતો જાય છે. અમે ઉપલબ્ધ માહિતીના આધારે જે ચિત્ર ઉપસ્યું તેના પરિપ્રેક્ષ્યમાં ગુજરાતના આદિવાસીઓનો અભ્યાસ કરવા માટે ગુજરાત સરકાર પાસે ગ્રાન્ટની અરજી કરી અને તે મંજૂર થઈ. ગુજરાતના 72% આદિવાસીઓ ટ્રાયબલ સબ-પ્લાન વિસ્તારમાં રહેતા હતા, એટલે અમે આ વિસ્તારના જે 32 તાલુકામાં આદિવાસી વસતી 50% ટકા કરતાં વધુ હતી તેનો અભ્યાસમાં સમાવેશ કરવાનો નિર્ણય કર્યો. અમારી એક ઉપકલ્પના એ હતી કે જે ગામમાં બિનઆદિવાસીઓની વસતી વધારે હોય અને સગવડ વધારે હોય તેવા ગામના આદિવાસી વિદ્યાર્થીઓ પણ બિનઆદિવાસીઓનું અનુકરણ કરીને વધારે શિક્ષણ મેળવવા પ્રેરાય. અમારો હેતુ આ તાલુકાના ગામડાંનું રેન્ડમ અને રિપ્રેઝન્ટેટીવ સેમ્પલ મેળવવાનો હતો. અમે બધાં ગામડાંમાં ઉપલબ્ધ સગવડના અંક નક્કી કર્યા, અને પ્રત્યેક તાલુકામાંથી એક ગામ જે જેનો વિકાસ અંક ઊંચો હોય, પરંતુ આદિવાસી વસતી ઓછી હોય અને બીજું ગામ કે જેનો વિકાસ દર નીચો પણ આદિવાસી વસતી વધારે હોય તે રીતે રેન્ડમ સેમ્પલની પસંદગી કરી. અમે કુલ 64 ગામોનાં 15861 ઘરોની માહિતી મેળવી. તેના આધારે સ્તરિત સેમ્પલ પદ્ધતિનો ઉપયોગ કરીને પ્રત્યેક ગામમાંથી ઓછામાં ઓછાં 10 ઘરની પસંદગી એવી રીતે કરી કે જેથી સેમ્પલમાં બધી મોટી આદિવાસી જાતિનો સમાવેશ થાય. અમે કુલ 864 ઘરની પસંદગી કરી. અમે સંશોધન મદદનીશોને તાલિમ આપી. મુલાકાત અનુસૂચિનું 19 તાલુકાના 22 ગામોના જુદા જુદા 19 આદિવાસી જાતિના ઉત્તરદાતાઓની મુલાકાત દ્વારા પૂર્વ-પરીક્ષણ કર્યું. આ અભ્યાસમાં શ્રી ધીરુભાઈ દેસાઈએ શરૂઆતથી મદદ કરી. આદિવાસી વિસ્તારમાં માહિતી એકત્રીકરણ અને દેખરેખ રાખવાનું કામ કેટલું મુશ્કેલ છે તેનો મને જાત અનુભવ થયો.

મારી સમાજશાસ્ત્રની અભ્યાસયાત્રા પ્રો. તારાબહેન પટેલના માર્ગદર્શન હેઠળ શરૂ થઈ. તેઓ મારાં મેન્ટર હતાં. તેમણે મને અમેરિકા અભ્યાસ કરવા માટે પ્રેરણા આપી. વિસ્કોનસિન યુનિવર્સિટીના મુક્ત વાતાવરણ અને પ્રો. સુવેલની પ્રેરણા, માર્ગદર્શન અને મદદને પરિણામે મારા અભ્યાસનું વિસ્તરણ થયું. તારાબહેનની સમયસરની ટકોરને લીધે ફોર્ડ ફાઉન્ડેશનની નોકરી છોડીને ગુજરાત યુનિવર્સિટીમાં જોડાવાનું અને કામ કરવાનું સદ્‌ભાગ્ય મળ્યું.

અમદાવાદમાં શરૂઆતથી જ વિવિધ સંશોધન સંસ્થાઓ સાથે સંકળાવવાની અને કામ કરવાની તક મળી. મોટે ભાગે તારાબહેનના ત્યાં રહેતો હોવાથી તેમને ત્યાં જે સમાજશાસ્ત્રીઓ આવતા તે બધા સાથે પરિચયમાં આવવાનો અને વિચારવિનિમય કરવાનો લાભ મળતો. ડૉ. કાપડિયાને તો હું વિદ્યાર્થી હતો ત્યારે પહેલી વાર મળેલો અને તે પછી અમેરિકા જતાં અને ત્યાંથી પાછા વળતાં પણ તેમની સાથે મારા અનુભવોની વાત કરવાનું બન્યું હતું. પ્રો. આઈ.પી.દેસાઈ તારાબહેનને ત્યાં ઘણીવાર રહેવા આવતા અને તેમની સાથેની વાતચીતમાં સમાજશાસ્ત્રીય ઉપરાંત એક પ્રકારની કોઠાસૂઝથી સામાજિક પ્રશ્નોને જોવાની તેમની આગવી રીત પ્રેરણાદાયી હતી. હું સ્ટેટિસ્ટિકલ રીતે ડેટાનું અર્થકરણ કરું ત્યારે તે તેને વાસ્તવમાં જોવાનો પ્રયત્ન કરતા. પ્રો. ગોરે પણ અમદાવાદમાં આવતા ત્યારે શક્ય હોય ત્યારે તારાબહેનને ત્યાં રોકાતા. મારે ટાટા ઈન્સ્ટિટ્યૂટમાં તેમના કારણે જ અવારનવાર જવાનું બનતું

અને તેમના ઠીક ઠીક નિકટના પરિચયમાં આવવાનું બન્યું હતું. આઈ.સી.એસ.આર.ના પ્રોજેક્ટમાં સાથે કામ કરવાથી ડૉ. સુમા ચિટનિસનો પણ પરિચય થયો. અમદાવાદમાં, ઈસરો પ્રો. યશપાલ, પ્રો. ચિટનિસ, ડૉ. સુભાષ જોષી, ડૉ. બિનોદ અગ્રવાલ, બી.એસ.ભાટિયા, સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટના પ્રો. લાકડાવાલા, પ્રો. અલઘ, આઈ.આઈ.એમ.ના પ્રો. નારાયણ શેઠ, પ્રો. ગાયકવાડ, પ્રો. રવિ ધોળકિયા અને જી.આઈ.ડી.આર.ના પ્રો. પ્રવિણ વિસારિયા, ડૉ. લિલાબહેન વિસારિયા અને પોપ્યુલેશન કાઉન્સિલના અનુરૂધ જૈન વગેરે સાથે કામ કરવાની જે કાંઈ થોડી ઘણી તક મળી તેનાથી મારી કારકિર્દીનું ઘડતર થયું. પ્રો. અક્ષુભાઈ દેસાઈ અને ડૉ. નીરાબહેન દેસાઈને તો મુંબઈ અવારનવાર મળતો. આ બધા મહાનુભાવોનો ઉલ્લેખ કરવાનો મુખ્ય હેતુ એક જ કે તેમના પરિચયને કારણે મારી વિચારવાની અને કામ કરવાની પદ્ધતિનું ક્ષેત્ર વિસ્તર્યું હતું. સમાજવિદ્યા ભવનની ટી ક્લબ, સમાજશાસ્ત્રના અધ્યાપકોની માસિક મિટીંગ, વગેરેને કારણે સ્થાનિક કક્ષાએ સામાજિક શાસ્ત્રોના અધ્યાપકો સાથે આંતરક્રિયાઓ અને આંતર-સંબંધોની અમૂલ્ય તક મળતી હતી. સમાજવિદ્યા ભવન અને યુનિવર્ટીના સહકારથી વિવિધ સામાજિક સંશોધન સંસ્થાઓમાં કામ કરવાની તક અને સગવડ મળ્યાં. કોઈ કડવો અનુભવ ન થયો. કામ કરવાનો આનંદ મળ્યો. અમેરિકાથી પાછા આવ્યાનો કે ફોર્ડ ફાઉન્ડેશનની નોકરી છોડ્યાનો કદી અફસોસ ન થયો.

અમેરિકાથી પાછા આવ્યા પછી મહદ અંશે તારાબહેનને ત્યાં નિવાસ કર્યો. તેમના નિધન પછી તેમની ઇચ્છા અનુસાર તેમના ચેરિટેબલ ટ્રસ્ટની યોજનાને કાર્યાન્વિત કરી તેના સેક્રેટરી તરીકે કામ કરું છું. તારાબહેનના ભત્રીજા ડૉ. અમિત પટેલ તેના પ્રમુખ છે; મારો ભાઈ નલિન સહમંત્રી તરીકે મદદ કરે છે.

**PUBLICATION :**


1. "Attitudinal Change and Traditionalism in the Hindu Family," *Sociology Bulletin*, March 1965:77-89
2. "Socioeconomic Status, Intelligence, And the Attainment of Higher Education, "*Sociology of Education*, Winter 1967:1-23 (Jointly with Wm. H. Sewell)
3. "Some Further Comments on Neighbourhood Context and College Plans: A Response to the Turner, Michael and Boyle Critiques," *American Sociological Review*, vol. 31, October 1966: 707-712 (Jointly with Wm. H. Sewell and J. Michael Armer)
4. "Social Class, Parental Encouragement, and Educational Aspirations, "*The American journal of Sociology*, Vol. 73, March 1968:559-572 (Jointly with Wm. H. Sewell)
5. "Parents' Education and Children's Educational Aspirations and Achievements, American Sociological Review, vol.33, April 1968: 191-209 (Jointly with Wm. H. Sewell)
6. "Family in India" in jeffrey K. Hadden and Marie L. Borgatta (eds.) *Marriage and the Family : A Comprehensive Reader*, Itasca, ill.: F.E. Peacock, Publishers Inc., 1969 : 81-92 (Jointly with Tara Patel)
7. "Social Class and Educational Aspirations in an Indian Metropolis," *Sociological Bulletin,* September 1972 : 113-133 (Jointly with Tara Patel and Wm. H. Sewell)
8. *Research Design*, Singapore : The Agricultural Development Council, New York, 1972 (Revised edition : Rachana Prakashan, Ahmedabad, 1977)
9. *Reporting Research,* Singapore : The Agricultural Development Council, New York, 1972 (Revised edition : Rachana Prakashan, Ahmedabad, 1977) : also translated in Bhasha

indonesia and published as Menyusun Laporan Penelitian, Yogyakarte, Indonesia : Gadjah Mada University Press, 1985)
10. "Educational Achievements of the Scheduled Castes in Gujarat, "*Removal of Untouchability in Gujarat*, Ahmedabad : Department of Sociology, Gujarat University, 1973 : 50-66
11. "Mate Selection Theories and Educated Hindu Youths' Attitudes Towards Mate Selection, "in Dhirendra Narain (ed.) *Explorations in the Family and other Essays: Professor K. M. Kapadia Commemoration Volume*, Bombay : Thacker & Co., 1975 : 288-304
12. "The Longitudinal Study : Data Sources and Quality in Wm. H. Sewell and Robert M. Houser (Eds.) *Education, Occupation and Earnings: Achievements in the Earlier Career,* New Youk : Academic Press, Inc., 175 : 15-42 (jointly with Tara Patel)
13. *Who Goes to College ? Scheduled Caste/Tribe Post-matric Scholars in Gujarat*, Ahmedabad : Rachana Prakashan, 1977 (Jointly with Tara Patel)
14. *Adult Education Programme in Gujarat : An Appraisal*, Ahmedabad : Sardar patel Institute of Economic and Social Research Manograph Series 7, 1979 (Jointly with Atul Sarma and Bhanumati K. Parikh)
15. "An Assessment of Education Among the Scheduled Castes in Gujarat," In Vimal P. Shah (ed.), *Removal of Untouchability : Papers and Proceedings of a Seminar,* Ahmedabad : Department of Sociology, Gujarat University, 1980
16. *Removal of Untouchability, Papers and Proceedings of a Seminar* (ed.), Ahmedabad : Department of Sociology, Gujarat University, 1980
17. "Social Aspects of Demographic Change, "*Journal of Social and Economic Studies* Vol. VIII, September 1980 : 191-201
18. *The Educational Problems of Scheduled Caste and Scheduled Tribe School and College students in India* (A Statistical Profile), New Delhi: Allied Publishers Private Limited, 1982.
19. "Background Paper" in *Youth Related Indicators*, Bangkok: UNESCO Regional Office, 1983 : 51-62.
20. "Educational Development of the Tribals in Gujarat" in D.T. Lakdawala (ed.), *Gujarat Economy: Problems and Prospects*, Ahmedabad: Sardar Patel Institute of Economic and Social Research, 1983: 533-545.
21. *"Social Class, Awareness and Educational Attainment of Tribals" in Ghanshyam Shah and others, Tribal Education in Gujarat*, Delhi: Ajanta publications (India), 1985: 118-140.
22. *Social Contexts of Tribal Education*, New Delhi: Concept Publishing Co., 1985 (Jointly with Tara Patel).
23. *Reservation: Policy, Programmes and Issues* (ed.), Jaipur : Rawat Publications, 1986 (Jointly with Binod C. Agrawal).
24. "Social Class and Educationl and Occupational Attainments of the Scheduled Caste Postmatric Scholars in an Urban Setting," *International Perspectives on Education and Society*, vol.1, 1989: 99-114 (Jointly with B. S. Vaishnav).
25. "Indian Sociology", in Edgar F. Borgatta and Marie L. Borgatta (eds.) *Encyclopaedia of Sociology*, New York : Macmillan Publishing Company, 1992 : 896-901/

26. *Computer Technology for Higher Education (A Design Model for a Computerising University) vol. II : The Indian Experience,* New Delhi : Concept Publishing Company, 1993 (Jointly with Sarla Achuthan, Binod C. Agrawal, R. P. Soni and S. R. Thakor)
27. *The Elderly in Gujarat* (Report of a research project on "The Aged : their problems, social interventions and future outlook", financed by the Ministry of Welfare, Govt. of India), 1993 (miumeographed)
28. "Role of the Swadhyaya Parivar in Socio-economic Changes Among the Tribals of Khedasan : A Case Study," Working Paper No. 95, Gujarat Institute of Development Research (1998).
29. "The Elderly Residing in Homes for the Ages in Gujarat," Working Paper No. 99, Gujarat Institute of Development Research (1998)
30. *Jhabua Development Commucications Project JDCP)* : DECU, ISRO (2000)

**BOOK REVIEWS :**

1. Gerald Hursh-Cesar and Prodipto Roy (eds.), *Third World Surveys: Survey Research in Developing Nations*, Delhi : Macmillan, 1975 in *Social Change*, Vol.7, March 1977 : 41-44
2. Marris, David Marris and Michelle B.McAlpin, *Measuring the Comditions of India's Poor : The Physical Quality of Life Index*, New Delhi : Promila, 1982 in *Indian Book Chronicle*, Vol. VIII, no.8, April 16, 1983 : 158-160
3. Peter V. Marsden and Nan Lin (Eds., *Social Structure and Network Analysis*, Beverly Hills / London / New Delhi : *Sage Publications, 1982 and Ronalds, Burt/Michael J. Minor and Associates, Applied Network Analysis : A Methodological Introduction*, Beverly Hills/London?New Delhi : Sage Publications, 1983 in *Vikalpa*, Vol.10, no.4, October-December, 1985 : 469-474
4. Mukherjee. Ramkrishna, *Classification in Social Research*, Albany : State University of New Yourk Press, 1983 in *Sociology Bulletin*, vol. 35, no. 2, September, 1986 : 141-144)
5. C. R. Kothari, *Research Methodology : Methods and Techiniques*, New Delhi : Wiley Eastern, 1985 in *Vikalpa*, vol. 13, no.1, January-March 1988 : 79-80
6. Miles, Mathew B. and A. Michael Huberman, *Qualitative Data Analysis : A. Sourcebook of New Methods*, Neverly Bills, London and New Delhi : Sage Publications, 1984 in *Sociological Bulletin* (to be published)

**PUBLICATIONS (in Gujarati) :**

1. *Research Methods and Statistical Analysis in Sociology*, Part II, Ahmedabad : Rachana Prakashan, 1978 (Jointly with Tara Patel).
2. "Caste, Land-ownership and Co-operative Dairy Industry." *Arthat*, vol.1, no. 1-3, April-June 1982 : 219-235.
3. "Measurement of Social Backwardness," *Arthat,* vol. 4 : 1-2, April-June 1985 : 108-114.
4. "Rural-Urban Interaction and Influence of Urban Culture," *Arthat*, vol. 6, no.2, April-June 1987 : 38-54.
5. *Reporting Research*, Ahmedabad : University Book Production Board, Gujarat State, 1988.
6. *Research Design*, Ahmedanad : University Book Production Board, Gujarat State, 1990.

•

## અ.હિં.મ.પ., ગુજરાત શાખાના નવ દાયકાની યાત્રા

– પ્રો. નલિની કિશોર ત્રિવેદી*

'અખિલ હિન્દ મહિલા પરિષદ' આઝાદી પહેલા સ્થાપવામાં આવેલી સૌથી પહેલી સ્ત્રીઓ માટેની સ્વૈચ્છિક સંસ્થા રહેલી કે જેણે આઝાદી પહેલાના માહોલમાં આખા દેશનાં જુદાં-જુદાં રાજ્યોની અને જુદી-જુદી વિચારધારા ધરાવતી અનેક હોનહાર સ્ત્રી-નેતાઓને એક સ્ત્રી તરીકે, સ્ત્રીના અધિકાર માટે એક મંચ પરથી કામ કરતાં કર્યા. 1927માં શરૂ થયેલી આ સંસ્થાની નોંધણી 1930માં થઈ, પરંતુ એ માટેનું વિચારબીજ 1926ની એક ઘટનામાં જોવા મળે છે. 1926માં કલકત્તાની બેન્થુમ કૉલેજના ઈનામ-વિતરણ સમારંભમાં બંગાળના જાહેર માહિતી નિયામક (Director of Public Instruction) મી. ઓટેને (Oatan) સ્ત્રીઓને સંબોધીને જણાવ્યું કે 'તમે ક્યાં સુધી પુરુષોએ બનાવેલા અભ્યાસક્રમ, પરીક્ષા અને સત્તા કે જેના પર સ્ત્રીઓનો કોઈ મત જ નથી તેને સહન કરશો? આથી જ સ્તો સ્ત્રીઓમાં ખૂબ અલ્પ 2% શિક્ષણ છે... સ્ત્રી-શિક્ષણમાં શું ખૂટે છે એ કોણ કહેશે? તમે શું ઈચ્છો છો એ એકી અવાજે અમને કહો અને જ્યાં સુધી ન મળે ત્યાં સુધી કહેતા રહો...' આ બાબતે બેન્થુમ કૉલેજનાં એક અધ્યાપિકાએ લેખ લખ્યો હતો. આ લેખે મદ્રાસ/ચેન્નાઈ સ્થિત થીઓસોફિસ્ટ અને નારીવાદી શ્રીમતી માર્ગારેટ ક્યુઝીન્સને ભારતની સ્ત્રીઓમાં શિક્ષણ-પ્રસાર કરી, તેઓમાં જાગૃતિ જન્માવવા માટે કંઈક નક્કર કરવાની પ્રેરણા આપી. આ અંગે ચર્ચા કરવા માટે તેઓએ દેશના જુદા જુદા પ્રાંતોમાં કાર્યરત સ્થાનિક સ્ત્રી-મંડળો કે સંસ્થાઓની અગ્રણી સ્ત્રીઓને એકઠી કરી અને આગામી સમયમાં પૂણેમાં કરવાના સંમેલન માટે પ્રતિનિધિઓ પસંદ કર્યા. 1927માં પૂણેની ફરગ્યુલસ કૉલેજમાં વડોદરા રાજ્યનાં મહારાણી શ્રીમતી ચીમનાબાઈ ગાયકવાડના પ્રમુખ પદે સંમેલન થયું. ત્યારે જ અ.હિં.મ.પ.ની સ્થાપના પણ થઈ.

એ સમયના સ્વાતંત્ર્ય ચળવળના માહોલમાં અ.હિં.મ.પ.ના ઉદ્દેશો અને કાર્યશીલ મુખ્ય ચળવળને પોષક હોવા સાથે સામાજિક સુધારણાને વ્યાપક બનાવે તેવા રહેલા, અલબત્ત સર્વગ્રાહી રીતે પરિષદની શરૂની કાર્યરીતિમાં કેળવણી દ્વારા સ્ત્રી-ઉત્થાન કેન્દ્રસ્થાને હોય એ સ્વાભાવિક છે. પરિષદના સ્થાપના કાળે પાયાના સ્થાપકો અને એ પછી દેશને આઝાદી મળી ત્યાં સુધી જોડાતા રહેલા દૃષ્ટાઓ (શ્રીમતી ક્યુઝીન્સ, સરોજીની નાયડુ, કમલાદેવી ચટ્ટોપાધ્યાય, વિદ્યાગૌરી નિલકંઠ, શારદા મહેતા, હંસા મહેતા, રેણુકા રે... વગેરે) એ સ્ત્રીઓને (સમાજના બંધનોમાંથી) મુક્તિ, શિક્ષણ અને સામર્થ્ય પ્રાપ્ત થાય એ દૂરદર્શિતા (Vision) રાખીને નિશ્ચિત કરેલા ધ્યેયો / ઉદ્દેશો તેમજ એ મેળવવા માટેની નીતિ વર્તમાન સમયમાં પણ ઘણે અંશે પ્રસ્તુત જણાય છે. સૌપ્રથમ આ ઉદ્દેશો, કાર્યરીતિ અને રાષ્ટ્રીય સ્તરે તેની પ્રાપ્તિ અંગે ટૂંકમાં વાત કરીને ગુજરાતમાં અ.હિં.મ.પ.ની નેવુ (90) વર્ષની વિકાસ-યાત્રા પર પ્રકાશ પાડીશું.

**અ.હિં.મ.પ.ના રાષ્ટ્રીય કક્ષાએ જોવા મળતા ઉદ્દેશો :**

- સ્ત્રીઓ-બાળકોનો સર્વાંગી વિકાસ અને કલ્યાણ
- સ્ત્રીઓ બંધારણીય અધિકારો ભોગવી શકે એ માટે તેને કેળવણી અને મદદ કરવી.
- સ્ત્રીઓને તમામ સ્વરૂપના અત્યાચારો-ખાસ કરીને ઘરેલું હિંસા અને જાતીય સતામણીથી મુક્ત કરી, સમાજે કરવાનું મહત્ત્વનું કાર્ય પાર પાડવું.
- સ્ત્રીઓમાં વૈજ્ઞાનિક-વલણ વિકસાવવું અને તેને નેતૃત્વ અને વિશ્વશાંતિ માટે તૈયાર કરવી.

ઉપર્યુક્ત ઉદ્દેશો મેળવવા સારું સંસ્થાએ રાજકારણથી મુક્ત રહીને કામ કરવાની કાર્યનીતિ policy રાખી છે... ને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે :

- કાનૂનો બનાવડાવવામાં અને તેના અમલીકરણ માટે સંસ્થાના પ્રયત્નો અથાક રહ્યા છે. જેમ કે બાળલગ્ન અટકાવવા માટે દેશવ્યાપી આંદોલન કરીને પરદેશી સરકાર પર દબાણ ઊભું કર્યું અને શારદા-એક્ટ 1929માં પસાર થઈ શક્યો. એ પછી 1956નો સ્પેશ્યલ મૅરેજ એક્ટ થયેલો.

* નિવૃત્ત અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, એચ.કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ અને કર્મશીલ 'અવાજ' અમદાવાદ.

એ સિવાય સંસ્થા દ્વારા આઝાદી પહેલા અને પછી દેવદાસી-પ્રથા, હિન્દુ કૉડ બિલ, પુખ્ત મતાધિકાર, ફેક્ટરી એક્ટ પ્રસુતિની રજા માટે, વારસા હક્ક માટે કાનૂની જોગવાઈ અંગે સંસ્થાના નેજા હેઠળ લડત અપાઈ છે. દેશના વિશિષ્ટ માહોલમાં સજાગતા-પૂર્વકના પ્રયત્નો થાય એ મહત્ત્વનું છે, સફળતા-નિષ્ફળતા પછીની વાત હોય છે.

આ ઉપરાંત અ.હિં.મ.પરિષદે જુદી જુદી દિશામાં નવી કેડી કંડારી છે. જેમકે પહેલી હોમસાયન્સ કૉલેજ, પહેલું કુટુંબ નિયોજન કેન્દ્ર, પહેલી કેન્સર હૉસ્પિટલ અને સંશોધન કેન્દ્ર, માનસિક રીતે નબળા બાળકો માટે બાળ-કલ્યાણ કાઉન્સિલ (Indian Council for Child Welfare), ગ્રામીણ સમુદાય વિકાસ કેન્દ્રો, સ્ત્રીઓ માટેનાં આશ્રય-ઘર, વિધવાગૃહો વગેરે.

અ.હિં.મ.પ. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે પણ જોડાણ ધરાવે છે. જેમકે યુ.એન.નું કન્સ્લ્ટેટિવ સ્થાન (Consultative States of U.N.), આંતરરાષ્ટ્રીય એલાયન્સ ફોર વિમેન (International Alliance for Women) ઉપરાંત સંસ્થા આંતર રાષ્ટ્રીય જોડાણનું ગૌરવ વધારે છે.

અ.હિં.મ.પ.ની અનેક પ્રાદેશિક શાખાઓમાં ગુજરાત-શાખા પશ્ચિમ-બ (W-B) માં આવે છે. તેની સ્થાપના પણ 1927માં વિદ્યાબહેન-નિલકંઠ અને શારદા મહેતાએ કરી હતી. એ સાથે અમદાવાદ-શાખા પણ તેઓએ પ્રસ્થાપિત કરી હતી. આ બંને બહેનોએ અગાઉના 1926ના સંમેલનમાં ગુજરાત તરફથી પ્રતિનિધિત્વ પણ કર્યું હતું. શરૂઆતના તબક્કે એક દાયકા સુધી ગુજરાતમાં અમદાવાદ-શાખા સવિશેષ સક્રિય રહી હતી. આ દરમિયાન 1933માં વિદ્યાબહેન નિલકંઠ રાષ્ટ્રીય પરિષદનાં પ્રમુખ પણ રહ્યાં હતાં. (એ સિવાય ગુજરાત શાખાનાં પુષ્પાબહેન મહેતા, ઈન્દુબહેન, કુમુદબહેન શુક્લ, શીવાની મહેતા અને ધ્રુવલત્તા પારેખ વગેરેએ રાષ્ટ્રીય કક્ષાએ મંત્રી કે ટ્રેઝરર જેવાં સ્થાન શોભાવ્યાં છે.) 1936માં અમદાવાદ ખાતે આયોજિત સંમેલન પછી સુરત, ભરૂચ વગેરે સ્થળોએ પ્રશાખાઓ શરૂ થઈ. 1960થી સમાજના વ્યાપક વર્ગને આવરી લેવાનું અભિયાન ચલાવવામાં આવ્યું. આથી ગુજરાતનાં અંતરિયાળ ગામડાઓમાં પણ અ.હિં.મ.પ.ની ગુજરાત શાખા પ્રસારિત થઈ છે.

સાંપ્રત સમયમાં સમગ્ર દેશમાં સંસ્થાની 550 (પાંચસો પચાસ) શાખાઓમાં એક લાખથી વધારે સભાસદો સક્રિય છે. પરિષદનું મુખ્ય-મથક દિલ્હી છે. ગુજરાતનાં પેટ્રન શ્રીમતી દક્ષાબહેન મામતોરાના જણાવ્યા મુજબ વર્તમાન સમયમાં ગુજરાતમાં કુલ 45 (પિસ્તાળીસ) શાખાઓ છે. (અગાઉ તેની સંખ્યા 55 (પંચાવન) હતી.) તેઓના જણાવ્યા મુજબ 2017માં દ.ગુજરાતના ચિખલી નજીકના ઘેજ (Ghej) ગામમાં છેલ્લી પ્રશાખા શરૂ થઈ છે.

પ્રત્યેક શાખાનું પોતાનું બંધારણ હોવું જરૂરી છે. તેઓની કાર્યરીતિ પોતાના વિસ્તારની વિશેષતા અને જરૂરિયાત મુજબ ગોઠવવામાં આવે છે. પરંતુ તેમાં તેઓ પ્રાદેશિક અને અ.હિં.મ.પ.ના રાષ્ટ્રીય સ્તરે સૂચિત ધ્યેયો/ઉદ્દેશો અને કાર્યનીતિને પ્રતિબિંબિત કરે તેવો આગ્રહ રાખવામાં આવે છે. આ બાબતને અનુલક્ષીને ગુજરાત-શાખાના 2002માં કરેલા સુધારા-વધારા સાથે રજૂ કરવામાં આવેલા બંધારણમાં દર્શાવેલ હેતુ/ઉદ્દેશો અને કાર્યનીતિ ટૂંકમાં આ મુજબ છે.

- સામાજિક ન્યાય અને સૌને સમાન હક્ક અને તક પ્રાપ્ત થાય અને બધા નાગરિકો મૂળભૂત નાગરિક અધિકારો ભોગવી શકે.
- કોઈપણ પ્રકારના સામાજિક ભેદભાવ વગર દરેકને કામ કરવાનો તેમજ મૂળભૂત જરૂરિયાતો (ખોરાક, પોષાક, રહેઠાણ, શિક્ષણ, સલામતી અને સુવિધાઓ) મળી રહે એ દિશામાં કાર્યરત થવું.
- રાષ્ટ્રીય-સંગઠન અને અખંડિતતાને અગ્રિમતા અને વિશ્વશાંતિ માટે બહેનોને સજાગ બનાવવી.
- બંધારણે આપેલા અધિકારો અંગે સજાગતા ઊભી કરવી.
- કુદરતી કે માનવ-સર્જીત સંકટ સમયે સહાય માટે બહેનોને તૈયાર કરવી.

પ્રસ્તુત ઉદ્દેશોની પ્રાપ્તિ માટે સંસ્થા રાજકારણથી દૂર રહીને સ્ત્રીઓ અને બાળકોના વિકાસની દિશામાં સક્રિયના દાખવશે. આ કાર્યનીતિ (Policy) અપનાવીને ગુજરાતની જુદી જુદી શાખા પ્રશાખાઓ સતત કાર્યરત

રહે છે. ગુજરાત શાખામાં થતાં કાર્યોને કુલ ચાર ભાગમાં ગોઠવી શકાય :

(1) સ્વાસ્થ્યવર્ધક કાર્યક્રમો (2) આર્થિક સશક્તિકરણ માટે ઉત્પાદક પ્રવૃત્તિઓ (3) શૈક્ષણિક, બૌદ્ધિક અને કુશળતાવર્ધક પ્રવૃત્તિઓ (4) સેવાકીય અને મનોરંજક કાર્યક્રમો.

1. **સ્વાસ્થ્યવર્ધક કાર્યક્રમો** અન્વયે બહેનોની શારીરિક અને માનસિક બંને સ્વરૂપની તંદુરસ્તીનો ખ્યાલ કરવામાં આવે છે. એ માટે મહત્તમ શાખાઓમાં નિષ્ણાત ડૉક્ટર્સનાં વ્યાખ્યાનો, વર્કશોપ કે રાહત દરે તબીબી સેવા મળે એ માટે આયોજન થતું રહે છે. એ જ રીતે માનસિક સ્વાસ્થ્ય માટે પણ મનો-ચિકિત્સક કે મનોવૈજ્ઞાનિકોનાં વ્યાખ્યાનો ગોઠવાતાં રહે છે. તો કેટલીક શાખાઓમાં કુટુંબ સલાહ કેન્દ્રો અને કુટુંબ કલ્યાણ કેન્દ્રો, કાનૂની સહાય કેન્દ્રો તેમજ યુવતી-વિકાસ કેન્દ્રો કાર્યરત છે ઉપરાંત કેટલીક પ્રશાખાઓએ જાગૃતિકરણ શિબિરો દ્વારા પણ માનસિક-સ્વાસ્થ્યના પ્રયત્નો કર્યા છે.
2. **આર્થિક રીતે સશક્ત કરવા માટે જુદી જુદી શાળાઓમાં ઉત્પાદક પ્રવૃત્તિઓ** ચાલી રહી છે. જેમકે મસાલા-પાપડ, અથાણા કે નાસ્તા જેવી ગૃહ ઉપયોગી ચીજોનું ઉત્પાદન, ટિફીન સેવા અને કવચિત કેન્ટીનની વ્યવસ્થા વગેરે.

   - વ્યવસાયી બહેનો માટેના આવાસોની વ્યવસ્થા કરીને ઘરથી દૂર શહેરમાં કામ કરતી બહેનોને મદદ જ કરવામાં આવે છે.

   આ ઉપરાંત કેટલીક શાખાઓમાં 'સેલ્ફ હેલ્પગ્રુપ' તેમજ ખાસ નાની-બચતની સુવિધા કરવામાં આવી છે. જે નાનાં-મોટાં કાર્યો માટે લોનની સુવિધા પણ આપે છે.
3. **શૈક્ષણિક, બૌદ્ધિક અને કુશળતાવર્ધક કાર્યક્રમો-**

- સ્ત્રી-શિક્ષણના મૂળભૂત આશય સાથે શરૂ થયેલી આ સંસ્થા અન્વયે ગુજરાતમાં જુદી-જુદી શાખાઓ દ્વારા આંગનવાડી, બાલમંદિર, હાઈસ્કૂલ સંચાલિત કરવા જેવાં શૈક્ષણિક કાર્યો થતાં રહ્યાં છે.
- ગૃહ-વિજ્ઞાનના વર્ગો એક વર્ષના અભ્યાસક્રમ હેઠળ બેન્કિંગ અને વીમા અંગેની સામાન્ય સમજૂતી, ગૃહસંચાલન, બાળ-ઉછેર, ફર્સ્ટએઈડ, નર્સિંગ વગેરેની તાલીમનો લાભ અનેક બહેનોએ લીધો છે.
- કેટલીક શાખાઓમાં સભાસદ બહેનોના ધો.10 અને 12માં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપીને પ્રોત્સાહન આપવામાં આવે છે. ઉપરાંત વિદ્યાસહાય અને ભગિનીસહાય તેમજ પ્રતિ વર્ષ એક વિદ્યાર્થીનીને ધો.-12 પછી ડિગ્રી મેળવે ત્યાં સુધી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ ઉપરાંત નિશ્ચિત માપદંડોવાળી ગુજરાતની કોઈપણ ચાર શાળાઓમાં અમેરિકાની Foundation for excellency (FFC) તરફથી ખૂબ મોટી રકમની શિષ્યવૃત્તિ આપવામાં આવી છે. આ બાબત દેશભરની શાળાઓમાં ઉદાહરણીય બની રહેલી.
- સભ્ય-બહેનો અને તેનાં બાળકો માટે વકતૃત્વ સ્પર્ધા, વાર્તા-સ્પર્ધા, ક્વિઝ, સેમિનાર જેના કાર્યક્રમો દ્વારા તેઓનું બૌદ્ધિક-સ્તર ઊંચે લાવવાના પ્રયત્નો સતત થતા રહે છે.
- જુદી-જુદી શાખા-પ્રશાખાઓ દ્વારા બહેનોની વાંચન, વિચાર અને લેખનની કુશળતા વધારવા માટે પ્રકાશિત થતાં સામયિકો એ બૌદ્ધિક-પ્રવૃત્તિમાં શિરમોર સમી છે. રાષ્ટ્રીય-કક્ષાએ 'રોશની' છે જ પણ ગુજરાતમાં નવ્ય ઉજાસ, ફૉરમ, ઋતા, પ્રેરણા વગેરે મહત્ત્વનાં સામયિકો છે.

4. **સેવાકીય અને મનોરંજક કાર્યક્રમો :**

   સેવાકીય પ્રવૃત્તિઓ બે સ્વરૂપની છે - એક તો નિયમિત રીતે થતાં સેવાકીય કાર્યો અને બીજુ આપાદ્કાલિન વિપત્તીમાં સહાય કરવી.

- વયસ્ક બહેનો માટે વૃદ્ધાશ્રમ, કુટુંબ-નિયોજન કેન્દ્રોનું સંચાલિત, જેવી નિયમિત સેવાકીય પ્રવૃત્તિ, ઉપરાંત અન્નપૂર્ણા યોજના દ્વારા મજૂર વિસ્તારોમાં પૌષ્ટિક નાસ્તો, જુદી-જુદી હોસ્પિટલમાં હંમેશા ઉપયોગમાં આવતાં સાધનો આપીને કે લગભગ પ્રતિવર્ષ ઋતુજન્ય નાસ્તાના વિતરણ દ્વારા નિયમિત સેવા આપવામાં આવે છે.

આપદ્કાલિન વિપત્તિ જેવી કે દુકાળ, પૂર, ભૂકંપ,

રોગચાળો કે માનવસર્જિત હુલ્લડો, યુદ્ધો વગેરે વખતે જે-તે વિસ્તારના લોકોની જરૂરિયાત મુજબ સંસ્થાની બહેનો યથાશક્તિ યોગદાન કરતી આવી છે, જેમકે નાસ્તાના પેકેટ બનાવવા, ઘર બાંધી આપવા, જરૂરિયાતવાળાને વસ્ત્રો પહોંચાડવા અને નાણાકીય સહાય કરવી વગેરે.

ઉપર્યુક્ત ઉપયોગી પ્રવૃત્તિઓ સાથે ગરબા, ગીત, સંગીત, પિકનિક, દાબડા-ઉજાણી અને અન્ય સંસ્થાઓની મુલાકાત-માંથી બહેનો મનોરંજન અને માહિતી પણ મેળવે છે.

★ ★ ★

ગુજરાતની શાખાઓમાં અ.હિં.મ.પ. અન્વયે અનેક પ્રવૃત્તિઓ થતી રહી છે. આજે સંસ્થા 9 (નવ) દાયકા પૂર્ણ કરે છે. આખી સદી બદલાઈ ચુકી છે. આમ તો સ્વાતંત્ર્ય-આંદોલન, સ્વાતંત્ર્ય એ પછીનો આંતરરાષ્ટ્રીય મહિલા-વર્ષ અને મહિલા દશક પછીનો બદલાયેલો સમય તેમજ નવી-21 મી સદીના અતિ ઝડપી પરિવર્તનના પ્રવાહોના પડકારો સંસ્થાએ ઝીલ્યા છે. તે ટકી શકી છે. એ સાથે બદલાતા સામાજિક-માહોલ મુજબ પરિવર્તન લાવીને 21 મી સદીને અર્થસભર બનાવવાનો સમય હવે પાકી ગયો છે. ડૉ. નીરા દેસાઈએ જણાવ્યું છે, અ.હિં.મ.પ. એક એવે સીમાડે આવીને ઊભી છે જ્યારે નારી-અસ્તિત્વ, નારીની અસ્મિતા અને નારી-સામર્થ્ય વધારવાનાં પગલાંઓ અંગે નવી દૃષ્ટિથી જોવાની તાતી જરૂર છે.'

**શું કરી શકાય ?**

- યુવા-સ્ત્રીઓ આકર્ષાય તેવા ક્ષમતાવર્ધક કાર્યક્રમો અને ટૂંકાગાળાના આધુનિક અભ્યાસક્રમોની વ્યવસ્થા ફીઝ લઈને પણ કરી શકાય. ગુજરાતમાં મોટાભાગની સંસ્થાને પોતાની જગ્યા હોવાથી આ શક્ય બની શકે. એ સાથે પછાત વિસ્તારનાં બાળકો અને પ્રૌઢો માટે તેઓના અનુકુળ સમયે ઔપચારિક શિક્ષણ સાથે જીવન-શિક્ષણ આપવાની સેવા વયસ્ક સભ્યો ઉપાડી લે તો યુવા સભ્યોની સંવેદના વિકસશે ને કાર્યસંતોષ પ્રાપ્ત થશે.
- સ્ત્રી પોતાના માનવ-અધિકારનું જતન કરી શકે અને સ્વઅસ્તિત્વ ટકાવવા સક્ષમ બને તેવા કાર્યક્રમો સતત થતા રહે એ જરૂરી છે.
- દરેક શાળામાં કાઉન્સેલિંગ સેન્ટર હોય, તાલીમી કાઉન્સેલર હોય અને સ્ત્રી તરફી કાઉન્સેલિંગ થતું હોય એ નવ્ય સમયમાં જરૂરી જણાય છે.
- વિનામૂલ્યે હેલ્પ-લાઈન સેવા શરૂ કરવામાં આવે તો પીડિતાને યોગ્ય સમયે મદદ મળી શકે ને સંસ્થાના અસ્તિત્વની સમાજમાં નોંધ લેવાય.
- કાર્યના સ્થળે જાતીય-સતામણી રોકવાનો આશય પહેલેથી જ રહ્યો છે. એ અંગે સઘન કાર્યવાહી માટે અન્ય સંસ્થાઓ સાથે જોડાણ કરીને પણ જાહેરમાં દેખાવો, સરઘસ વગેરેમાં ભાગ લેવામાં આવે તો આ સૌથી જૂની સંસ્થાને નવી ઓળખાણ મળશે.
- દરેક શાળાને પોતાની 'વેબસાઈટ' હોવી એ નવા સમય સાથેના અનુકુલનની સૌથી મોટી જરૂરિયાત છે. તો સંસ્થાને વૈશ્વિક સ્થાન મળી શકે.

અંતમાં કહીશ કે આ વધારાનાં કાર્યો માટે સંસ્થાની શાખા-પ્રશાખાઓ અને અન્ય-સંખ્યામાં વધારો કરીએ. મળતા અનુદાનોનો પૂરેપૂરો ઉપયોગ કરી વધુ ને વધુ અનુદાનો મેળવીએ. કાર્યોને આગળ ધપાવવા માટે સર્વ સભાસદો નિઃસ્વાર્થી ને નિષ્ઠાયુક્ત, ઉત્સાહીને ડાયનેમિક, સંવેદનશીલ અને દૂરંદેશી કાર્યકર તરીને કાર્યશીલ બને અને હવે પછીના સમયગાળામાં સ્ત્રીના અસ્તિત્વની લડાઈને તેના વ્યક્તિત્વ-નિખાર સુધી પહોંચાડીએ.

**સંદર્ભસૂચિ :**


- www.aiwc.org.in
- 'ઉજાસ' - ત્રૈમાસિક - જાન્યુઆરીથી માર્ચ - 2003.
- 'ઉજાસ' - ત્રૈમાસિક - જાન્યુઆરીથી માર્ચ - 2012
  (આ ત્રૈમાસિકમાં આવેલા જયંતિકા જયંતભાઈ ડૉ. નીરાબહેન દેસાઈ અને શિવાની મહેતાના લેખનો આધાર લીધો છે.)
- 'નારીવાદીનું આકલન' ડૉ. ઈલા પાઠક - પાર્શ્વ પબ્લિકેશન - 2012.


●

# સોશ્યલ નેટવર્કિંગ સાઈટ્સ અને યુવાનો

– પ્રો. શોભના ચૌહાણ*

સામાજિક વિકાસ એક પ્રક્રિયા છે. સમાજ પરિવર્તનશીલ છે. સમાજ પોતાની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે સામાજિક માળખા અને સંસ્થાઓમાં બદલાવ લાવે છે. જ્હોન્સન એને સામાજિક પરિવર્તન કહે છે. પરિવર્તન એ સતત ચાલતી પ્રક્રિયા છે. માનવ સમાજની શરૂઆત થઈ ત્યારે માનવી શિકાર અને પશુપાલન કરતો. માનવી સ્થિર થતા સ્થાયી ખેતીની શરૂઆત થઈ. માનવ સમાજની ઉત્ક્રાંતિ થતાં ઔદ્યોગિકરણ થયું અને યંત્રવિજ્ઞાનની શરૂઆત થઈ. મૂડીવાદનું સર્જન થયું. યંત્રવૈજ્ઞાનિક ક્રાંતિ અને ઔદ્યોગિક સમાજને પરિણામે નેટવર્ક સમાજનો ઉદ્ભવ થયો. આ સમાજ microeletronics ટેકનોલોજી પર આધારિત છે. નેટવર્ક સમાજનું માળખું વૈશ્વિક છે, પરંતુ અનુભવ સ્થાનિક છે. નેટવર્ક સમાજ પ્રાદેશિક અને સાંસ્કૃતિક બંને સમાજમાં નિયમોને અનુસરે છે. નેટવર્ક સમાજના માળખામાં બંને સહઅસ્તિત્વ ધરાવે છે. જેનાથી સમગ્ર સમાજમાં લોકો કોઈપણ સમયે કોઈપણ પ્રકારના અવરોધ વગર એકબીજા સાથે જોડાઈને આસાનીથી વાતચીત કરી શકે છે. નેટવર્ક સામાજિક માળખામાં વ્યક્તિગત કે સામૂહિક રીતે ગમે ત્યારે ગમે ત્યાં એકબીજા સાથે જોડાઈ શકે છે, પ્રત્યુત્તર આપી શકે છે. ત્યારે અનુભવ થાય છે કે ઇન્ફોર્મેશન ટેકનોલોજીના સહકારથી આ શક્ય બને છે, જે ઝડપથી સોશ્યલ નેટવર્ક સાઈટ્સ (Social Network Sites) વધી રહી છે. તે જોતાં એવું લાગે છે કે તેનું ભવિષ્ય ઘણું ઉજળું છે.

**નેટવર્ક સોસાયટી : વૈચારિક અને સૈદ્ધાંતિક માળખું :**

સમાજશાસ્ત્રમાં નેટવર્ક સમાજનો ઉલ્લેખ સૌપ્રથમ 20મી સદીમાં Manuel Castells (1996) દ્વારા કરવામાં આવ્યો હતો. નેટવર્ક સમાજનું માળખું microelectronics અને ચોક્કસપણે કહીએ તો માહિતી અને પ્રસારણ ટેકનોલોજી પર આધારિત છે. ઔદ્યોગિક સમાજનું એ લક્ષણ છે કે જેમાં વાતચીત અને વ્યવહાર Socail Network દ્વારા શક્ય બને છે. નેટવર્ક સમાજમાં digital પદ્ધતિથી વાતચીત શક્ય બને છે. Castells એવો તર્ક કરે છે કે 'જે ઝડપથી ઔદ્યોગિક સમાજનો વિકાસ થયો હતો, તે ઝડપથી Networking સમાજનો વિકાસ થયો છે.' Castells નોંધે છે કે, યંત્રવિજ્ઞાન સમાજને બદલી શકશે નહિ પણ સમાજની જરૂરિયાત અનુસાર તેમાં બદલાવ આવશે. સમાજની જરૂરિયાત અનુસાર એકબીજા સાથે જોડાવા અને વિકાસ કરવા માટે તેમાં બદલાવ લાવવો જરૂરી બનશે. Castells ના પ્રમાણે ઔદ્યોગિક સમાજની લાક્ષણિકતા આ પ્રમાણે છે.'

1. ટેકનોલોજી આધારિત સમાજમાં વ્યક્તિ તેની સંમતિથી કોઈપણ જગ્યાએ કે સમયે વાતચીત કરી શકે છે.
2. ભૌતિકવાદ આધારિત સમાજમાં સમગ્ર માળખાનું સંચાલન પાવરગ્રીડ દ્વારા થાય છે.
3. આ સમાજમાં વ્યક્તિ સાથેનો સંપર્ક સમય કે જગ્યા પર આધારિત હોતો નથી કારણ કે વ્યક્તિ નેટવર્કની આસપાસ ગતિશીલ હોય છે જેને "space of flows" કહે છે.
4. નેટવર્ક સમાજમાં ઉર્જા તેના નેટવર્ક સાથે જોડાયેલી રહે છે. તે આકાશની સમાંતર આડી વિકસેલી હોય છે.
5. નેટવર્ક એ વ્યક્તિ અને સમૂહને જીવિત રાખે છે. વ્યક્તિ અને સમૂહને સમુદાયિકતા કેળવવામાં અને નિકટ લાવવામાં વૃદ્ધિ કરે છે.

Jan van Jijk (2012) એ જાણીતા સમાજશાસ્ત્રી, પ્રસાર માધ્યમ અને સંદેશા વહીવટકર્તા છે. તેઓ જણાવે છે કે સામાજિક અને વૈશ્વિક સ્તરે આપણે જોઈએ તો મીડિયા નેટવર્ક સમાજના ખૂણે ખૂણે ફેલાયેલું છે. જે આપણા સામાજિક અને આર્થિક નેટવર્કને જીવંત રાખે છે. સેટેલાઈટના વિકાસને કારણે ટી.વી., મોબાઈલ, ટેલીફોન અને ઇન્ટરનેટનો વિકાસ થયો છે. જેને લઈને

* પીએચ.ડી. વિદ્યાર્થિની, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ. (મો.) ૯૮૯૮૯૦૬૧૧૮

આપણી દુનિયા વૈશ્વિક બનતી જાય છે. વિકાસને લઈને ભારત અને ચીન જેવા વિકાસશીલ દેશોએ ઝડપથી અનુઔદ્યોગિક સમાજમાંથી સંચાર ઔદ્યોગિક સમાજમાં અને થોડે ઘણે અંશે અનુઔદ્યોગિક નેટવર્ક સમાજમાં બદલાઈ રહ્યા છે. 21મી સદીમાં નેટવર્ક સમાજ એ આપણું ચેતાતંત્ર છે જે આપણા વ્યક્તિગત અને સમૂહ જીવનને અસર કરે છે. નેટવર્ક સમાજના આગમનને લઈને આપણે વૈશ્વિક મૂડીવાદ અને રાષ્ટ્રીય મૂડીવાદ સમાજ સાથે જોડાઈ રહ્યા છીએ. પરસ્પરના જોડાણને લઈને સાંસ્કૃતિક આદાન પ્રદાન થાય છે. પરિણામે સાંસ્કૃતિક વિસ્ફોટ થાય છે. જે વાદવિવાદના ક્ષેત્રોને વિસ્તારે છે.

Jemson (1984) નેટવર્ક સમાજને નવા અવતારમાં સાંસ્કૃતિક પ્રભાવ તરીકે વર્ણવે છે જે ક્યારેક જુદા પ્રકારના અને અલગ અલગ રસ્તેથી આવેલી સંસ્કૃતિનો પ્રભાવ છે. Jemson આધુનિક સમાજનું ચિત્ર આ પ્રમાણે દર્શાવે છે.

1. નેટવર્ક સમાજમાં સંબંધો ઉપરછલ્લા હોય છે. સંબંધોમાં ઊંડાણનો અભાવ હોય છે.
2. નેટવર્ક સમાજ એ વ્યક્તિની લાગણી પર અસર કરે છે. જેને લઈને વ્યક્તિ લાગણીવિહીન બને છે.
3. નેટવર્ક સમાજમાં વ્યક્તિની ઐતિહાસિક માહિતીમાં બદલાવ આવે છે. ક્યારેક ઐતિહાસિકતાનું પતન થાય છે.
4. આ સમાજમાં ટૅકનોલોજીમાં સતત બદલાવ આવ્યા કરે છે. લેખક તેને 'પુનરુત્થાન ટૅકનોલોજી' તરીકે ઓળખાવે છે. ટૅકનોલોજીના પ્રભાવને લઈને સંચાર માધ્યમો જેવા કે 'ઇન્ટરનેટ' નો વિસ્ફોટ થાય છે. અનુઆધુનિક સમાજ એ નેટવર્ક આધારિક છે જે નવી નવી સંસ્કૃતિનું સર્જન કરે છે અને તે છે 'Social Networking Site.'

Jemson અનુઆધુનિક સામાજિક વિચારક છે અને Jean Baudrillard એક અનુઆધુનિક ઉદ્દામવાદી વિચારક છે જેઓ સામાજિક સમસ્યાઓનું વિશ્લેષણ કરીને કહે છે કે આધુનિક સમાજમાં મીડિયાનો પ્રભાવ વધતો જાય છે. સમાજ Cybermetic Model તરફ સમાજ આગળ વધતો જાય છે. સમાજમાં માહિતી પ્રસારણ અને મનોરંજનનાં સાધનો સતત બદલાતાં જાય છે.

Kellner (1989) દાવો કરતા કહે છે કે, નેટવર્ક સમાજમાં આ પ્રકારનાં સાધનોનું પુનઃ ઉત્પાદન વધશે અથવા આ સાધનોનો પ્રભાવ વધતો જશે. તે લખે છે કે સમકાલીન સમાજમાં 'મીડિયા'નો પ્રભાવ પ્રચંડ બનશે અને વર્તમાનમાં તે પ્રસ્તુત પણ છે. Baudrillard (1983) આગળ કહે છે કે પરિણામે શું થશે ? આપણે એકબીજાને મળવાનું ઓછું કરી દઈએ છીએ અથવા અલગ થતા જઈએ છીએ. તેઓ અનુઆધુનિક સમાજના લોકોનું વર્ણન કરતા કહે છે કે મીડિયાનો પ્રભાવ વધતાં લોકોમાં સંબંધોમાં એક પ્રકારની નિઃસ્પૃહિપણું કે જડતા આવતી જાય છે. નેટવર્ક સંસ્કૃતિ જનસમુદાયને એકબીજા સાથે જોડી રાખે છે. ઉપયોગી છે, ઉચિત છે, અનિવાર્ય છે અને બધી રીતે અર્થઘટન કરતા જોઈએ તો તે માહિતીના અદાનપ્રદાનમાં, મેસેજ આપવામાં કે બીજું ઘણું બધું ચણવવામાં તે જરૂરી છે. અનુઆધુનિક સમાજમાં જનસમુદાયનું વર્ણન કરતાં કહે છે કે નેટવર્ક સમાજમાં લોકોમાં સંબંધોમાં ઉદાસીનતા, વિરક્તિ, બેજવાબદારી, જડતા જોવા મળે છે જેને અનુઆધુનિક સમાજ સાથે સંબંધ છે. લોકો અંગત સંબંધો કરતાં કાલ્પનિક કે આભાસી સંબંધોને વધારે મહત્ત્વ આપે છે. આધુનિક સામાજિક નેટવર્કે માનવસંબંધોમાં પતનનું કાર્ય કર્યું છે.

Kubicek (1988) જણાવે છે કે, નવાં પ્રસાર માધ્યમોએ વ્યક્તિના અંગત વ્યવહારો તેમજ એકબીજા સાથે રૂબરૂ મળવાના સંબંદોને ઓછા કર્યા છે. ઘટાડો કર્યો છે, કે કદાચ નાશ કર્યો છે તેમજ કામના સંબંધોમાં ઔપચારિક બનાવ્યા છે.

એક દસકા પહેલાં નાની જગ્યાઓમાં નાનાં નાનાં કામો કરવા માટે વ્યક્તિને શોધવાનું મુશ્કેલ હતું. પરંતુ હવે કોમ્પ્યુટરની એક ક્લિક કરવાથી તે મળી જાય છે. આ પ્રકારની સેવાઓ પૂરી પાડતી website ઉપલબ્ધ હોય છે. ટૅકનોલોજીનો વિકાસ થતાં આ પ્રકારની સેવાઓ

સરળ બની છે. નેટવર્કિંગ સોસાયટીની ઉત્ક્રાંતિ થતાં Internet, Social Media, Wireless Mobilephone ની સગવડો વધી છે. પરિણામે સંપર્ક માટે એક નવા પ્રકારના ક્ષિતિજ સમાંતર નેટવર્કનો વિકાસ થયો-જેવા કે 'The Blog' (Internet Diary), 'The Vlog' (Video Diary), 'The Podcasts' (Own Radio Broadcast) આ વસ્તુઓ ગમે ત્યારે, ગમે ત્યાં, સરળતાથી ઉપલબ્ધ હોય છે.

આ પરિવર્તનને લઈને કોઈ પણ વ્યક્તિ પોતાનું કામ સમગ્ર નેટવર્કમાં કરી શકે છે. આ પ્રકારની વ્યક્તિગત આવડત, કાર્યકુશળતા, નિપુણતા કે કામ કરવાની ક્ષમતા ધરાવતી વ્યક્તિઓ પોતાનું કામ Networking Site માં કરી શકે છે.

**Social Networking Site : ઉદ્ભવ અને વિકાસ :**

Social Networking Site નો વિચાર ઘણો જૂનો છે. Social Networkનો વિકાસ થતાં લોકોના સામાજિક સંબંધો અને સંપર્ક માધ્યમોના રસ્તા બદલાઈ રહ્યા છે. My space, Facebook, Bebo, Friendster and Xanga નો ઉદ્ભવ થયો (Coyle C & Cughn H (2008).

ઇન્ટરનેટની લોકપ્રિયતાને કારણે સંપર્ક માટે લોકો Social Networking Site પર સક્રિય બન્યા. Social Networking સેવાઓ web based પર આધારિત છે. જે વ્યક્તિગતથી લઈ જાહેર અને સાર્વજનિક કે સરકારી પ્રોફાઈલ બનાવે છે. આ વ્યવસ્થાને લઈને લોકો એકબીજા સાથે જોડાઈને પોતાનાં મંતવ્યો, અભિપ્રાયો કે વિચારોનું આદાન-પ્રદાન કરી શકે છે. નેટવર્કિંગ સાઈટ મર્યાદિત સીમામાં વ્યક્તિને જાહેર કે ખાનગી પ્રોફાઈલ બનાવવાની સેવા આપે છે. નેટવર્ક ધરાવનાર, વ્યક્તિ તેમની સાથે જોડાયેલા બીજા વપરાશકારોની સાથે સંબંધો બાંધી શકે છે અને સંબંધો વધારી શકે છે. તેમની યાદીમાં જોડાયેલી વ્યક્તિ સાથે જોડાઈને તેમના અભિપ્રાયોનું ખંડન-મંડન કરી શકે છે. (C. Boyd & Ellison N (2007)

સૌપ્રથમ Social Networking Website શરૂઆત 1997માં થઈ હતી. જે Singlegress.com હતી. જેમાં લોકો પોતાના પ્રોફાઈલ બનાવતા તેમજ સાથે સાથે પોતાના મિત્રોની પ્રોફાઈલ પણ જોઈ શકતા. 1997 થી 2001 દરમ્યાન બીજાં ઘણાં નવા સાધનોની શરૂઆત થઈ. જેમાં બીજા મિત્રોની ન હોય તો પણ તેની પ્રોફાઈલ જોઈ શકતા અને જાહેરમાં પોતાના અભિપ્રાયો આપી શકતા. Social Networking Site નું બીજું મોજું 2001માં આવ્યું. ryze.com જે વ્યવસાયિક સંબંધો માટેની હતી. Friendstar 2002 માં આવી. ryze.com જે સામાજિક પૂરક તરીકે match.comની હરીફાઈમાં શરૂ કરવામાં આવી હતી. જે online deting site હતી. (Cohen, 2003) સામાજિક અને ટેકનીકલ મુશ્કેલીને કારણે Friendstar લાંબા સમય સુધી ચાલી શકી નહિ. તે પછી બીજી ઘણી Social Networking Site શરૂ થઈ. 2005માં માર્ક ઝુકરબર્ગ દ્વારા Facebook ની શરૂઆત થઈ. Facebookના વપરાશકર્તા શરૂઆતમાં શાળાના વિદ્યાર્થીઓ, કોર્પોરેટ વ્યવસાયિકો હતા અને અંતે તેને બધા માટે શરૂ કરવામાં આવી. Facebookનો ઉપયોગ કરનાર વ્યક્તિ પોતાની પ્રોફાઈલ બધાને માટે જાહેર કરી શકતા નથી. 2009માં Brian Acton અને Jan Koum દ્વારા Whatsapp ની શરૂઆત થઈ.

લોકોની સતત વધતી જતી માંગણી ને લઈને ઇજનેરોએ ટૅકનોલોજીનો ઝડપથી વિકાસ કરવો પડે છે. જૂન 2017 પ્રમાણે વિશ્વમાં 3.2 બિલિયન એટલે કે 51% લોકો ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે. વિશ્વની અડધી વસતી ઇન્ટરનેટનો વપરાશકર્તા છે. જ્યારે ભારતમાં 2017 પ્રમાણે ઇન્ટરનેટના વપરાશકર્તાની સંખ્યા 450 મિલિયનને પાર કરી ગઈ છે. વિશ્વમાં વધુને વધુ લોકો ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે. વિકસિત દેશોમાં 81% લોકો અને વિકાસશીલ દેશોમાં 40% લોકો ઇન્ટરનેટ વાપરે છે. (wekipedia, International Tele communication Union)

Social Mediaના ઉદ્ભવ પછી તેના જેવી બીજી ઘણી bolg, forums, business, microblog, chatapp, Worldwideના જણાવ્યા પ્રમાણે 2010થી 2016 સુધીમાં 2.17 બિલિયન લોકો Social

Mediaનો ઉપયોગ કરતા હતા જે 2017માં વધીને 2.77 થયા છે.

મોબાઈલ ફોનની સગવડને લઈને ઇન્ટરનેટના વપરાશમાં વધારો થયો છે. મોબાઈલમાં સૌથી વધુ 66% લોકો Social Media નો ઉપયોગ કરે છે જેમાં દર અઠવાડિયે સ્માર્ટ ફોનમાં 215 મિનિટથી વધારે, Social Media ઉપર 61 મિનિટ, ટેબ્લેટ પર 47 મિનિટ P.C.માં પસાર કરે છે. ભવિષ્યમાં સ્માર્ટફોન અને મોબાઈલ ફોનની વધતી જતી ઉપયોગિતાને લઈને ઇન્ટરનેટના વપરાશમાં વધારો થશે. મોબાઈલમાં Internet Browsingની સરળતાને કારણે મોટાભાગની Social app વાપરવાનું સરળ બન્યું છે.

1.86 બિલિયન લોકો facebook નો ઉપયોગ કરે છે. facebook એ સૌથી પ્રચલિત Social Networking site છે. 2016 પ્રમાણે 1.15 બિલિયન લોકો મોબાઈલ પર facebook ચાલુ કરે છે જે 2017માં 26.3 મિલિયન થયા છે.

Whatsapp 180 દેશોમાં વપરાય છે. world wide userના પ્રમાણે 417 મિલિયન લોકો Whatsappનો ઉપયોગ કરે છે. જુલાઈ 2017 પ્રમાણે 1.3 બિલિયન લોકો દર મહિને whatsapp શરૂ કરાવે છે. જેમાં 4.5 બિલિયન લોકો દરરોજ ફોટો શેર કરે છે. 5.5 મિલિયન લોકો રોજ મેસેજ મોકલે છે અને 1 બિલિયન લોકો રોજ વિડીઓ શેર કરે છે. Social Networking site માત્ર ઉપયોગકર્તાને જોડતા જ નથી પણ તે સિવાય માહિતીના આદાન-પ્રદાનમાં ઘણી ઉપયોગી છે. જે વ્યક્તિને તેમનું સ્થાનિક, સામાજિક સંપર્ક વધારવામાં ઉપયોગી નીવડે છે. લોકો જાહેર ખબરો માટે તેનો વધુને વધુ ઉપયોગ કરે છે.

**યુવાનો :**

ભારત એ યુવાનોનો દેશ છે. 'યુવાન એટલે કિશોરવયતી મધ્યમવય સુધીની વ્યક્તિ.' વયને ધ્યાનમાં રાખીને જુદી જુદી એજન્સીએ તેની લાક્ષણિકતાને આધારે યુવાનોની વ્યાખ્યા આપી છે. The National Youth Policy (2003) 13 થી 35 વર્ષની વ્યક્તિને યુવાન કહે છે. 2014માં The National Youth Policy આ વ્યાખ્યાને ફરી બદલાવતા 15 થી 29 વર્ષની વયને યુવાન કહે છે.

2011ની માહિતીને આધારે ભારતમાં 41% લોકો 20 વર્ષની નીચેની વયના છે. The Times of India ના જણાવ્યા પ્રમાણે ભારતમાં અડધાથી વધારે વસ્તી 20-59 વર્ષની વયજૂથની છે. માત્ર 9 ટકા લોકો જ 60 વર્ષથી વધારે વય ધરાવે છે. વર્તમાન સમયમાં યુવાનો 'ટેકનોસેવી' બનતા જાય છે. 21મી સદીમાં યુવાનોના જીવન જીવવાનો દૃષ્ટિકોણ બદલાઈ રહ્યો છે. સમાજમાં ઇન્ટરનેટ અને કોમ્પ્યુટરની વ્યાપક ઉપલબ્ધતાને કારણે યુવાનોમાં આ નવી આવડતો અને માહિતીનો વધુને વધુ પ્રસાર થઈ રહ્યો છે. વર્તમાન સમયમાં યુવાનોમાં પ્રશિક્ષણ માટે તે જરૂરી પણ છે. યુવાનો અભ્યાસની સાથે કોમ્પ્યુટરમાં ક્યાં અને કેવી રીતે ઉપયોગ કરે છે તે જાણવા માટે કૉલેજના વિદ્યાર્થીઓનો સંશોધન અભ્યાસ કરવામાં આવ્યો. આ સંશોધન અભ્યાસ સર્વે પર આધારિત છે. આ અભ્યાસ અમદાવાદની છ કૉલેજોના વિજ્ઞાન, વાણિજ્ય અને વિનિયન વિદ્યાશાખામાં અભ્યાસ કરતા યુવાનોનો છે. જેમાં કુલ 300 વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા. જેમાં 147 વિદ્યાર્થીનીઓ અને 153 વિદ્યાર્થીઓ હતા.

આ વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવવા માટે મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો. જે pre-testing કરવામાં આવી હતી. આમ, કૉલેજમાં વિદ્યાર્થીઓને રૂબરૂ મળીને અનુસૂચિ આપીને માહિતી એકત્રિત કરવામાં આવી.

આ અનુસૂચિમાં કોમ્પ્યુટર અને ઇન્ટરનેટના વપરાશનો સમય, અભ્યાસમાં તેની ઉપયોગિતા Social Media નો ઉપયોગ, Social Mediaની માહિતીમાં સલામતીના પ્રશ્નો, Social Mediaની હકારાત્મક અને નકારાત્મક અસરો, જેવા પ્રશ્નોને અભ્યાસમાં આવરી લેવામાં આવ્યા. આ યુવાન વિદ્યાર્થીઓના અભ્યાસનું વિશ્લેષણ કરતાં તેનાં તારણો આ પ્રમાણે જોવા મળ્યાં.

**અમદાવાદની કૉલેજમાં અભ્યાસ કરતા યુવાનોના Social Media અંગેનાં તારણો અને વિશ્લેષણ :**

કૉલેજના યુવાનોમાં Social Mediaનો ઉપયોગ સૌથી વધુ જોવા મળે છે. 157 છોકરાઓ અને 143 છોકરીઓ Social Media સાથે જોડાયેલા છે. જેમાં 147 વિદ્યાર્થીઓ Whatsappનો ઉપયોગ કરે છે. છોકરીઓ કરતાં છોકરાઓમાં Whatsappનો ઉપયોગ વધુ કરવામાં આવે છે. 108 વિદ્યાર્થીઓ facebook અને 45 વિદ્યાર્થીઓ twitterનો ઉપયોગ કરે છે. (Social Media ની અન્ય સાઈટો જેવી કે facebook, twitter, linkedin, google, tambir, instragram, gaming)

આજના સમયમાં યુવાનો માટે Social Media નો તેમના જીવનનો ભાગ બનતો જાય છે. કોઈ પણ પ્રકારના અવરોધ વગર મોટાભાગના લોકો Social Media સાથે જોડાઈ શકે છે. Social Media સાથે જોડાયેલા લોકો શું જીવનમાં દરરોજ એકબીજા સાથે પ્રત્યક્ષ સંપર્ક કરે છે ? અથવા એકબીજાને રૂબરૂ મળવાનું પસંદ કરે છે ? 52% યુવાનો જણાવે છે કે તેઓ પોતાના મિત્રો સિવાય સગાવ્હાલાને મળવાનું પસંદ કરતા નથી અથવા ઓછું પસંદ કરે છે. સંચાર માધ્યમો એ લોકો મળવાની કે ટચમાં રહેવાની તક પૂરી પાડે છે. યુવાનો માને છે કે Social Mediaમાં સમયનો બગાડ થાય છે. જેની ભણવા પર અસર થાય છે. દરરોજના 1.30 થી 2 કલાક યુવાનો Social Media પર પસાર કરે છે. Social Mediaની લાંબા સમયે આપના જીવન પર કેવી અસરો ઊભી થશે. Social Mediaની હકારાત્મક અને નકારાત્મક બંને પ્રકારની અસર છે.

Social Mediaની હકારાત્મક અસરો વિશેની વાત કરતા યુવાનો જણાવે છે કે શિક્ષકો અને વિદ્યાર્થીઓ ગ્રુપ દ્વારા એકબીજા સાથે સહેલાઈથી જોડાઈ શકે છે. ભણવા માટેના સ્ત્રોતો ઓનલાઈન પર સહેલાઈથી મળી શકે છે. ગેરહાજર રહેવા છતાં પોતાનો ગ્રેડ જાળવી શકાય છે. 59% વિદ્યાર્થીઓ પોતાના શૈક્ષણિક મુદ્દાને લઈને ચર્ચા કરે છે. કૉલેજના કામને લઈને વાતચીત કરે છે. કૉલેજમાં થતી પ્રવૃત્તિઓ મેસેજ અને ફોટા દ્વારા આપ-લે કરે છે. વિદ્યાર્થીઓ માટે એકબીજા સાથે સંપર્ક જાળવવા માટે Whatsapp સૌથી સહેલો રસ્તો છે.

યુવાનો એ આવતી કાલના ભાવિ નાગરિક છે. ચૂંટણી દરમ્યાન વિદ્યાર્થીઓ રાજકીયપક્ષની વિચારધારાને લઈને ચર્ચા કરે છે. રાજકીય પરિસ્થિતિ વિશેના મેસેજ કે વિડીઓની આપ-લે કરે છે. તેથી મતદારોના સહભાગીપણામાં વધારો થાય.

રાજકીય અને અન્ય ખબરોની જાણકારી online મળી રહે છે. 50% લોકો કહે છે કે Breaking News Social Media ના માધ્યમથી મળે છે. સૌથી ઝડપથી સમાચારોનો ફેલાવો Social Media દ્વારા થાય છે. Social Media શૈક્ષણિક તેમજ સંશોધનાત્મક પ્રવૃત્તિ માટેની માહિતી પૂરી પાડે છે. જ્યારે ક્યાંયથી માહિતી મળવાની શક્યતા હોય ત્યારે લોકો ઈન્ટરનેટ પર શોધખોળ કરે છે. Social Media વ્યક્તિગત કે સામુદાયિક બદલાવ માટેની સશક્ત માહિતી પૂરી પાડે છે. તેને લઈને સામુદાયિક બદલાવની પરિસ્થિતિ નિર્માણ થાય છે.

નોકરી કે વ્યવસાય વિશેની જાણકારી online મળે છે. નોકરીની તકો, માર્કેટિંગ માટેનું સૌથી મોટું platform છે. Whatsapp દ્વારા આવી માહિતીનો ફેલાવો થાય છે. કંપનીઓ પોતાના માટે કર્મચારી શોધી શકે છે. બેકાર લોકો નોકરી શોધી શકે છે. 89% નોકરીની ભરતી linkedin નામ માધ્યમથી થાય છે. 26% facebook અને 15% twitter દ્વારા કર્મચારી મેળવે છે. Social Mediaની site નોકરી માટેની તકો ઊભી કરે છે અને નોકરી દ્વારા આવક મેળવે છે.

**યુવાનોની દૃષ્ટિએ Social Mediaની નકારાત્મક અસરો :**

પશ્ચિમી સમાજના Social Mediaના કેટલાક અભ્યાસો જણાવે છે કે જે કૉલેજના વિદ્યાર્થીઓ 106 મિનિટ પસાર કરે છે તેનું પ્રમાણ 93% છે. જેવો પોતાના ગ્રેડમાં ઘટાડો કરે છે. અભ્યાસ દરમ્યાન Social Media નો ઉપયોગ કરે છે તેઓ પરીક્ષામાં નીચો દેખાવ કરે છે.

કૉલેજમાં પ્રવેશ મેળવતા 35% વિદ્યાર્થીઓ પર તેની નકારાત્મક અસર જોવા મળે છે. જે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવા માંગે છે તેઓ શોધખોળ કરે છે. Social Media એ સાચી માહિતી પ્રગટ કરતા નથી તેથી તેમને નુકસાન થાય છે. તેની અસર તેમના પ્રવેશના નિર્ણય પર પડે છે. 25 થી 34 વર્ષના યુવાનો કામ દરમ્યાન Social Media જોયા કરે છે. Social Mediaનો ઉપયોગ કર્મચારીની અપેક્ષામાં ઘટાડો કરે છે. નોકરી આપનાર કંપની કર્મચારીનું Social Mediaનું એકાઉન્ટ તપાસે છે અને વિચારે છે. Spellingની ભૂલો, નબળું વ્યાકરણ, કે જાતિવાદ અને ધાર્મિક વિષયવસ્તુ વિશેના અભિપ્રાયો સરવાળે તેમની વિરુદ્ધ લઈ જાય છે. યુવાનો Social Mediaનો સૌથી વધુ ઉપયોગ શિક્ષણ, વ્યવસાય કે નોકરી માટે કરે છે.

યુવાનો ખાસ કરીને જાહેરમાં online ઉપર પોતાની અંગત માહિતી પ્રકાશિત કરે છે. મોટાભાગના લોકોએ આ અંગેના નિયમો વાંચ્યા હોતા નથી તેમજ આ વિશેની માહિતીનો અભાવ હોય છે. આ માહિતીનો ત્રીજી વ્યક્તિ ઉપયોગ કરે છે. યુવાનોને પૂછવામાં આવ્યું કે શું Social Media પર મૂકવામાં આવેલી માહિતી શંકાસ્પદ હોય છે ? 71% યુવાનો માને છે કે Social Media પર મૂકવામાં આવતી માહિતી સંપૂર્ણ સત્ય હોતી નથી. facebook પર મૂકવામાં આવતી profile પણ ઘણી વખત અર્ધસત્ય માહિતી રજૂ કરવામાં આવે છે. 21% યુવાનો માને છે કે ખાનગી માહિતી કે ફોટા એ Social Media પર સલામતી નથી. કોર્પોરેટ કંપનીની બિનજરૂરી સૂચનાઓ કે જાહેરાતોનો મારો Social Media પર કે Email પર આવીને અતિરેક કરે છે.

Online Cyber Crime સામાન્ય છે. જ્યારે લોકો online પોતાની જન્મતારીખ, શાળાનું નામ, ફોન નંબર જાહેર કરે છે. આ માહિતી Cyber Crimeમાં વાપરવામાં આવે છે અને ગુનેગારો Social Media પર દર્શાવેલી માહિતીનો ઉપયોગ ગુનો કરવા માટે વાપરે છે. તે તમારી માહિતીની ચોરી કરે છે. જેમાં ક્યારેક online પર child pornography જેવા ગુનાઓ પણ થાય છે.

Social Media દ્વારા cyber bullying થાય છે. જે લાગણીને ઈજા પહોંચાડે છે, જે ક્યારેક આત્મહત્યામાં પણ પરિણમે છે. 49.5% વિદ્યાર્થીઓ પોતાને bullyingનો શિકાર માને છે. 2012ના અભ્યાસ પ્રમાણે 8 લાખ કિશોરો facebook પર હેરાન થાય છે. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ જે bullying માંથી પસાર થાય છે તેઓ આત્મહત્યા કરે છે તેની સંભાવના બે ગણી વધી છે. 15% યુવાનો કહે છે કે એવી કેટલીક ઘટનાઓ બની છે કે જેને લઈને તેમની મિત્રતામાં ઘટાડો થયો છે. 12% યુવાનો એવું કહે છે કે facebook ને લઈને તેમને રૂબરૂમાં બોલાચાલી થઈ છે. 3% યુવાનો એવું કહે છે કે facebook ઘટનાને કારણે તેમની વચ્ચે છુટ્ટા હાથની મારામારી થઈ છે. ઓનલાઈન વધુ પડતા જોડાએલા રહેવાને કારણે શારીરિક અને માનસિક ક્ષતિ થાય છે. ખરાબ સામાજિક વર્તન, એકાગ્રતામાં ઘટાડો, અતિ વ્યસ્તતા, પોતાની જાતમાં મસ્ત રહેવું, તાત્કાલિક કામનું વળતર વગેર નકારાત્મક અસરો ઊભી કરે છે. સોશિયલ મીડિયાની આદતોને કારણે, લાગણી વિષયક પ્રશ્નો જેવા કે હતાશા, ચિંતા, એકલતાની ઘટનાઓ બને છે. પોતાના સગાસંબંધી સાથે ઓછામાં ઓછું હળવું-મળવું જેવા સામાજિક પ્રશ્નો ઊભા થયા છે. 18-34 વર્ષના ઉંમરના 47% લોકો જમતી વખતે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે છે. બાળકોને સૌથી વધુ હતાશા, આત્મવિશ્વાસમાં ઘટાડો, ખાવાની કુટેવોની સાથે તેમને લોકોથી અલગ રહેવું કે દુર રહેવું જેવી ટેવો હોય છે.

ખોટી અફવાઓ અને અવિશ્વસનીય માહિતીનો ફેલાવો કરે છે. 49% લોકોએ ખોટા સમાચારો Social Media ઉપર વાંચ્યા હોય છે. facebookમાં આવતી જાહેર ખબરો તેમને વધુ નાણા ખર્ચવા પ્રભાવી કરે છે. facebook ઉપર આવતી જાહેર ખબરો તમારી માહિતી મેળવે છે અને તેમની વસ્તુ વેચવા માટે ઉપયોગ કરે છે.

સોશિયલ મીડિયા સમયનો બગાડ કરે છે. કોઈ નવી પોસ્ટ આવે છે ત્યારે માણસને પોતાના કામ તરફ પાછા જવામાં 20-30 મિનિટ લાગે છે. જ્યારે કોઈ નવી ટેક્ષ્ટ મેસેજ આવે છે ત્યારે તેમને 25-30 મિનિટ લાગે છે. ઓનલાઈન ગેમિંગ યુવાનોને માનસિક રીતે વિકૃત બનાવે છે. ગુસ્સો, હતાશા, મારામારી, ઘણા, તિરસ્કાર અને આત્મહત્યા કે ખૂન જેવી ઘટનાઓ તરફ પ્રેરે છે.

આમ, ભારતનો સમાજ ટેકનોલોજીના બદલાવમાંથી પસાર થઈ રહ્યો છે. યુવાનો વર્તમાન સમયમાં આભાસી વિશ્વમાં જીવી રહ્યા છે. Social Media યુવાનો માટે આકર્ષક બન્યું છે. યુવાનો સોશિયલ નેટવર્કિંગ સાઈટને પ્રભાવશાળી શક્તિ તરીકે સરખાવે છે. (Giddens 1990) જે રોમાંચક તો છે, પરંતુ કાબૂ કરી શકતો નથી. સોશિયલ નેટવર્કિંગ સાઈટનો આડેધડ ઉપયોગ એ ભારતના સમાજ અને સંસ્કૃતિ માટે જોખમ છે કારણ કે તે વિચલિત જીવનશૈલી અને વર્તનને પ્રોત્સાહિત કરે છે. યુવાનોની ગુનેગાર સંસ્કૃતિ ઉદ્‌ભવી રહી છે જે ઓનલાઈન ગુંડાગીરી, બદનક્ષી અને Cyber crime માં ભાગ લઈ રહી છે. વપરાશની સરળતા અને ગુમનામી પરિસ્થિતિ અપરાધોમાં વધારો કરે છે. નેટવર્કિંગ સોસાયટીનાં જોખમો તેને 'રિસ્ક સમાજ' બનાવે છે. અત્યારના યુવાનો સાયબર અપરાધોમાંના કેવળ શામેલ છે, પરંતુ તેનો ભોગ પણ બને છે કારણ કે તેઓને આ ઉપયોગનાં જોખમો વિષે જાણકારી નથી અને તેમને આ જોખમો ટાળવાની આવડત પણ નથી. આ સમસ્યા વૈશ્વિક સ્તરે છે અને તેથી સોશિયલ સાઈટની આડઅસરો સામે લડવા માટે વ્યૂહરચના પણ વૈશ્વિક સ્તરે બનાવવી જોઈએ અને તેમાં ઘણું કરવાની જરૂરિયાત છે.

**સંદર્ભસૂચિ :**


- Beck U (1992), Risk Society : Towards a New Modernity, New Delhi, Sage
- Bnoyd D & Ellison N (2007) Social Networks Sites : Definition History and Scholarship, Journal of Computer-Mediated Communication, 13(1), 1-11, Retrieved from http://jcmcindiana.edu/vol/13
- Cohen R (2003 5 July), Livewise : Websites try to make internet dating less creepy. Reuters : Retrived from http://asiea.reuters.com/newsarticle.jhtml
- Coyle C & Voughn H (2008). Social Networking, Communication Revolution or Evolution? Bell Labs Journal, 13, 13-17
- Doughlas K (1989). Critical Theory, Marxism and Modernity, Cambridge : Polity Press.
- Fredric J (1991), Post modernism of The Cultural Logic of Late Capitalism, Durkham : Duke University Press.
- Giddns A (1990). The consequences of Modernity, Cambridge : Policy Press.
- Jean B (1983) Simulations. Cambridge : The MIT Press.
- Kubicek H (1988). What does it mean ? Communications of the ACM, 41(12), 21-2
- Manual C (1996). Information age : Economy society and Culture, Volume-I : The Rise of the Network Society, Oxforx : BlackWell
- Van DJ (2012). The Network Society. Thrid Edition, London : Sage Publications.
- Youth in India (2017). Central Stastics office, Ministry of Stastics and Programme. Implication Government of India, Social Statistics Division (Page No.2)


●

# સામાજિક સંશોધન : સમસ્યાઓ અને પડકાર

– ડૉ. મનીષકુમાર એમ. જનસારી*

વર્તમાન યુગ વૈજ્ઞાનિક યુગ છે અને વિભિન્ન ક્ષેત્રોની અનેકવિધ સમસ્યાઓ પરત્વે વૈજ્ઞાનિક જ્ઞાન મેળવવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિને અનુસરીને અનેકવિધ સંશોધનો હાથ ધરવામાં આવે છે. નવજાગરણ અને નવજાગૃતિના સમયગાળા દરમિયાન અનેકવિધ વિદ્વાનો દ્વારા વિવિધ ક્ષેત્રોમાં વૈજ્ઞાનિક જ્ઞાન મેળવવા કરવામાં આવેલી હિમાયત અને પ્રયાસોના પરિણામે બૌદ્ધિક વિકાસનો પ્રારંભ થયો, અનેકવિધ શોધખોળો અને આવિષ્કારો થયા. સર આઈઝેક ન્યૂટનના Philosophiae Maturalis Principia Mathematica (1687) ગ્રંથના પ્રકાશને વિશ્વમાં વૈજ્ઞાનિક યુગનાં મંડાણ કર્યાં. ન્યૂટનના ભૌતિકશાસ્ત્રે પ્રાકૃતિક ઘટનાઓના વિશ્લેષણ અને ઘટનાઓના વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરવા પર ભાર મૂક્યો.

આ સંજોગોમાં પ્રારંભિક સામાજિક ચિંતકોએ પણ સામાજિક ઘટનાઓના અભ્યાસમાં ભૌતિક વિજ્ઞાનની પદ્ધતિ (પ્રયોગ, નિરીક્ષણ) લાગુ પાડવાની હિંમત કરી. આથી સામાજિક વિજ્ઞાનોના ઉદ્ભવની પાર્શ્વભૂમિકા સ્પષ્ટ થઈ. વધુમાં ફ્રેંચ ક્રાંતિ, ઔદ્યોગિક ક્રાંતિ અને સમગ્ર યુરોપમાં થયેલી રાજકીય હલચલોએ સામાજિક વિજ્ઞાનોના ઉદ્ભવની પૂર્વભૂમિકા પૂરી પાડી. જેની અસરતળે મધ્યયુગની સામાજિક વ્યવસ્થામાં નોંધપાત્ર પરિવર્તનો આવ્યાં કે જેને સમજવા માટે સમાજશાસ્ત્ર જેવા સામાજિક વિજ્ઞાનનો ઉદય થયો, જેનો હેતુ સામાજિક ઘટનાઓ વિશે વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા યથાર્થ અને વિશ્વસનીય જ્ઞાન મેળવવાનો હતો. આથી સામાજિક સંશોધનો અનિવાર્ય બન્યાં. સંશોધન એક પ્રક્રિયા છે અને તે નિયત ક્રમાનુસાર તબક્કાઓને અનુસરીને થાય છે, જેનું અનુસરણ કરવું પ્રત્યેક સંશોધક માટે અનિવાર્ય છે. અન્યથા સામાજિક સંશોધનની યથાર્થતા અને વિશ્વસનીયતાના પ્રશ્નો ઉદ્ભવે છે.

પ્રસ્તુત લેખનો હેતુ સંશોધન પ્રક્રિયાના વિભિન્ન સોપાનો સાથે સંબંધિત સમસ્યાઓ અને પડકારોની ચર્ચા કરવાનો છે. આ ચર્ચા મુખ્યત્વે લેખક અને અન્ય સંશોધકોના ક્ષેત્રકાર્યના અનુભવો વિષે થયેલા વાર્તાલાપ તેમજ વિભિન્ન મોનોગ્રાફની તપાસના આધારે તૈયાર કરવામાં આવ્યો છે.

**સંશોધન ડિઝાઈન :**

કોઈ પણ સંશોધનની શરૂઆત સંશોધન ડિઝાઈનની રચનાથી થાય છે. સંશોધન ડિઝાઈન દ્વારા સંશોધન પદ્ધતિ, સંશોધન હેતુઓ, પરિવર્ત્યો, માહિતી એકત્રીકરણની પ્રયુક્તિ અને માહિતીનું સ્વરૂપ, વિશ્લેષણનું સ્વરૂપ ઇત્યાદિની ભાવિ યોજનાને મૂર્ત સ્વરૂપ આપવામાં આવે છે અને તેથી સંશોધક સંશોધન બાબતમાં સ્પષ્ટ થાય છે. સમાજશાસ્ત્રમાં વિષયવસ્તુને અનુરૂપ મોટેભાગે બિનપ્રાયોગિક સંશોધન ડિઝાઈન અપનાવવામાં આવે છે કે જેનો અભિગમ ઘટનાનું વર્ણન કરવાનો હોય છે. જોકે આપણો અભિગમ વર્ણનાત્મક હોય તો પણ તેમાં પૃથક્કરણને બાકાત રાખી ન શકાય. એટલે કે વિભિન્ન પરિવર્ત્યો/ઘટનાઓ વચ્ચે સંબંધ સ્પષ્ટ કરવાનું ધ્યેય સંશોધનની ઉપયોગિતા માત્રમાં વૃદ્ધિ કરતો નથી, પરંતુ સચોટ તારણો-સામાન્યીકરણ તારવવામાં મહત્ત્વપૂર્ણ સાબિત થાય છે અને તે સામાજિક જીવનને લગતા આપણા જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે.

કોઈ પણ સંશોધકે પસંદ કરેલી સંશોધન ડિઝાઈનના નિયત તબક્કાઓને અનુસરવાના હોય છે. એક બાજુ, સંશોધનના વિવિધ તબક્કાઓ સંશોધન અને સંશોધન પદ્ધતિની મર્યાદાઓ દ્વારા પ્રભાવિત થાય છે. બીજી બાજુ, ઘણા બધા યુવાન સંશોધકો આ સોપાનોને ક્રમાનુસાર અનુસરતા નથી. તેઓ સાહિત્ય સમીક્ષા, સૈદ્ધાંતિક પાર્શ્વભૂમિ અને પરિવર્ત્યોની પસંદગીની ઉપરવટ જઈને નિદર્શન, માહિતી એકત્રીકરણની પ્રયુક્તિની પસંદગી અને ક્ષેત્રકાર્ય દ્વારા માહિતી એકત્રીકરણને પ્રાથમિકતા આપે છે. અહીં સંશોધક સંશોધનપ્રશ્નના

* શ્રી ભીખાભાઈ પટેલ આર્ટ્સ કૉલેજ, C/o એમ.બી.સાયન્સ કૉલેજ, સરદારગંજ રોડ, આણંદ-૩૮૮૦૦૧. મો.: ૯૪૨૮૬૨૨૨૫૩

અસ્પષ્ટ ઘડતર, સાહિત્ય સમીક્ષા અને સૈદ્ધાંતિક પાર્શ્વભૂમિ વિશેના ઉપરછલ્લા, અપર્યાપ્ત જ્ઞાન સાથે ક્ષેત્રકાર્યનો પ્રારંભ કરે છે કે જે સંશોધનની ગહનતા, વિશ્વસનીયતા-યથાર્થતા માટે પડકારરૂપ સાબિત થાય છે.

**સંશોધનપ્રશ્નની ઓળખ, પસંદગી અને ઘડતર :**

સંશોધનપ્રશ્નની ઓળખ, પસંદગી અને ઘડતર એ ત્રણે પ્રક્રિયાઓ સંશોધન ડિઝાઈનના આયોજન માટેની પ્રાથમિક પ્રક્રિયાઓ છે, પૂર્વભૂમિકા છે. વર્તમાન સંશોધનોમાં સંશોધનપ્રશ્નની ઓળખ-પસંદગી મુખ્યત્વે સંશોધકના વ્યક્તિગત-રસ-હિત અને શૈક્ષણિક જરૂરિયાત સાથે સંબંધિત હોય છે. પરિણામે સૈદ્ધાંતિક જ્ઞાનમાં વૃદ્ધિ થાય તેવા સંશોધન પ્રશ્નો પર ભાગ્યે જ સંશોધનો હાથ ધરવામાં આવે છે. વધુમાં, યુવાન સંશોધકો સંશોધનપ્રશ્નના ઘડતરમાં પણ સભાન હોતા નથી. સંશોધનપ્રશ્નનું ઘડતર એટલા માટે મહત્ત્વનું છે કે તે સંશોધકને સંશોધનના નિશ્ચિત મુદ્દાઓ અને પરિવર્ત્યો પરત્વે કેન્દ્રિત કરે છે, તે સંશોધનપ્રશ્નને સીમિત બનાવી તપાસનું ક્ષેત્ર સ્પષ્ટ કરે છે અને સંશોધનના હેતુઓ નિયત કરે છે. સંશોધનપ્રશ્નના અસ્પષ્ટ ઘડતરના પરિણામે સંશોધન હેતુઓ વિશે પણ સંશોધક સંદિગ્ધ બને છે. આથી સંશોધનપ્રશ્નને આનુષંગિક ગહન માહિતી મેળવી શકાતી નથી કે કેવા પ્રકારની કઈ કઈ માહિતી મેળવવાની બાબતમાં પણ સંદિગ્ધતા સર્જાય છે.

**સાહિત્ય સમીક્ષા અને સૈદ્ધાંતિક પાર્શ્વભૂમિ :**

સંશોધનપ્રશ્નની ઓળખ પસંદગી અને ઘડતરથી લઈને સંશોધન અહેવાલ લેખન સુધીની સમગ્ર સંશોધન પ્રક્રિયાને આત્મસાત્ કરવા માટે સાહિત્ય સમીક્ષા અનિવાર્ય અને મહત્ત્વપૂર્ણ છે. તે સમગ્ર સંશોધન ડિઝાઈન વિશે માર્ગદર્શન પૂરું પાડે છે, પરંતુ ઘણા યુવાન સંશોધકો આ તબક્કાની અવગણના કરે છે અને માહિતી એકત્રીકરણ કર્યા બાદ તેને અનુરૂપ સાહિત્ય સમીક્ષા કરે છે. પરિણામે સમગ્ર સંશોધન ઉપરછલ્લુ અને ખામીભર્યું બને છે. પર્યાપ્ત સાહિત્ય સમીક્ષા વગર ગહન, યથાર્થ અને વિશ્વસનીય સંશોધન શક્ય નથી. કારણ કે સંશોધનપ્રશ્નની પસંદગી-ઘડતર, સૈદ્ધાંતિક માળખું, સુસંગત સંશોધન પદ્ધતિ, પરિવર્ત્યોની વ્યાખ્યા. માહિતી એકત્રીકરણ અને તેનું વિશ્લેષણ, વિભિન્ન પરિવર્ત્યો વચ્ચેનો સંબંધ, ભૂતકાલીન સંશોધનનાં તારણો સાથે પ્રસ્તુત સંશોધનના તારણો સાથેની તુલના, અહેવાલ લેખન જેવા સંશોધનનાં પ્રત્યેક તબક્કા વિશેનું માર્ગદર્શન સુસંગત અને પર્યાપ્ત સાહિત્ય સમીક્ષા વગર મળી શકતું નથી. આથી અપર્યાપ્ત સાહિત્ય સમીક્ષા સંશોધનને નિરર્થક સાબિત કરે છે.

એ જ રીતે મોટાભાગનાં સંશોધનોમાં સૈદ્ધાંતિક પાર્શ્વભૂમિને અવગણવામાં આવે છે. પરિણામે પ્રસ્તુત સંશોધન અને સિદ્ધાંત વચ્ચેનો સંબંધ સ્થાપિત થઈ શકતો નથી કે સિદ્ધાંતની ચકાસણી કે પુનઃચકાસણી શક્ય બનતી નથી. હકીકતમાં સિદ્ધાંત અને સિદ્ધાંતિક નિયમો સંશોધનોની ફલશ્રુતિ હોવાથી અનુભવજન્ય હોય છે, પરંતુ અનુભવજન્ય અભ્યાસોમાં તેની અવગણના સંશોધનની મહત્ત્વપૂર્ણ મર્યાદા સાબિત થાય છે.

**સંશોધન પદ્ધતિ :**

સંશોધન પદ્ધતિની પસંદગી સંશોધનપ્રશ્નના સ્વરૂપ અને સમષ્ટિના કદ પર આધારિત છે. સામાજિક વિજ્ઞાનોમાં સર્વેક્ષણ, વ્યક્તિ તપાસ, જૂથચર્ચા, ઐતિહાસિક-તુલનાત્મક પદ્ધતિ ઇત્યાદિનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રત્યેક પદ્ધતિઓની પોતાની મર્યાદાઓ છે કે જેના દ્વારા સંશોધન પ્રભાવિત થાય છે.

વર્તમાન સમયમાં સામાજિક વિજ્ઞાનોમાં અને સમાજશાસ્ત્રમાં સર્વેક્ષણ પદ્ધતિનો વ્યાપકપણે ઉપયોગ કરવામાં આવે છે. આ સંજોગોમાં સામાજિક જીવનને લગતી ગુણાત્મક માહિતીનું સચોટપણે વર્ણન-વિશ્લેષણ થઈ શકતું નથી, કારણ કે અહીં ગુણાત્મક માહિતીને આંકડામાં રજૂ કરવામાં આવે છે. એટલે કે, વિશિષ્ટ ઘટનાઓ કે બનાવોને કેસ સ્વરૂપે રજૂ કરવામાં આવતા નથી. આથી જે તે ઘટનાનું ઉપરછલ્લું વર્ણન જ પ્રસ્તુત થાય છે. આથી સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરીએ ત્યારે શક્ય એટલે અંશે વિશિષ્ટ ઘટનાઓ-બનાવોને કેસ તરીકે ગુણાત્મક સ્વરૂપે રજૂ કરવાનો પ્રયાસ કરવો જોઈએ છે. જેથી ઘટનાની ગહનતાને સમજી શકાય.

જ્યારે સમષ્ટિ મર્યાદિત અને વિશિષ્ટ હોય ત્યારે વ્યક્તિ તપાસ કે જૂથચર્ચા જેવી પદ્ધતિઓ દ્વારા પણ અભ્યાસ કરી શકાય, પરંતુ આવા સંજોગોમાં પણ સંશોધકો અમુક કારણોસર આવી પદ્ધતિઓનો ઉપયોગ કરવાનું ટાળે છે. એ પણ હકીકત છે કે જૂજ માત્ર અભ્યાસોમાં આવી સંશોધન પદ્ધતિઓને અનુસરવામાં આવે છે.

**પરિવર્ત્યોની વ્યાખ્યા :**

સ્વતંત્ર, આધારિત અને નિયંત્રિત પરિવર્ત્યોની ઓળખ અને તેની કામચલાઉ વ્યાખ્યા અનિવાર્ય છે, કારણ કે તે બે પરિવર્ત્યો વચ્ચેનો સંબંધ સ્થાપિત કરવામાં અને ભૂતકાલીન સંશોધનોનાં તારણો સાથે તુલના કરવા માટે મહત્ત્વપૂર્ણ છે. પરિવર્ત્યોની ઓળખ અને વ્યાખ્યાની સ્પષ્ટતાના પરિણામે વિવિધ પરિવર્ત્યો વચ્ચેના સંબંધ સ્પષ્ટ કરવાની દિશા મળે છે અને પરિણામે આપણું વિશ્લેષણ વધુ ગહન અને વિશ્વસનીય બને છે. જો કે, ઘણાં યુવાન સંશોધકો પરિવર્ત્યો વિશે સ્પષ્ટ હોતા નથી અને તેની અવગણના કરવામાં આવે છે ત્યારે સંશોધન પૃથક્કરણાત્મકને બદલે માત્ર વર્ણનાત્મક બની રહે છે. એટલું જ નહીં, વિસ્તૃત તારણો કે સામાન્યીકરણો પણ તારવી શકાતા નથી.

**નિદર્શની પસંદગી :**

વર્તમાન સમયમાં સમય, શ્રમ અને નાણાંની મર્યાદાને લઈને નિદર્શ સર્વેક્ષણ વધુ થાય છે. નિદર્શની પસંદગી દરમિયાન નિદર્શન અને બિનનિદર્શન ભૂલો સર્વસામાન્ય છે. એટલું જ નહીં, યદચ્છ અને બિનયદચ્છ નિદર્શનની વિવિધ પદ્ધતિઓના પોતાના લાભ-મર્યાદાઓ તો છે જ. યદચ્છ નિદર્શન પદ્ધતિમાં સમષ્ટિના બધા એકમોને નિદર્શ તરીકે પસંદગી પામવાની તક મળે છે. તે દૃષ્ટિએ આ પદ્ધતિઓ વધુ યથાર્થ-વિશ્વસનીય છે, પરંતુ સમય, નાણાંનો અભાવ, ઉત્તરદાતાની બિનઉપલબ્ધતા, આળસ જેવાં કારણોસર પસંદ કરેલા નિદર્શ એકમો પાસેથી માહિતી એકત્ર કરવામાં ન આવે ત્યારે સંશોધનની યથાર્થતાના પ્રશ્નો સર્જાય છે. જ્યારે વિશિષ્ટ સંજોગોમાં બિનયદચ્છ નિદર્શન પસંદ કરવાનું થાય ત્યારે પણ આ જ પ્રશ્નો પડકારરૂપ બને છે. જેથી આવા અભ્યાસનાં તારણો-સામાન્યીકરણો પ્રશ્નાર્થરૂપ બને છે. જેથી આવા અભ્યાસનાં તારણો-સામાન્યીકરણો પ્રશ્નાર્થરૂપ બને છે. ક્યારેક સમય, શ્રમ અને નાણાંની બચત માટે, આળસ કે માર્ગદર્શનના અભાવના કારણે યદચ્છ નિદર્શ મેળવી શકાય તેમ હોય તો પણ બિનયદચ્છ નિદર્શ મેળવવામાં આવે ત્યારે પણ સંશોધનની યથાર્થતા-વિશ્વસનીયતા જોખમાય છે.

**માહિતી એકત્રીકરણ :**

પસંદ કરેલા નિદર્શ એકમ પાસેથી નિરીક્ષણ, પ્રશ્નાવલિ કે મુલાકાત જેવી પ્રયુક્તિઓ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવે છે. માહિતી એકત્રીકરણની પ્રત્યેક પ્રયુક્તિની પોતાની મર્યાદાઓ તો છે જ. વધુમાં, જ્યારે પ્રશ્નાવલિ કે મુલાકાત માટે રચવામાં આવેલી અનુસૂચિ કે માર્ગદર્શિકા દ્વારા માહિતી એકત્ર કરવાની હોય ત્યારે સંશોધકે કરેલ સાહિત્ય સમીક્ષા મહત્ત્વપૂર્ણ સાબિત થાય છે. જો કે અપર્યાપ્ત સાહિત્ય સમીક્ષાના પરિણામે સંશોધન પ્રશ્ન સાથે સંબંધિત બધા જ પ્રશ્નો આવરી લઈ શકાતા નથી. એટલું જ નહીં, પસંદ કરેલા પ્રશ્નોના ઉત્તરો કઈ દિશામાં મેળવવાના છે તેની પણ સંશોધક પાસે જાણકારી હોતી નથી. દા.ત. છૂટાછેડા વિશે તમે શું માનો છો? ધર્મ પરિવર્તન વિશે તમારું શું મંતવ્ય છે? આવા અનેક પ્રશ્નોના વિકલ્પો કે પ્રત્યુત્તર મેળવવાની દિશા અંગે સંશોધક સ્પષ્ટ ન હોય તો આપણને સંશોધન હેતુઓ સાથે સંબંધિત માહિતી મળવાની શક્યતાઓ ઘટી જાય છે.

પ્રશ્નાવલી/અનુસૂચિમાં કેટલાક એવા પ્રશ્નો પણ પૂછવામાં આવે છે કે જેના વિશે ઉત્તરદાતા પાસે ટેકનીકલ જ્ઞાન ન હોવાની પૂરી સંભાવના હોય છે. દા.ત. તમારું કુટુંબ સંયુક્ત છે કે વિભક્ત ? આવા પ્રશ્નો સંશોધનની મર્યાદામાં વૃદ્ધિ કરે છે. પ્રશ્નાવલી/અનુસૂચિ દ્વારા માહિતી એકત્રીકરણ કરવાનું હોય ત્યારે યુવા સંશોધકો બંધ પ્રકારના પ્રશ્નો વધુ પૂછે છે, પરંતુ જ્યારે સાહિત્ય સમીક્ષા અપર્યાપ્ત હોય ત્યારે બંધ પ્રકારના પ્રશ્નોને ઉચિત અને પર્યાપ્ત વિકલ્પો આપી શકાતા નથી. પરિણામે ઘણી બધી માહિતી મેળવી શકાતી નથી અને

ગહનના બદલે ઉપરછલ્લી માહિતી મળે છે. અન્યના વિકલ્પ દ્વારા પણ ઇચ્છિત પર્યાપ્ત માહિતી મળી શકતી નથી. વધુમાં, જ્યારે બંધ પ્રકારના પ્રશ્નો વધુ પૂછવામાં આવે ત્યારે સામાજિક જીવનને સમજવા માટે અનિવાર્ય એવી ગુણાત્મક માહિતી મેળવી શકાતી નથી.

આવી સમસ્યાઓના નિરાકરણ માટે પ્રશ્નાવલી કે અનુસૂચિની પૂર્વચકાસણી આવશ્યક છે, પરંતુ ઘણા બધા સંશોધકો પ્રશ્નાવલી/અનુસૂચિની પૂર્વચકાસણી વિના ક્ષેત્રકાર્યની શરૂઆત કરે છે ત્યારે કેટલાક પ્રશ્નો નિરૂત્તર રહે છે કે જેને સંશોધક વિશ્લેષણમાં સામેલ કરતા નથી. આ ઘટના સંશોધન માટે પડકારરૂપ છે.

અનુસૂચિ અને માર્ગદર્શિકાના ઉપયોગમાં સંશોધક માટે એક સમસ્યા એ છે કે અન્ય સભ્યોની હાજરીમાં ઉત્તરદાતા પાસેથી માહિતી મેળવવી કે અન્ય સભ્યોની ગેરહાજરીમાં ? તેના લાભ-ગેરલાભ છે જ. ઘણીવાર ખાનગી સંવેદનાત્મક માહિતી અન્ય સભ્યોની હાજરીમાં સચોટપણે મેળવી શકાતી નથી તો ક્યારેક આવી માહિતી મેળવવામાં અન્યોની હાજરી મદદરૂપ બને છે અને ઉત્તરદાતાને સત્ય ઉત્તરો આપવા પ્રેરે તેવું મારા સંશોધનના અનુભવમાં જોવા મળ્યું છે.

**માહિતીનું વિશ્લેષણ :**

માહિતી એકત્રીકરણ એ સંશોધન હેતુઓના સંદર્ભમાં મેળવેલી કાચી સામગ્રી છે, જેને કોડીંગ, સંપાદન, કોષ્ટકીકરણ બાદ કરવામાં આવતા વર્ણન-વિશ્લેષણ દ્વારા તારણો-સામાન્યીકરણ તારવી શકાય તેવા સ્વરૂપમાં રજૂ કરવાની હોય છે. ઘણા બધા મોનોગ્રાફની તપાસમાં સ્પષ્ટ થાય છે કે સંશોધકો કોષ્ટક-આલેખનું વર્ણન કરવાનું લક્ષ્ય જ ધરાવતા હોય છે. તેઓ કોષ્ટકનું વર્ણન જ કર્યા કરે છે અને વિશ્લેષણ કેવી રીતે કરવું તેની સમજ ધરાવતા હોતા નથી એટલું જ નહીં, બે કે તેથી વધુ પરિવર્ત્યો વચ્ચેના સંબંધની તપાસને પણ તેઓ અવગણતા હોય છે. વાસ્તવમાં સચોટ તારણો-સામાન્યીકરણો તારવવા માટે વિભિન્ન પરિવર્ત્યો વચ્ચેના સંબંધની તપાસ અનિવાર્ય છે. અહીં સંશોધકનું જ્ઞાન, અનુભવ, સાહિત્ય સમીક્ષા અને માર્ગદર્શક વધુ મહત્ત્વપૂર્ણ સાબિત થાય છે.

પ્રસ્તુત સંશોધનનાં તારણો-સામાન્યીકરણોની ભૂતકાલીન સંશોધનનાં તારણો-સામાન્યીકરણ સાથેની તુલના દ્વારા પરિવર્તનની તપાસ થઈ શકે, પરંતુ મોટાભાગના સંશોધકો પર્યાપ્તપણે તુલના કરવાનો પ્રયાસ કરતા નથી અથવા તુલના અયોગ્ય હોય છે, કારણ કે સામાજિક સંશોધનોમાં સ્પષ્ટપણે જોવા મળે છે કે વિભિન્ન સંશોધનોમાં સમાન વિભાવનાની (દા.ત. કુટુંબ, ઘર, બેરોજગારી, પુખ્ત, યુવાન) વ્યાખ્યા સમાન હોતી નથી કે તેના વિશે સર્વસંમતિ હોતી નથી. આ સંજોગોમાં તુલનાનો પ્રયાસ અયોગ્ય સાબિત થાય છે. આ ઘટના સમાજશાસ્ત્રને સંપૂર્ણ વિજ્ઞાન તરીકે સ્થાપિત કરવામાં અવરોધરૂપ બને છે.

**સંશોધનની નીતિમત્તા :**

સંશોધનની નીતિમત્તાને અનુસરવું પ્રત્યેક સંશોધક માટે અનિવાર્ય છે, પરંતુ ઘણા બધા સંશોધકો પરિચિત-અપરિચિત ક્ષેત્રમાં ઉત્તરદાતા સમક્ષ પોતાના સંશોધનનો હેતુ, મહત્ત્વ સ્પષ્ટ કરતા નથી. બલકે ગેરમાર્ગે દોરે છે. તેઓ ઉત્તરદાતાને પૈસા, લોન, નોકરી, વ્યક્તિગત સમસ્યાનો ઉકેલ લાવી આપવાના લોભ-લાલચ કે પ્રલોચન દ્વારા માહિતી એકત્ર કરતા હોય છે. આ સંજોગોમાં ઉત્તરદાતા પાસે વિશ્વસનીય માહિતી મળવાની શક્યતાઓ નહિવત્ રહે છે. પરિણામે સંશોધનની ગુણવત્તાના પ્રશ્નો ઉદ્ભવે છે.

અંતે કહીએ તો સંશોધકે સંશોધનના નિશ્ચિત તબક્કાને ક્રમાનુસાર અનુસરીને સંશોધન કરવું અનિવાર્ય છે. સંશોધનને વધુ ગહન બનાવવા માટે વ્યાપક-વિસ્તૃત સાહિત્ય સમીક્ષા અનિવાર્ય છે. સંશોધક જ્યારે પોતાના સંશોધનને સૈદ્ધાંતિક પાર્શ્વભૂમિમાં રજૂ કરે ત્યારે સંશોધન વધુ ગહન બને છે. વિશ્વસનીયયથાર્થ નિદર્શની પસંદગી અને સંશોધન હેતુઓ સાથે સંબંધિત માહિતી એકત્રીકરણ ગહન-સચોટ વિશ્લેષણ અને તારણો તારવવા માટેની પાર્શ્વભૂમિકા પૂરી પાડે છે કે જે વૈજ્ઞાનિક જ્ઞાનમાં વૃદ્ધિ કરે અને આપણા વૈજ્ઞાનિક સાહસને યથાર્થ સાબિત કરે.

●

# ગ્રામીણ રોજગારી અને કારીગરોનું સ્થળાંતર (બહુચરાજી તાલુકાના સંદર્ભે) – પ્રા.હસમુખ પંચાલ*

**1. પ્રસ્તાવના :**

ગ્રામીણ ભારતના આર્થિક જીવનના સ્વરૂપોને તથા ગામના આંતરજ્ઞાતિય સંગઠનના સ્વરૂપને સમજવામાં જજમાની વ્યવસ્થા ખૂબ મહત્ત્વની ગણાય. જજમાની વ્યવસ્થા ગ્રામીણ સમુદાયના આર્થિક પરસ્પરાવલંબનને સૂચિત કરતી સંસ્થા છે. ગામની અર્થવ્યવસ્થા મુખ્યત્વે જ્ઞાતિઓના કાર્યાત્મક વિશેષીકરણ અને પરસ્પરાવલંબન ઉપર રચાયેલી છે. પ્રત્યેક જ્ઞાતિને તેનો વંશપરંપરાગત વ્યવસાય હોય છે અને તે ગામની અન્ય જ્ઞાતિઓના કુટુંબોને પોતાની વ્યાવસાયિક સેવા આપે છે જેમ કે લુહારજ્ઞાતિ, ગામને ખેત-ઓજારોનું સમારકામ અને નવાં ઓજારો બનાવી આપવાં. તે જ રીતે સુથાર, કુંભાર, મોચી વગેરે ગામને પોતપોતાની વ્યાવસાયિક સેવા આપે છે અને તેના બદલામાં સેવા લેતાં કુટુંબો તરફથી તેમને સેવાનો બદલો આર્થિક સ્વરૂપમાં ચૂકવવામાં આવે છે. પરંતુ સાંપ્રત સમયમાં લોકશાહી મૂલ્યોના પ્રસાર હેઠળ સ્વાતંત્ર્ય અને સમાનતાનાં મૂલ્યો વિકસ્યાં હોવાથી પરંપરાગત રીતે ફરજિયાત સ્વરૂપે લદાયેલી સેવાવ્યવસ્થા નીચે વ્યક્તિ ગૂંગળામણ અનુભવતી હોય છે અને તેમાંથી મુક્તિ મેળવવા સ્થળાંતર કરે છે. બહુચરાજી તાલુકામાં અન્ય ગામોમાંથી સ્થળાંતર કરીને વસેલા લુહાર (પંચાલ) જ્ઞાતિના કારીગરોની સ્થિતિનો તેમજ અસંગઠિત ક્ષેત્રમાં લુહાર કારીગરોને મળતી રોજગારી અને તેના પરિણામોનો પ્રસ્તુત અભ્યાસ છે.

સંશોધન હેતુ - (1) ગ્રામીણ કારીગરોનું સ્થળાંતર થાય છે કે કેમ તે તપાસવું.

(2) સ્થળાંતરનું મુખ્ય કારણ આર્થિક બાબત છે કે કેમ તે જાણવું.

**2. સંશોધન પદ્ધતિ :**

બહુચરાજી તાલુકા મથકમાં વસતા લુહાર જ્ઞાતિના કારીગરોની રૂબરૂ મુલાકાત અને મુલાકાત અનુસૂચિ દ્વારા પ્રાથમિક માહિતી મેળવેલ છે. દ્વિતીયક માહિતી સંશોધન લેખ, પુસ્તકો, સામયિકો, અહેવાલ, ઈન્ટરનેટ વગેરેમાંથી મેળવેલ છે. સર્વેક્ષણ પદ્ધતિથી સંશોધન કરેલ છે. પ્રથમ વિભાગમાં સંશોધન વિષયની સમજ અપેલ છે. બીજા વિભાગમાં સંશોધન પદ્ધતિ, ત્રીજા વિભાગમાં અર્થઘટન અને વિશ્લેષણ તથા ચોથા વિભાગમાં સારાંશ રજૂ કરેલ છે.

**3. બહુચરાજીમાં સ્થળાંતરિત કારીગરોમાં લુહાર જ્ઞાતિ :**

બહુચરાજીમાં 2014ના દિપાવલી વેકેશનમાં મુલાકાત અનુસૂચિ દ્વારા પ્રાથમિક માહિતી મેળવેલ છે. 37 જેટલાં લુહાર જ્ઞાતિનાં કુટુંબોની મુલાકાત થઈ શકી છે. તે બધા બહુચરાજી તાલુકાના 30 કિ.મી.ના અંતરે રહેલ ગ્રામીણ ક્ષેત્રોમાંથી આવીને વસેલા છે. જેમાં મણિયારી, ચાંદણકી, સમલાનાપરા, વનપરડી, સીતાપુર, બેચર વગેરે ગામોમાંથી બહુચરાજીમાં સ્થાયી થયા છે. વર્તમાન સમયમાં ઉદ્યોગીકરણ, નગરીકરણ, સંચારનાં વિભિન્ન માધ્યમો, નાણાંનો વિશેષ પ્રભાવ, નગર સંસ્કૃતિનું ગ્રામીણ સમુદાયમાં પ્રસરણ, લોકશાહી અને સમાનતાવાદી મૂલ્યો જેવાં પરિબળોની અસરોના કારણે ગ્રામીણ સમુદાયના પરંપરાગત વ્યવસ્થાનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. એટલે કે ગ્રામીણ સમુદાયની વિભિન્ન જ્ઞાતિઓની વ્યાવસાયિક સેવાઓનું વ્યાપારીકરણ થવાની પ્રક્રિયા શરૂ થઈ છે. બહુચરાજીમાં આવીને વસવાટ કરેલા લુહાર જ્ઞાતિમાં મુખ્ય વ્યવસાય તરીકે પરંપરાગત લુહારીકામ અને સુથારીકામ જોવા મળે છે. 37 ઉત્તરદાતાઓમાંથી 20 ટકા લુહાર કુટુંબોની વાર્ષિક આવક રૂપિયા 150000 - 200000 છે. 30 ટકાની વાર્ષિક આવક 100000 - 150000 છે. 20 ટકાની વાર્ષિક આવક 80000 - 100000 છે. જ્યારે 10 ટકાની વા.આ. 50000 - 80000 છે અને 20 ટકાની વા.આ. 50000 થી ઓછી જોવા મળે છે. બધાં કુટુંબોમાં લગભગ 4 થી 6 સભ્યો જોવા મળે છે. વિભક્ત કુટુંબ વધારે છે.

પ્રાપ્ત માહિતી મુજબ બહુચરાજીમાં સ્થળાંતરિત લુહાર જ્ઞાતિના વસવાટનાં મુખ્ય કારણો નીચે મુજબ જોવા મળે છે :

* Ass. Professor, Dep. of Sociology & Social Anthropology, Gujarat Vidyapith, Randheja.

1. **વર્તમાન સમયમાં પરંપરાગત લુહારીકામનો વ્યવસાય** આજીવિકા માટે પર્યાપ્ત રહ્યો નથી. આધુનિક સમયમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને પરિણામે યાંત્રિકરણનો યુગ આવી ગયો છે. પરિણામે લુહારના મજદૂરીના કામોમાં ઘટાડો થયો છે. ટ્રેક્ટર અને તેની સાથે વિવિધ યંત્રો જોડી કામ થવા લાગ્યાં છે. તેથી હાથમજદુરીનાં કામોમાં ઘટાડો થયો છે. પરિણામે ઘરના બધા સભ્યોને આ એક જ પરંપરાગત વ્યવસાયમાં આજીવિકા મેળવવી ખૂબ કઠિન થયું છે.
2. **શોષણમાંથી મુક્ત થવા સ્થળાંતર કર્યું છે** - પરંપરાથી ગામનું અમુક જ્ઞાતિ-કુટુંબ સેવા આપવા બંધાયેલ હોય છે. તેણે કરેલ કામનું પૂરતું વળતર ન મળે ત્યારે મજબૂરીથી ચલાવી લેવું પડે અને સેવા આપવાનું બંધ કરી શકાતું નથી. આવી પરિસ્થિતિમાં તેણે કામ તો કરવું જ પડે છે. આ સંજોગોમાં તેનું આર્થિક શોષણ થયા કરે છે. માટે શોષણમાંથી મુક્ત થવા માટે સ્થળાંતર કર્યું છે તેમ 90 ટકા ઉત્તરદાતાઓ જણાવે છે.
3. **સ્વાતંત્ર્ય અને સમાનતાનાં મૂલ્યોનો વિકાસ** - પરંપરાગત રીતે ફરજિયાત સ્વરૂપ લદાયેલી સેવા વ્યવસ્થા નીચે વ્યક્તિ ગૂંગળામણ અનુભવતી હોય છે અને તેમાંથી ક્યારેક સંઘર્ષ પણ થતો હોય છે. બીજું કે ગ્રામીણ ક્ષેત્રમાંથી બહુચરાજીમાં સ્થળાંતર કરી વસવાટ કરવાથી કોઈ પણ ગામ કે લોકોને સેવા આપવાનો અવસર મળે છે. કોઈ બંધન રહેતું નથી. કામનું પૂરેપૂરું વળતર માંગી શકાય છે જેને અનુકૂળ હોય તે અમારી સેવા લેશે અથવા અમારા બીજા ભાઈઓ પાસે જઈ કામ કરાવશે. તેથી બહુચરાજીમાં આવવાથી મુક્તિ, આઝાદીનો અહેસાસ થયો છે તેમ 90 ટકા ઉત્તરદાતાઓ જણાવે છે.
4. **ગ્રાહક સાથે નજીકનો સંબંધ** - બહુચરાજીમાં વ્યાવસાયિક સંબંધો વિકસતા ગ્રાહક સાથે નજીકનો સંબંધ બંધાય છે. કામની ગુણવત્તા સાથે ગ્રાહક અને કારીગર જોડાયેલ હોય છે. 80 ટકા ગ્રાહકો નક્કી કરેલ કારીગર પાસે જ કામ કરાવવાનો આગ્રહ તથા નજીકનો સંબંધ, જેને લીધે તે જ કારીગર પસંદ કરે છે. માટે વ્યવસાયમાં ગ્રાહક સાથેના નજીકના સંબંધને લીધે ગ્રાહકને પણ અન્ય લાભ મળે છે. પરિણામે કારીગર જે તે ગામનો હોય તે જ ગામના અને અન્ય ગ્રામીણ ક્ષેત્રોમાંથી આવતા ગ્રાહકોની સેવાનો લાભ મળે છે તેમ 80 ટકા ઉત્તરદાતાઓ જણાવે છે.
5. **સામાજિક દરજ્જો ઊંચો આવ્યો** - ગ્રામીણ ક્ષેત્રોમાંથી બહુચરાજી આવી વસતા કારીગરો પોતાનો સામાજિક દરજ્જો ઊંચો આવ્યો છે તેમ 90 ટકા ઉત્તરદાતાઓ જણાવે છે. ગામડામાં કોઈ કિંમત ન હતી. પણ બહુચરાજીમાં આવવાથી તેમને આર્થિક સદ્ધરતા પ્રાપ્ત થઈ છે. સામાજિક જોડાણ વધતાં સામાજિક સુરક્ષા અને સામાજિક દરજ્જો વધ્યાનો અહેસાસ થાય છે. જેમાં બાળકોનાં લગ્ન કરવાનું સરળ બન્યું. જ્ઞાતિ-સમાજ સાથે વધુ નજીકથી જોડાયા હોય તેવો સંતોષ થાય છે, જે કદાચ ગામડામાં વસવાટ કરવાથી શક્ય ન બનત તેવું તેઓ માને છે.
6. **સંતોષની અનુભૂતિ થાય છે** - બહુચરાજીમાં આવી વસવાટ કરવાથી 80 ટકા ઉત્તરદાતાઓને સંતોષની અનુભૂતિ થાય છે. જે મળે છે તે ગ્રામીણક્ષેત્રમાં મળતું તેના કરતાં વધુ છે. અમારી જીવન જરૂરિયાતો પૂરતું છે. જીવન જીવવાનો આનંદ મળે છે. આર્થિક રીતે પણ ઘણો ફાયદો થયો છે તેવું સ્પષ્ટ માને છે. બહુચરાજીમાં આવ્યા ત્યારથી સુખી થઈ ગયા.
7. **નાણાંકીય સગવડતા** - બહુચરાજીમાં નાણાંકીય સગવડતાનો લાભ મળ્યો છે તેમ 90 ટકા ઉત્તરદાતાઓ જણાવે છે. સહકારી બેન્ક અને અન્ય બેન્કોમાંથી પણ લોન મળે છે. બહુચરાજીના લુહાર કારીગરો ખેતી ઉપયોગી ઓજાર દાતરડું બનાવવામાં ખૂબ કુશળ છે. સમગ્ર ઉત્તર ગુજરાતમાં બહુચરાજીનું દાતરડું પ્રખ્યાત છે. તેમાંય લુહાર રમણલાલ બાબુલાલનું બનાવેલ દાતરડું પ્રખ્યાત છે. ખેતીનાં ઓજારોમાં જે ગરમકામથી તૈયાર થતા ઓજારોનું રીટેલ માર્કેટ માટે બહુચરાજીમાં વેપાર સારો મળી

રહે છે. પરિણામે લુહાર આર્થિક સદ્ધર બન્યા છે તેમ જણાવે છે.

**4. નિષ્કર્ષ :**

બહુચરાજીમાં સ્થળાંતરિત લુહાર જ્ઞાતિના કારીગરો આવી વસવાટ કરવાનું મુખ્ય કારણ આર્થિક બાબત ગણી શકાય. તેમજ સ્થળાંતર મોટા કસબા કે નગર તરફ થાય છે તેમ સ્પષ્ટ થાય છે. સ્થળાંતર થવાથી કસબા કે નગર પર વસ્તીનો બોજો વધે છે. પરંતુ બહુચરાજીમાં ગ્રામીણક્ષેત્રોના લુહાર કારીગરો 20 વર્ષ કે તેથી વધુ વર્ષોથી વસવાટ કરે છે. તે સમયે બહુચરાજી તાલુકા મથક ન હતું, પરંતુ ધાર્મિક સ્થળ, યાત્રાધામ હતું.

લુહાર કારીગરોનાં સંયુક્ત કુટુંબો, વિભક્ત કુટુંબ બન્યા છે. પરંતુ ભારતીય સમાજશાસ્ત્રી આઈ.પી. દેસાઈના જણાવ્યા મુજબની કુટુંબની સંયુક્તતા બે વ્યક્તિઓના સગપણમાં રહેલા અંતરને આધારે તેમજ વ્યક્તિ કે સમૂહના વર્તનની અભિમુખતાના ઝોક ઉપર આધારિત છે. તેથી તેઓનો સંયુક્ત કુટુંબમાં સમાવેશ થાય.

બીજું કે પરંપરાગત વ્યાવસાયિક કળા અને ટૅકનોલોજી કે જે પિતાથી પુત્રમાં વારસારૂપે પ્રગટે તે જળવાઈ રહી છે. શિક્ષણનું પ્રમાણ વધ્યું છે અને લુહાર કારીગર કુટુંબોમાં પરંપરાગત વ્યવસાય પણ જળવાયો છે તેમ પણ જોવા મળ્યું છે. હા, જજમાની વ્યવસ્થામાં બદલાવ આવ્યો છે. ચીજવસ્તુઓની જગ્યાએ નાણાંથી વ્યવહાર થાય છે.

વર્તમાન સમયમાં બહુચરાજી (બેચરાજી)એ તાલુકા મથક બન્યું છે પણ તે બેચર ગામનો એક ભાગ ગણાય છે. જેનો બેચર-બેચરાજી સંયુક્ત ગ્રામપંચાયતથી નાગરિક સુવિધાઓ, વહીવટ થાય છે. માટે બહુચરાજીમાં વસેલા યુવા કારીગરોને પડકાર છે કે રાજ્ય અને કેન્દ્ર સરકાર, નાણાંકીય, શિક્ષણ અને માર્કેટીંગ સંસ્થાઓ, આર. એન્ડ ડી. સંસ્થાઓ અને નોનગવર્નમેન્ટ ઓર્ગેનાઈઝેશન જે ગ્રામીણ વિસ્તારનાં વિકાસ કાર્યોમાં જોડાયેલ છે. જે કેટલીક યોજનાઓ ગ્રામીણ યુવાનો માટે, ગ્રામીણ સમાજના વિકાસ માટે ઘડે છે. શિક્ષણમાં પણ ગ્રામીણ યુવા કારીગરો અને તેમને કળા અને વેપાર વિકસાવવાના પાઠ શીખવાડાય છે. અભ્યાસ સમયે 90 ટકા ઉત્તરદાતાઓ જણાવે છે કે ઔદ્યોગિક સંસ્થાઓમાં અપાતી ટ્રેનિંગ એ તેમના વેપાર સાથે સંબંધ ધરાવતી નથી. તેથી તેઓ તે સંસ્થાઓને પસંદ કરતા નથી. આર.એન્ડ ડી. સંસ્થાઓ ગ્રામીણ કારીગરોના સીધા જોડાણથી જોડાઈને તેમની ટૅકનોલોજી અને ભૌતિક સુવિધાઓમાં સુધારો કરી પોતાની આવડતરમાં ઉમેરો કરે છે. ઘણા ખરા ઉત્તરદાતા સુચવે છે કે 'સાયન્સ એન્ડ ટૅકનોલોજી મેળા' અંતર્ગત કિસાન મેળાનું આયોજન થાય છે, જેમાં ખેડૂત અને ખેતીવાડી વૈજ્ઞાનિકના જોડાણથી ગ્રામીણ કારીગરોને ફાયદો થાય છે. આ રીતે બહુચરાજીના સ્થળાંતરીત લુહાર કારીગરોને ફાયદો થઈ શકે છે અને આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરી શકે છે.

**સંદર્ભસૂચિ :**


1. કોઠારી વિ.મ. અને પટેલ અં.મો. (1997) ગાંધીજીનું અર્થદર્શન, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
2. જોષી વિદ્યુત (2003) આઈ.પી.દેસાઈ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
3. જાદવ કાતિલા ડી. (2012) ગુજરાત રાજ્યમાં ગ્રામીણ અને શહેરી કારીગરોની સામાજિક-આર્થિક સ્થિતિનો તુલનાત્મક અભ્યાસ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
4. દેસાઈ બ. ર. (1958) સૌરાષ્ટ્રની પછાત કોમો.
5. સોલંકી એસ. એસ. (2002) ઈકોનોમીક એન્ડ પોલીટીકલ વિકલી.
6. Institute of Applied Manpower Research, Planning Commition, Gov. of India, No.-4/2013, Rural Non-Farm Employment : A Study in Gujarat.
7. Kunal Keshri & Ram Bhagat (2010) Temporary and Seasonal migration in India, ResearchGate, GENUS, LXVI, No.3, 25.45.


•

# ગુજરાતની ફેમીલી કોર્ટસ્‌ના કિસ્સાઓ - કેટલાંક નિરીક્ષણો

– પરેશ ચૌહાણ*

ભારતીય સમાજનો ઇતિહાસ લગભગ પાંચ હજાર વર્ષથી પણ પ્રાચીન છે. વેદોની રચના અંદાજે 2500-1000 ઈ.પૂ. થઈ હતી. ભારતમાં કુટુંબનું અસ્તિત્વ આદિમ સાહિત્ય ઋગ્વેદના કાળથી સ્થિર થવા લાગ્યું હતું. ઋગ્વેદમાં એક સ્થળે પુરોહિત લગ્ન સમયે વર-વધૂને આશીર્વાદ આપતા કહે છે કે 'તુ સાસ, સસુર, નનંદ ઔર દેવલ પર શાસન કરનેવાલી રાની બન.' આ પરથી સાબિત થાય છે કે પૂર્વ વૈદિક કાળમાં સંયુક્ત કુટુંબ હતાં. અથર્વવેદ પ્રમાણે ઉત્તરવૈદિક કાળમાં પણ હિન્દુ કુટુંબ સંયુક્ત કુટુંબ વ્યવસ્થા પર આધારિત હતા. જૈમિનીય બ્રાહ્મણના મતે આદર્શ કુટુંબમાં કુટુંબના વડા 'પિતા'ની સાથે તેના બધા પુત્ર-પૌત્ર રહેતા હતા. પરંતુ ઐતરેય બ્રાહ્મણના મતે પિતાની વૃદ્ધાવસ્થામાં સંપત્તિના વિભાજનની માંગણી વધી રહી હતી. તાંડ્ય બ્રાહ્મણ પ્રમાણે નિરંકુશ પિતા મનફાવે તે રીતે કાર્ય કરતા હતા અને પોતાના પ્રિય પુત્રને સંપત્તિમાં વધુ ભાગ પણ આપી શકતા હતા. ઉત્તરવૈદિક કાળમાં સંપત્તિ અંતર્ગત પશુ, જમીન અને આભૂષણો વગેરેને સંયુક્ત સંપત્તિ ગણવામાં આવતી અને કુટુંબના ભાગલા વખતે આ બધાની વહેંચણી કરવામાં આવતી. આ સમયે કુટુંબમાં બધા સભ્યો હાજર રહેતા.પરંતુ ઉત્તર વૈદિક કાળમાં સંપત્તિના વિભાજન માટે 'કુટુંબનું વિઘટન' બહુ ઓછા પ્રમાણમાં થતું હતું. ક્યારેક ક્યારેક કુટુંબની કેટલીક સ્ત્રીઓના અંદરોઅંદરના મતભેદને કારણે કુટુંબ તૂટી જતું હતું. બૌદ્ધયુગમાં પણ હિન્દુ સમાજમાં કુટુંબનું સ્વરૂપ સંયુક્ત હતું. એક જ કુટુંબની સ્ત્રીઓનું એકબીજા સાથે લડવું તે યુગમાં જાણીતું હતું અને કુટુંબ તૂટવામાં સ્ત્રીઓનું પારસ્પરિક કલહ અને ઝઘડાઓ પણ મુખ્ય કારણ બનતાં હતાં. 'અર્થશાસ્ત્ર'માં અલગ કુટુંબને સમર્થન અને પ્રશંસાની પણ આ યુગમાં શરૂઆત થઈ ગઈ હતી. ધર્મશાસ્ત્રકાર મનુ દ્વારા કુટુંબનું વિભાજન ધર્મ અનુકૂળ માનવામાં આવ્યું હતું. તેમ છતાં તે સમયે પિતૃસત્તાત્મક કુટુંબનું મહત્ત્વ જળવાઈ રહ્યું હતું અને પિતાની સાથે સાથે તેના પુત્રોના 'સ્વ'નો તેના જીવનકાળમાં જ સ્વીકાર કરી લેવામાં આવ્યો હતો. આને પરિણામે આ સમયમાં પૈતૃક અને સ્વઅર્જિત સંપત્તિને લઈ નવા કાયદાઓનો અમલ અને ઘડતર થયું હતું.

પૂર્વ મધ્યયુગમાં સંપત્તિને લઈને બે વિચારધારાઓ- વિજ્ઞાનેશ્વર દ્વારા પ્રતિપાદિત 'મિતાક્ષરા' અને બીજી જીમૂતવાહન દ્વારા પ્રવર્તિત 'દાયભાગ'નો વિકાસ થયો. પ્રથમ મત મુજબ, પુત્ર જન્મ થતાં જ સંપત્તિમાં તેનો અધિકાર થઈ જતો અને બીજા મત મુજબ પિતાની મૃત્યુ પછી જ પુત્રને સંપત્તિ અધિકાર પ્રાપ્ત થતો હતો. સંયુક્ત કુટુંબ આ સિદ્ધાંતોને આધારે આગળ વધ્યું. બ્રિટીશ ન્યાયાલયોએ પણ હિન્દુ કાયદાની આ બે શાખાઓને અસ્તિત્વમાં લાવી દીધી. આથી 'હિન્દુ કાયદા'નો સદીઓનો સ્વાભાવિક વિકાસ અટકી ગયો. ત્યારબાદ નવા નવા કાયદાઓએ કૌટુંબિક સંપત્તિના ભાગલાની પ્રક્રિયાને વધુ ઝડપી બનાવવામાં ફાળો આપ્યો. શ્રીવાસ્તવ (1986:6) અને અગ્રવાલ (1955:144-5)નું માનવું છે કે 'ભારતીય વારસદાર કાયદો-1929, Gains of Self Earning Act-1930, મહિલા સંપત્તિ અધિકાર કાયદો-1937, હિન્દુ વારસદાર કાયદો-1956, આવક વેરા કાયદા અને નવા મિલકત કાયદા વગેરેએ સંયુક્ત કુટુંબ વ્યવસ્થાના સાતત્ય પર ઊંડો ઘા કર્યો હતો.' એટલે કે સંયુક્ત કુટુંબને તોડવા માટે આ વિવિધ કાયદાઓ જવાબદાર કહી શકાય.

વર્તમાન સમયમાં ભારતમાં ઔદ્યોગીકરણ, પશ્ચિમીકરણ, આધુનિકરણ અને શહેરીકરણ વધ્યું છે. સાથે સાથે શિક્ષણનો પ્રસાર, સામાજિક જાગૃતિ, કાયદાઓનું જ્ઞાન પણ લોકોમાં વધ્યું છે. જેની અસર કુટુંબની પરંપરાગત મૂલ્ય અવસ્થા પર પડી રહી છે. વ્યક્તિવાદ તેની ચરમસીમા પર છે. આજની જીવનશૈલી પર કુટુંબનું નિયંત્રણ ઘટ્યું છે. કુટુંબના સભ્યો વચ્ચેના સંબંધો, અપેક્ષાઓ, આકાંક્ષાઓનો ઘણો બદલાવ આવી ગયો છે. આ બધાને પરિણામે સંયુક્ત અને વિભક્ત કુટુંબોમાં પતિ-પત્નીના ઝઘડા, કંકાસ વિઘટનની

* પીએચ.ડી. વિદ્યાર્થી, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી અને પૂર્વ વ્યાખ્યાતા, તાલીમ રિસર્ચ ફાઉન્ડેશન, બોપલ, અમદાવાદ.

પરિસ્થિતિઓ વધુ તીવ્ર બની છે. કુટુંબના આવા પ્રશ્નોના નિવારણ માટે સરકાર દ્વારા કુટુંબ સલાહ કેન્દ્રો, મેટ્રોપોલીટન કૉર્ટ્સ ફોજદારી કૉર્ટ્સ, પોલીસ સ્ટેશન, મહિલા પોલીસ સ્ટેશન, ફેમીલી કૉર્ટ્સ, 181-અભયમ હેલ્પલાઈન વગેરેની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમ છતાં આવા કિસ્સાઓનું પ્રમાણ સમાજમાં રોજેરોજ વધતું જતું જોવા મળે છે. એક અંદાજ મુજબ અમદાવાદમાં પ્રતિવર્ષ આવા દસ હજાર કેસો નોંધાય છે, જ્યારે બીજા પચાસ હજાર જેટલા કેસો બિન-નોંધાયેલા રહે છે. જેની ઝલક વર્તમાન પત્રો પ્રતિદિન કુટુંબના પાંચ-છ ગંભીર કિસ્સાઓની માહિતી આપી પૂરી પાડે છે. જો કે વર્તમાન સમયમાં વધતી જતી ગરીબી, મોંઘવારી, આકસ્મિક બેકારી, આર્થિક અસલામતીને જોતાં ભવિષ્યમાં પતિ-પત્નીની તકરારના કિસ્સાઓમાં અનેક ગણો વધારો થશે તેવી સંભાવના દેખાય છે. પતિ-પત્નીની તકરારથી કુટુંબની સુખશાંતિ ભંગ થાય છે. તેના સભ્યોનો વિકાસ રૂંધાય છે, આવા ઝઘડાઓની વિપરીત અસર બાળકો, વૃદ્ધો અને કુટુંબના અન્ય સભ્યો પર પડે છે.

કુટુંબમાં પતિ-પત્નીના ઝઘડાના કિસ્સાઓ વધવા પાછળનાં કારણો શું છે અને તેના નિવારણ માટે શું કરી શકાય તે જાણવા અને સમજવાના હેતુથી હું ગુજરાતની ફેમીલી કૉર્ટ્સના કિસ્સાઓ વિષય પર મારા પીએચ.ડી.માં અભ્યાસ કરી રહ્યો છું. જેનાં કેટલાંક નિરીક્ષણો અહીં પ્રસ્તુત કરું છું.

'Domestic Relations Court' તરીકે વિશ્વની સૌપ્રથમ કૌટુંબિક અદાલત (ફેમીલી કૉર્ટ) ઈ.સ. 1910માં અમેરિકામાં સ્થાપિત થઈ હતી. ત્યારબાદ વિશ્વના અન્ય દેશો જેવા કે યુનાઈટેડ કિંગડમ (યુ.કે.) બ્રાઝીલ, હોંગકોંગ, જાપાન, ચીન તથા અન્ય વિકસિત દેશોમાં સમયાંતરે ફેમીલી કૉર્ટ્સની શરૂઆત કરવામાં આવી. ભારતમાં 59મા રિપોર્ટમાં લો કમિશનની ભલામણ દ્વારા કૌટુંબિક કોર્ટની ચળવળને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. ભારતમાં કૌટુંબિક અદાલતો, કૌટુંબિક અદાલત અધિનિયમ, 1984ના આધારે એ બાબત પર આધાર રાખે છે કે સામાન્ય રીતે તેમાં અપનાવાયેલી પરંપરાગત અદાલતોથી જુદી રીતે કુટુંબની અંદરના વિવાદનો ઉકેલ લાવવો જોઈએ. કૌટુંબિક અદાલતોનો ઉદ્દેશ લગ્ન અને કૌટુંબિક બાબતોને લગતા વિવાદોનું સમાધાન અને ઝડપી નિરાકરણને પ્રોત્સાહન આપવાનું છે. તેનો અંતર્નિહિત વિચાર સમાધાન માટે એક સુખદ વાતાવરણ પૂરુ પાડવાનો છે. ભારત સરકારે કુટુંબ અદાલતોને એવા હેતુઓથી સ્થાપિત કરી છે કે જે પારિવારિક વિવાદોમાં સામાન્ય ફોજદારી કેસોથી જુદી રીતે કાર્યવાહી કરશે, જેથી તેઓ માનવતાવાદી દૃષ્ટિકોણથી સાંભળે અને સામાન્ય ગુનેગારો સાથે દેખાયા વગર સ્ત્રીઓ શક્તિમાન બની સરળતાથી કોર્ટમાં સંપર્ક કરી શકે. આ ફેમીલી કૉર્ટને મહિલા અદાલતો તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતમાં ફેમીલી કૉર્ટ્સની સૌપ્રથમ સ્થાપના રાજસ્થાન રાજ્યમાં તા. 19-11-1985, નંબર 79/47/1985, ગેઝેટ ઓફ ઈન્ડિયા, વિભાગ-2ની કલમ-1 હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કરી કરવામાં આવી. સમયાંતરે જુદાં-જુદાં રાજ્યોમાં ફેમીલી કૉર્ટ્સની સ્થાપના થવા લાગી. વર્ષ 2014ના આંકડા મુજબ ભારતનાં કુલ 24 રાજ્યમાં કુલ 410 ફેમીલી કૉર્ટ્સ કાર્યરત છે, તે પૈકી ગુજરાત રાજ્યમાં પણ તા.10-1-2000ના રોજ અમદાવાદ શહેર ખાતેની ફેમીલી કૉર્ટ્સની સ્થાપના થઈ છે. ગુજરાતના અગિયાર જિલ્લાઓમાં, 10 લાખ કરતાં વધારે વસ્તી ધરાવતા શહેર-ગ્રામ્ય વિસ્તાર દીઠ એક ફેમીલી કૉર્ટ મુજબ કૉર્ટ્સની સંખ્યા 17 કાર્યરત છે.

**અભ્યાસક્ષેત્ર :**

કુટુંબ સાર્વત્રિક રીતે સમાજનું પ્રાથમિક એકમ છે. જ્યારે કોઈ વિવાદ દ્વારા કુટુંબના સભ્યોની સ્થિરતા વિશ્વાસ અને ભરોસાને ધમકી આપવામાં આવે છે ત્યારે ફેમીલી કૉર્ટના કાયદા લાગુ કરવામાં આવે છે. 'ફેમીલી કૉર્ટ' તેનું નામ સૂચવે છે તે પ્રમાણે તેમાં કૌટુંબિક ઝઘડાનો નિકાલ કરવામાં આવે છે. ફેમીલી કૉર્ટને 'કન્સીલીએટરી' એટલે સમાધાન કરાવનારી કૉર્ટ પણ કહેવામાં આવે છે. કૌટુંબિક અદાલતો વિશેષ દિવાની અદાલતો (Civil Courts) છે અને સીવીલ કૉર્ટ્સ જેવા સર્વ અધિકાર ભોગવે છે, જે સંપૂર્ણપણે લગ્નના વિઘટન, કોઈપણ વ્યક્તિની લગ્નની સ્થિતિની જાહેરાત, સંબંધિત પત્રકારોની સંપત્તિની માલિકીની જાહેરાત, વૈવાહિક સંબંધોથી ઉઠતા મનાઈ

હુકમના વચગાળાના હુકમો, કોઈ વ્યક્તિની કાયદેસરતા (Legitimacy)ની જાહેરાત અથવા કોઈ વ્યક્તિનું વાલીપણું અથવા કોઈ પણ બાળકનો કબજો અથવા અધિકાર અને ભરણપોષણ માટે કાર્યવાહી બાબતે કાર્ય કરે છે.

કૌટુંબિક અદાલતોમાં નિમ્ન પ્રકારના કેસ હાથ ધરવામાં આવે છે : (1) લગ્ન વિચ્છેદ/ભંગ એટલે કે છૂટાછેડા સંબંધિત દાવાઓ (Suits) (2) વૈવાહિક અધિકારોનું પુનઃસ્થાપન સંબંધિત દાવાઓ, (3) લગ્નને અમાન્ય અને રદબાતલની જાહેરાતને લગતા દાવાઓ, (4) લગ્નની માન્યતા અથવા કાયદેસરતા સંબંધિત દાવાઓ, (5) વિવાહિત યુગલોની મિલકત અંગેના દાવાઓ, (6) ભરણપોષણ અને નિર્વાહખર્ચ (Maintenance and Alimony) સંબંધિત દાવાઓ, (7) બાળકોનો કબજો અને વાલીપણા સંબંધિત દાવાઓ.

આ તમામ કેસો કૌટુંબિક અદાલતોમાં ઉકેલવામાં આવે છે. ફેમીલી કોર્ટમાં દાવો/કેસ નોંધાવતા પહેલા કેસથી સંબંધિત બધી માહિતી હોવી જરૂરી છે. આ કાયદાઓ તમામ વ્યક્તિગત કાયદા (Personal Loan) પ્રમાણે ચલાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે હિન્દુ મેરેજ એક્ટ, 1955 હિન્દુ માટે, મુસલમાનો માટે મુસ્લિમ અંગત કાનૂન (Muslim Personal Low), ખ્રિસ્તીઓ માટે ભારતીય છૂટાછેડા કાયદો (Indian Divorce Act), પારસી પર્સનલ લો પારસીઓ માટે લાગુ પડે છે.

નિયમ પ્રમાણે ફેમીલી કોર્ટમાં વકીલ નીમવાના હોતા નથી. ન્યાયાધીશને જરૂર લાગે તો સલાહસૂચન આપવા તેઓ વકીલ નીમી શકે. પરંતુ સામાન્ય રીતે અહીં પુરુષ પત્રકાર પોતાના મિત્ર તરીકે વકીલને રાખે છે. સ્ત્રી પણ વકીલ બહેન કે ભાઈની સાથે રાખે છે તો કાયદાની પરિભાષા અને કાર્યવાહી વધુ સારી રીતે તેને સમજાય છે. આ ન્યાયાલયના ચુકાદા વિરુદ્ધ, ચુકાદો અપાયાના એક મહિનાની અંદર હાઈકોર્ટમાં અપીલ થઈ શકે છે.

અમદાવાદમાં વર્ષ 2000 પહેલાં કૌટુંબિક ઝઘડાના કેસો મેટ્રોપોલીટન કૉર્ટ્સ, ઘીકાંટા, અમદાવાદમાં ચલાવવામાં આવતા હતા. હાલ છ ફેમીલી કોર્ટ્સ ઈન્કમટેક્ષ, અમદાવાદની સામે આવેલ જૂની હાઈકોર્ટના મકાનમાં ચાલે છે. અહીં રોજ લગભગ 300 જેટલા કેસો આ કોર્ટોમાં ચાલે છે. જેમાંથી 10-12 કેસોનું હીયરીંગ, 10-11 કેસોમાં જુબાની અને ઉલટ તપાસ, ચુકાદો કે હુકમ કરવાની કાર્યવાહી, બાકીના કેસોમાં પક્ષકાર હાજર ન રહેતો હોય, સામા પક્ષને હાજર થવાની નોટીસ બજતી ન હોય, વકીલ રોકવા, જરૂરી પુરાવા મેળવવાનો કે રજૂ કરવાનો તબક્કો ચાલતો હોય, વકીલ ગેરહાજર કે બહારગામ હોય વગેરે પ્રકારની કેસની સ્થિતિને લગતાં કામો આ ફેમીલી કૉર્ટ્સમાં દરરોજ કરવામાં આવે છે. આવા કેસોમાંથી વર્ષ 2010 થી 2014ના પાંચ વર્ષમાં જે કેસોનો નિકાલ થયો હોય તેવા 102 કેસોના અભ્યાસને આધારે કેટલાંક નિરીક્ષણો અહીં રજૂ કરવામાં આવ્યા છે.

**સંશોધન સાહિત્યની સમીક્ષા :**

મારા આ અભ્યાસનો સમાવેશ કુટુંબના સમાજશાસ્ત્રમાં થાય છે. આ અભ્યાસનો વિષય કુટુંબની આંતરિક બાબતો સાથે સંબંધિત છે. આવા અભ્યાસો ખૂબ ઓછા થયા છે. આ વિષય કાયદાના સમાજશાસ્ત્ર અને છૂટાછેડાના સમાજશાસ્ત્રને પણ સ્પર્શે છે. આ વિષય સાથે સંબંધિત કેટલાંક પુસ્તકો અને અભ્યાસોની સમીક્ષા અહીં કરવી જરૂરી છે.

માઈકલ બૈરેટ અને મેરી મિકતોષ પુસ્તક 'દ એન્ટી સોશ્યલ ફેમીલી, 1982'માં કુટુંબને માત્ર દમનકારી જ નહીં પણ સાથે સાથે એને સમાજ વિરોધી સંસ્થા માને છે. સમાજશાસ્ત્રમાં તારા પટેલ (1982)નું 'કૌટુંબિક સમસ્યાઓ અને નિવારણ' પુસ્તક કુટુંબની સમસ્યાઓની ચર્ચા કરતું મહત્ત્વનું પુસ્તક છે. ગુજરાતમાં અવાજ, સંચેતના જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કુટુંબના અભ્યાસના ભાગરૂપે ઘરેલુ હિંસા, સ્ત્રીભ્રૂણ હત્યા, દહેજ, સ્ત્રીઓ દ્વારા થતી આત્મહત્યા જેવા મુદ્દાઓ અંગે અભ્યાસ થયા છે. ઈલા પાઠકે અમદાવાદમાં ઘરેલું હિંસા (2001)ના અભ્યાસમાં કુટુંબમાં સ્ત્રીઓ સાથે થતી હિંસા અને અપમૃત્યુના બનાવોનો ચિતાર આપવા પોલીસ તંત્ર અને ન્યાયતંત્રની ભૂમિકાને તપાસી છે. લાકડાવાલા, બાલાસરીયા અને રાજપૂત (2003)નો અમદાવાદની સાબરમતી નદીના કિનારે એક ઝૂંપડપટ્ટીમાં વસતા પુરુષો સાથેની રૂબરૂ મુલાકાતો પર આધારિત અભ્યાસ 'એ

પુરૂષો કેમ તેમની પત્નીઓને મારે છે ?' ઘરેલું હિંસાનું કૃત્ય કરનારાઓની વાર્તા ઉજાગર કરે છે. આથી ઉગાઉ આ સંશોધકોનો એક બીજો અહેવાલ 'વેદના એમની, સંવેદના આપણી : વધતી જતી ઘરેલું હિંસાનો અભ્યાસ'માં ઘરેલું હિંસાનો ભોગ બનવા છતાંય પોતાનું અસ્તિત્વ ટકાવી રાખનાર સ્ત્રીઓના જીવનની એક બાજુ બતાવવાનો માહિતીપૂર્ણ અભ્યાસ કરવામાં આવ્યો હતો. અનીતા સુંદરી તથા સાથીઓ (2016) દ્વારા સરહદપારના લગ્નોમાં બિન-નિવાસી ભારતીય (એન.આર.આઈ.) પુરુષ દ્વારા પત્નીને ત્યજી દેવાની ઘટનાઓ, શ્વસુરપક્ષ દ્વારા થતા દુર્વ્યવહારની સમસ્યાનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

**સામાજિક સમસ્યા કૌટુંબિક વિઘટન અને સામાજિક વિઘટન અભિગમ :**

સામાજિક સમસ્યાની વ્યાખ્યા કુલ્લર-માયર્સ, મર્ટન-નિસ્બેત, હેરી જોન્સન, રૂબિંગ્ટન અને વેઈનબર્ગ, હોર્ટન અને લેસ્લી વગેરે સમાજશાસ્ત્રીઓએ આપી છે. તેમની વ્યાખ્યાઓને આધારે સામાજિક સમસ્યાની ચાર લાક્ષણિકતાઓ છે : (1) તે એક સામાજિક પરિસ્થિતિ છે જે નોંધપાત્ર સંખ્યાના લોકોને પ્રભાવિત કરે છે. (A condition affecting a significant number of people.) (2) નોંધપાત્ર સંખ્યાને આ પરિસ્થિતિ અનિચ્છનીય લાગે છે. (In ways considered undesirable.) લોકો અનુભવે છે કે તેથી સમાજનાં ધોરણો અને મૂલ્યો જોખમાય છે. (3) એવી માન્યતા વ્યાપે છે કે આ પરિસ્થિતિને દૂર કરી શકાય તેમ છે. (About which it is felt something can be done.) (4) સામૂહિક પગલા દ્વારા પરિસ્થિતિનું નિવારણ કરવાનો પ્રયાસ (Through collective social action). સામાજિક સમસ્યાની આ ચારે લાક્ષણિકતાઓ કુટુંબમાં પતિ-પત્નીની તકરારની સમસ્યામાં જોવા મળે છે. તેથી પતિ-પત્નીના ઝઘડાની સમસ્યા પણ એક સામાજિક સમસ્યા છે.

સમાજશાસ્ત્રમાં વૈજ્ઞાનિક અભ્યાસની શરૂઆત થઈ ત્યારથી તે એક તરફ સામાજિક સંબંધોનો અભ્યાસ કરે છે તો બીજી તરફ સામાજિક સમસ્યાઓનો પણ અભ્યાસ કરે છે અને ત્યારથી જ આ બેમાંથી કોને પ્રાથમિકતા આપવી તે અંગે તંગદીલી (Tension) જોવા મળે છે. તેને ઘટાડવા માટે સમાજશાસ્ત્રીઓએ જુદા જુદા સમયે સામાજિક સમસ્યાઓના અભ્યાસ માટે સમયાનુચિત પાંચ અભિગમો કે દૃષ્ટિકોણ (Approaches or Perspectives) વિકસાવ્યા છે. આ પ્રત્યેક અભિગમની સામાજિક સમસ્યાની વ્યાખ્યા, કારણો, પરિસ્થિતિઓ, પરિણામો અને ઉકેલો (Definition, Causes, Conditions, Consequences and Solutions) અંગે પોતાનું આગવું દૃષ્ટિબિંદુ છે. આ પાંચેય અભિગમો ક્રમશઃ આ મુજબ છે : (1) સામાજિક રોગ - નિદાન-શાસ્ત્રીય અભિગમ, (2) સામાજિક વિઘટન અભિગમ, (3) મૂલ્ય-સંઘર્ષ અભિગમન, (4) વિચલિત વર્તન અભિગમ અને (5) લેબલિંગ અભિગમ.

વધતા જતા ઔદ્યોગિકરણ, શિક્ષણના પ્રસાર અને સ્ત્રીઓના પગારલક્ષી કાર્ય વગેરે કારણોથી પતિ અને પત્ની અને માતાપિતા અને બાળકો વચ્ચેના સંબંધોને અસર થઈ રહી છે. કેટલાક જૂના નિયમો કે જેનો કુટુંબના સભ્યો પર અમલ થતો હતો તે ભંગ થઈ રહ્યા છે. કુટુંબમાં કેટલીક વ્યક્તિઓ નિરાશ અને નાખુશ રહે છે. કૌટુંબિક અવ્યવસ્થાને કારણે જીવનની મૂળભૂત પરિસ્થિતિઓમાં પરિવર્તન આવતાં પરંપરાગત ધોરણો તૂટી ગયાં છે અને આ કારણે કુટુંબના સભ્યોમાં અસંતોષ વ્યાપક બન્યો છે. બીજા શબ્દોમાં પરિવર્તનને કારણે કુટુંબની જૂની વર્તનવ્યવહારની વ્યવસ્થા તૂટી ગઈ છે. આવી પરિસ્થિતિમાં સપડાયેલાં કેટલાંક કુટુંબો બાળકનો કબજો, છૂટાછેડા, લગ્નજીવનનું પુનઃસ્થાપન, ભરણપોષણ, સ્ત્રીધન વગેરે સમસ્યાઓના સમાધાન માટે ફેમીલી કૉર્ટ્સમાં જાય છે. ફેમીલી કૉર્ટ્સમાં દિવસે ને દિવસે આવા કેસોની સંખ્યા વધી રહી છે. આ પ્રસ્તુત અભ્યાસની ઉપરોક્ત સામાજિક સમસ્યાઓનો અભ્યાસ અગાઉ જણાવેલ પાંચેય અભિગમોમાંથી સામાજિક વિઘટન અભિગમ દ્વારા યોગ્ય રીતે થઈ શકે છે.

સામાજિક વિઘટનના અભિગમને સામાજિક સમસ્યા ઉપર અમલ કરતી વખતે હોર્ટન અને લેસ્લી (1970:33)ના મતે કેટલાંક પરિબળોને જોવામાં આવે છે, જેવાં કે (1) કુટુંબનાં પરંપરાગત ધોરણો અને પ્રથાઓ કઈ હતી? (2) એવા કયાં મુખ્ય પરિવર્તનો આવ્યાં કે

જેથી તેઓ બિનઅસરકારક બની? (3) એવા કયાં જૂના નિયમો છે જે આંશિક અથવા સંપૂર્ણ રીતે તૂટી ગયા છે? (4) વર્તમાન સામાજિક પરિવર્તનની પ્રકૃતિ અને દિશા કઈ છે ? (5) અસંતુષ્ટ જૂથો કયાં છે અને તેઓ કેવા પ્રકારના સમાધાનોની દરખાસ્ત મૂકે છે? (6) કેટલી હદ સુધી આ જુદા જુદા પ્રસ્તાવિત સમાધાન સામાજિક પરિવર્તનની પ્રવૃત્તિને અનુરૂપ છે? (7) ભવિષ્યમાં સમાજે કયા નવા નિયમોને/ટેવોને અપનાવવી પડશે?

પહેલા વિશ્વયુદ્ધ પછી ગતિશીલતા, શહેરીવિકાસ, યંત્રવૈજ્ઞાનિક પરિવર્તનને લીધે સમાજમાં અનેક સામાજિક સમસ્યાઓ જોવા મળી. આવી અમેરિકન સમાજશાસ્ત્રીઓએ તે માટે અનેક રીતો દર્શાવી. કૂલેએ પરંપરાગત બાબતોને તૂટતી જોઈ. ખાસ તો પ્રાથમિક જૂથની તેના સભ્યો પરની અસર ઓછી થતી જોઈ. તેથી તેણે પ્રાથમિક અને દૂરવર્તી સંબંધોને સામાજિક ધોરણો સાથે સાંકળીને ચર્ચા કરી. થોમસ અને ઝેનાન્કીએ 'Polish Immigrants' ના ખ્યાલ દ્વારા સૂચવ્યું કે બિલકુલ અજાણ્યા શહેરમાં સ્થળાંતર કરવાથી વ્યક્તિ કઈ રીતે પરેશાન (disturb) થઈ જાય છે અને કઈ રીતે સંઘર્ષ ઉદ્ભવે છે જેથી સમાજમાં ગુન્હાખોરી અને માનસિક બિમારીમાં વૃદ્ધિ થાય છે. જ્યારે ઓગબર્ન સામાજિક વ્યવસ્થા પર ટૅકનોલોજીની અસર તપાસીને (cultural lay) નો નવો ખ્યાલ આવ્યો. તેમણે આ સિદ્ધાંત દ્વારા યંત્રવૈજ્ઞાનિક પરિવર્તન અને સાંસ્કૃતિક પરિવર્તન વચ્ચે ઉદ્ભવતા અંતર (Gap)ને સમજાવ્યો. ટૂંકમાં, સામાજિક વિઘટન કાનૂનની નિષ્ફળતા સૂચવે છે. સામાજિક પરિવર્તનને તેનું કારણ ગણાવે છે અને ટૅકનોલોજીકલ, વસ્તીશાસ્ત્રીય અને સાંસ્કૃતિક પરિવર્તનને સામાજિક વિઘટનના માટેની ઉત્તેજન આપતી પરિસ્થિતિ ગણાવે છે. આથી સામાજિક વ્યવસ્થામાં ઉદ્ભવતું વ્યક્તિગત વિઘટન અને અસમતોલન અને સામાજિક વિઘટનનું પરિણામ છે. જ્યારે આ સમસ્યાઓનો ઉકેલ સામાજિક વ્યવસ્થામાં પુનઃ સંમેલન (Equilibirium) ઉદભવાવું, સમતોલન પુનઃસ્થાપિત કરવું તે છે.

**પતિ-પત્નીના ઝઘડાઓ અને સમાજશાસ્ત્રીઓ :**

કુટુંબમાં થતા પતિ-પત્નીના ઝઘડાઓ કૌટુંબિક વિઘટનમાં પરિણમે છે. સમાજશાસ્ત્રીઓએ કૌટુંબિક વિઘટનના કારણોનું જુદા જુદા પ્રકારથી વર્ણન કર્યું છે.

ફોલસમ કૌટુંબિક વિઘટન માટે નિમ્ન ચાર કારણો મહત્ત્વના માને છે (1) પરિસ્થિતિ સંબંધિત અને બિન વ્યક્તિકારક (Circumstantial or Non-personality Factors) જેવા કે નબળુ સ્વાસ્થ્ય, ખરાબ આર્થિક પરિસ્થિતિઓ, સગા-સંબંધીઓની દખલગીરી, કોઈ પ્રકારનું દુર્ભાગ્ય, અનિચ્છનીય સંતાન વગેરે, (2) વ્યક્તિત્વની ખામીઓ (Personality Defects) પતિ-પત્નીમાંથી કોઈને માનસિક બિમારી, દારૂ પીવાની ટેવ, નપુંસકતા, વાંઝીયાપણુ, અસ્વાભાવિક જાતીય પ્રવૃત્તિ અથવા વ્યક્તિત્વની વિકૃતિઓ હોવી, (3) વ્યક્તિત્વ વિભિન્નતાઓ (Personality Differentials) પતિ-પત્નીમાં બૌદ્ધિક, સામાજિક, આર્થિક, કલાત્મક, માનસિક, સંવેદનશીલતા, ભાવના, લાગણી સંબંધી તફાવતો હોવા, (4) અસંગત ભૂમિકા (Incompatible Roles) હતાશા વગેરે હોવી.

ફ્રૂગરના મતે કૌટુંબિક વિઘટનનાં મુખ્ય કારણો જુદા જુદા પ્રકારની તંગદિલીઓ (Tensions) છે. (1) સામાન્ય ઉદ્દેશ્યની સમાપ્તિ થવી અને કૌટુંબિક લક્ષ્યોનું સ્થાન વ્યક્તિગત લક્ષ્યોએ લઈ લેવું, (2) બધા પ્રકારના સહયોગી પ્રયાસોનું બંધ થઈ જવું, (3) પરસ્પર સેવાઓનું બંધ થઈ જવું, (4) પતિ-પત્નીના સંબંધોની ઘનિષ્ટતા સમાપ્ત થઈ જવી, (5) અન્ય સામાજિક સમૂહોની સાથે કુટુંબના બાહ્ય સંબંધોમાં પરિવર્તન આવવું, (6) પતિ-પત્નીનાં ભાવનાત્મક વલણો (Emotional Attitudes) નું પરસ્પર વિરોધી થઈ જવું અથવા તેની જગ્યાએ ઉદાસીન મનોવૃત્તિ (Sadness Tendency) આવી જવી.

અર્નેસ્ટ આર. માઉરરે પોતાના પુસ્તક 'The Family-1932'માં કૌટુંબિક વિઘટન પેદા કરતી ચાર પ્રકારની તંગદિલીઓનું વર્ણન કર્યું છે : (1) આર્થિક તંગદિલી, (2) સાંસ્કૃતિક તંગદિલીઓ, (3) જીવન નિર્વાહની રીત સાથે સંબંધિત તંગદિલી, (4) સ્નેહ અને જાતીય જીવન સંબંધિત તંગદિલી.

બર્ગેસના મતે સાત પ્રકારની તંગદિલીઓ કુટુંબનું

વિઘટન કરે છે : (1) આર્થિક, (2) જાતિય જીવન સંબંધિત તંગદિલી, (3) આરોગ્ય સંબંધિત, (4) માન-સમ્માન આદરભાવ સંબંધિત તંગદિલી, (5) સાંસ્કૃતિક, (6) સ્વભાવ સંબંધિત (Temperament), (7) જીવન રિતી (Patterns of Life) સંબંધિત તંગદિલી.

**અભ્યાસના હેતુઓ :**

- ફેમીલી કૉર્ટ્સમાં આવતા કેસોનું અરજદારોના સંદર્ભમાં વિશ્લેષણ કરવું.
- ફેમીલી કૉર્ટ્સમાં આવતા કેસોને આધારે પતિ-પત્ની વચ્ચે ઝઘડા થવાના કારણોનું વિશ્લેષણ કરવું.
- ફેમીલી કૉર્ટ્સમાં આવતા કેસોનો નિકાલ કરવામાં ફેમીલી કૉર્ટ્સની કાર્યશૈલીનું વિશ્લેષણ કરવું.
- પતિ-પત્નીના ઝઘડાના કેસોના ઉકેલ બાબતે અને ફેમીલી કૉર્ટ્સની માળખાકીય ભાગીદારી વધારવા શું કરી શકાય તેનું વિશ્લેષણ કરવું.

**અભ્યાસ પદ્ધતિ :**

અમદાવાદની ફેમીલી કૉર્ટ્સમાં આવતા કેસો મારા અભ્યાસનો મુનિવર્સ છે. આ કેસોમાંથી જે કેસોનો નિકાલ વર્ષ 2010 થી 2014 (પાંચ વર્ષો) દરમ્યાન આવ્યો હોય તેવા 102 કેસોનું હેતુપૂર્વક નિદર્શન લઈ અહીં અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસની માહિતી એકત્રિત કરવા માટે વિષયવસ્તુ વિશ્લેષણ (Getent Analysis) પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. આ પદ્ધતિથી માહિતી એકત્રિત કરવા 35 જેટલા પ્રશ્નોની યાદી બનાવી તેના આધારે ફેમીલી કૉર્ટ્સમાં આવેલા આ કેસોની માહિતીનું કોડિંગ કર્યું હતું. ફેમીલી કૉર્ટ્સમાં આવતા કેસો સંબંધિત કાયદાઓ, તેની કાર્યવાહી અને બીજા કેટલાક મુદ્દાઓને સમજવા ફેમીલી કૉર્ટ્સના ન્યાયાધીશો, રજિસ્ટ્રાર, સુપ્રિન્ટેન્ડન્ટ, ક્લાર્ક, બેલીફ, બીજા અન્ય સ્ટાફ, ફેમીલી કૉર્ટ્સ બાર એસોસિએશનના પ્રમુખ, સેક્રેટરી, વકીલ સભ્યો વગેરેની રૂબરૂ મુલાકાત લઈ જરૂરી માહિતી એકત્રિત કરવામાં આવી હતી. અભ્યાસ માટે જરૂરી ગૌણ માહિતી સમાજશાસ્ત્રનાં પુસ્તકો, કાયદાનાં પુસ્તકો, જર્નલ, મોનોગ્રાફ, સ્વૈચ્છિક સંસ્થાઓના રિપોર્ટસ, સામયિકો, દૈનિક છાપાઓમાંથી એકત્રિત કરી હતી.

**માહિતીનું વિશ્લેષણ :**

**અભ્યાસના કેસોની માહિતી**

**કોઠો નંબર 1 : અભ્યાસના કેસો (અરજદારો)ની ઓળખ**

| ક્રમ | કેસોના પ્રકાર | કુલ કેસ/અરજદાર (%) |
|---|---|---|
| | **સીવીલ કેસ** | |
| 1. | બાળકનો કબજો | 17 (16.6) |
| 2. | લગ્નજીવનનું પુનઃસ્થાપન | 17 (16.6) |
| 3. | છૂટાછેડા | 17 (16.6) |
| | **ક્રિમિનલ કેસ** | |
| 4. | ભરણપોષણ | 17 (16.6) |
| 5. | ભરણપોષણની રીકવરી | 17 (16.6) |
| 6. | ભરણપોષણમાં વધારો | 17 (16.6) |
| | કુલ | 102 (100.0) |

કેસોના પ્રકાર દર્શાવતા કોઠામાં અભ્યાસ માટે લેવામાં આવેલા કેસોનું વર્ગીકરણ દર્શાવવામાં આવ્યું છે. આ અભ્યાસમાં કુલ કેસોની સંખ્યા 102 છે. આ કેસો સીવીલ કેસ અને ક્રિમિનલ કેસ એમ મુખ્ય બે પ્રકારના છે. આ બંને પ્રકારના કેસોની કુલ સંખ્યા સમાન છે. આ કેસોની માહિતી તેના અરજદારો (applicants) સ્વરૂપે રજૂ કરવામાં આવી છે.

**કોઠો નં.2 : જાતિ પ્રમાણે કેસોનું વર્ગીકરણ**

| ક્રમ | જાતિ | સીવીલ કેસ% | ક્રિમિનલ કેસ % | કુલ કેસ/ અરજદાર (%) |
|---|---|---|---|---|
| 1. | પુરૂષ | 29 (56.9) | - | 29 (28.4) |
| 2. | સ્ત્રી | 22 (43.1) | 51 (100.0) | 73 (71.6) |
| | | 51 (100.0) | 51 (100.0) | 102 (100.0) |

જાતિ પ્રમાણે કેસોનાં વર્ગીકરણના આંકડાઓને આધારે સ્પષ્ટ થાય છે કે આ કેસોમાં સ્ત્રી અરજદારોની સંખ્યા સૌથી વધુ (71.6 ટકા) છે. સીવીલ કેસમાં સૌથી વધુ પુરૂષ અરજદાર (56.9 ટકા) છે અને ક્રિમિનલ

કેસોમાં બધા જ અરજદારો સ્ત્રીઓ છે. પુરૂષ અરજદારો ફેમીલી કૉર્ટ્સમાં કેસ દાખલ કરનારા પતિઓ છે. ક્રિમિનલ કેસોમાં ભરણપોષણ, ભરણપોષણની રીકવરી અને ભરણપોષણમાં વધારો કરાવવાના કેસો સ્ત્રીઓ દ્વારા પોતાના પતિઓ સામે દાખલ કરવામાં આવતા હોવાથી તે બધા અરજદારો સ્ત્રીઓ છે. ફેમીલી કૉર્ટ્સ એ મહિલાઓની કૉર્ટ્સ છે તે અહીં દેખાય છે. ભરણપોષણનો કેસ માતાપિતા પણ પોતાના સંતાનોથી ભરણપોષણ મેળવવા અહીં કરી શકે છે. આ અભ્યાસમાં આવી બે માતાઓના કેસોને પણ સમાવવામાં આવ્યા છે.

અમદાવાદ ગુજરાત રાજ્યનું સૌથી મોટું અને વિસ્તારની દૃષ્ટિએ દેશમાં સાતમો ક્રમ ધરાવતું શહેર છે. અહીં અન્ય રાજ્યો અને શહેરોમાંથી લોકો સ્થળાંતર કરીને આ શહેરમાં આવે છે. તેઓ અલગ અલગ ધર્મ, જ્ઞાતિ અને માતૃભાષાના છે. ધર્મની દૃષ્ટિએ જોઈએ તો ગુજરાતમાં મોટાભાગની વસ્તી હિન્દુ ધર્મના અરજદારોની ટકાવારી ઘણી વધારે (77.5 ટકા) છે. જ્યારે મુસ્લિમ અરજદારો 16.7 ટકા અને ખ્રિસ્તી ધર્મના અરજદારોનું પ્રમાણ ખૂબ જ ઓછુ (5.9 ટકા) છે. અભ્યાસના અરજદારો જ્ઞાતિ પ્રમાણે ઉચ્ચ જ્ઞાતિ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત જ્ઞાતિના હતા. જેમાં ઉચ્ચ જ્ઞાતિના સૌથી વધુ 32 અરજદારો (31.4 ટકા), અનુસૂચિત જાતિના 20.6 ટકા અરજદારો હતા. અરજદારોની જ્ઞાતિ કેસ પર લખેલ નામ સાથે લખેલ જ્ઞાતિ આધારે નક્કી કરવામાં આવી હતી. બિન હિન્દુ અરજદારો 22.5 ટકા હતા.

આ ફેમીલી કૉર્ટ્સના અભ્યાસના અરજદારોમાંથી 94.1 ટકા અરજદારો અમદાવાદ શહેરના રહેવાસી હતા. 1 અરજદાર અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર બાવળા તાલુકાના એક ગામના હતા. જ્યારે 4 અરજદારો અમદાવાદ બહારના જિલ્લા ગાંધીનગર, મહેસાણા અને સુરતના હતા. ગુજરાત બહારના બીજા રાજ્યમાંથી એક અરજદાર રાજસ્થાનના હતા. વય પ્રમાણે સૌથી વધુ અરજદારો 21 થી 40 વર્ષના 50 ટકા હતા.

ફેમીલી કૉર્ટ્સના આ અરજદારોની શૈક્ષણિક માહિતી પ્રાપ્ત થઈ શકી નહોતી. કારણ કે ફેમીલી કૉર્ટ્સના કેસોમાં શિક્ષણ અંગેની માહિતી દર્શાવવામાં આવતી નથી. કદાચ આ કાર્ટને પણ બીજી કૉર્ટોની જેમ શિક્ષણની માહિતી સાથે કોઈ સંબંધ નથી. પરંતુ જો આ માહિતી ઉપલબ્ધ હોત તો આ કેસોનું વિશ્લેષણ વધુ ઉપયોગી થઈ જાત. આ બાબત અરજદારોની માસિક આવકને પણ લાગુ પડે છે. મહિલા અરજદારો મોટા ભાગે ગૃહિણી છે. 23.5 ટકા પુરુષ અરજદારો નોકરી કે ધંધો કરે છે, પરંતુ તેમની આવકની માહિતી દર્શાવી નથી.

આ અરજદારોમાંથી 93.1 ટકા અરજદારોના લગ્ન કુટુંબ દ્વારા ગોઠવાયેલાં હતાં જ્યારે 7 અરજદારોએ પ્રેમલગ્ન કર્યાં હતાં. આ અભ્યાસના 40.2 ટકા અરજદારોને કોઈ બાળક નથી, જ્યારે એક બાળકવાળા અરજદારોની સંખ્યા 41 એટલે કે 40.2 ટકા છે. બે બાળકોવાળા અરજદારો 15.7 ટકા અને ત્રણ કે તેથી વધુ બાળકોવાળા અરજદારો ખૂબ જ ઓછા 3.9 ટકા છે. આ અરજદારોમાંથી 85.3 ટકા અરજદારો (87) સંયુક્ત કુટુંબના છે, જ્યારે વિભક્ત કુટુંબના અરજદારો 12.7 ટકા છે.

અભ્યાસના 57.8 ટકા અરજદારોને ત્યાં લગ્ન પછી પતિ-પત્ની વચ્ચે ઝઘડાની શરૂઆત એક વર્ષની અંદર થઈ હતી, જ્યારે છ વર્ષ અને તે પછી ઝઘડાની શરૂઆત થઈ હોય તેવા કેસો 11.8 ટકા હતા. 34.4 ટકા સ્ત્રી અરજદારોને ત્યાં આ ઝઘડા માટે જવાબદાર વ્યક્તિ તેમના પતિ હતા. જ્યારે 32.4 ટકા સ્ત્રીઓના કેસોમાં પતિ અને કુટુંબના અન્ય સભ્યો એટલે કે સાસરીયાઓ બંને ઝઘડા માટે જવાબદાર જોવા મળ્યા હતા. સ્ત્રીઓના ત્રણ કેસો અને પુરૂષોના બે કેસોમાં ઝઘડા માટે પુત્ર અને પુત્રવધુ જવાબદાર હતા. 44 ટકા કેસોમાં માનસિક હિંસા, જ્યારે 51.0 ટકા કેસોમાં હિંસાનું સ્વરૂપ શારીરિક અને માનસિક બંને હતું.

**પતિ-પત્ની વચ્ચે ઝઘડાનાં કારણો :**

અભ્યાસના કેસોમાં પુરૂષ અને સ્ત્રી અરજદારોએ તેમના પતિ-પત્ની વચ્ચે ઝઘડો થવાનાં કારણો દર્શાવ્યાં હતાં. સામાન્ય રીતે ફેમીલી કૉર્ટમાં અરજદાર તેની

અરજીમાં સમસ્યાની પૂરી વિગત જણાવે તેના પર ભાર મૂકવામાં આવે છે. તેથી પતિ-પત્ની વચ્ચે ઝઘડો થવાનું કયું એક મુખ્ય કારણ છે અને કયાં બીજાં ગૌણ કારણો છે તે જાણી શકાતું નથી. દરેક કેસમાં એક કરતાં વધુ કારણો જાણવા મળ્યાં હતાં અને ઝઘડાનાં કારણો દરેક પ્રકારના કેસોમાં પુનરાવર્તિત થતા હતા. તેથી પુરુષ અને સ્ત્રી અરજદારોએ જણાવેલ ઝઘડાનાં કારણોને કેસોના પ્રકારના સંદર્ભમાં વારંવાર થતા પુનરાવર્તનથી બચવા સમાન કારણો અને કારણો એ રીતે અહીં વિશ્લેષણ કર્યું છે.

અભ્યાસના 43.1 ટકા સ્ત્રી અરજદારોનાં સીવીલ કેસોનાં બાળકનો કબજો, લગ્નજીવનનું પુનઃસ્થાપન અને છૂટાછેડાના કેસોમાં દર્શાવવામાં આવેલ (સમાન) કારણો- વ્યસન (દારૂ, જુગાર, નશીલા પદાર્થોનું સેવન), દહેજ, પૈસા, વસ્તુઓ માંગતા હતા. પતિ, દિયર, સાસુ-સસરા દ્વારા વાંક ગુના વગર ઝઘડો અને મારઝૂડ-હિંસા, ઘરમાં કોઈ મારી અને સંતાનોની કાળજી રાખતું નહીં. ઉપેક્ષાભર્યું વર્તન, પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મૂક્યા (ત્યાગ કર્યો) એ હતા. આ અરજદારોએ ચાઈલ્ડ કસ્ટડી (બાળકનો કબજો) અને લગ્ન જીવનનું પુનઃસ્થાપનના કેસોમાં દર્શાવેલ (સમાન) કારણો-મનમેળ ન થવું (મતભેદ), સ્વચ્છંદી સ્વભાવ પતિના આડા સંબંધ, રખાત, બીજાં લગ્ન, અન્ય સ્ત્રી સાથે સંબંધ (લગ્ન બહારના સંબંધો), દિકરો જન્મ ન આપી શકવો, સંતાનોને મળવા દેતા નથી, સંતાનોને શાળામાંથી ઉઠાડી મૂક્યા એ હતા. આ અરજદારોએ લગ્નજીવનનું પુનઃસ્થાપન અને છૂટાછેડાના કેસોમાં દર્શાવેલ (સમાન) કારણો - ખોટા આરોપ, આક્ષેપો, શંકા કરતા, હાથખર્ચ, કપડાં, ઘરખર્ચ, ઘરભાડુ આપતા નહીં, પતિ અને સાસરિયાઓના સ્વભાવમાં એકદમ બદલાવ, મારી નાખવાની, સળગાવી દેવાની ધમકી, પિયર પક્ષની સાથે કોઈ પણ જાતના સંબંધ રાખવા નહીં, ફોન પણ નહીં કરવા તેવું દબાણ કરતા, પિયરીયાઓ માટે ગમે તેમ બોલતા, કાઢી મૂક્યા બાદ મારી કે મારા બાળકની ભરણપોષણની કોઈ જવાબદારીનું પાલન કરતા નથી એ હતા. બાળકના કબજાના કેસોમાં સ્ત્રી અરજદારોએ દર્શાવેલ કારણો - પ્રેમલગ્ન હોવાથી હેરાન કરતા હતા. ભારત છોડી જતા રહેવા દબાણ, રસ્તા ઉપર એક્સીડેન્ટ કરાવી મારી નાખવાની ધમકી, સાસરિયાઓને હું પસંદ નહોતી, લગ્ન બાદ કોઈ કામ ધંધો કરતા નહીં, જૂઠુ બોલી છૂટાછેડાના કરાર પર સહી કરાવી લીધી, પતિએ કોરા કાગળ ઉપર સહી કરાવી 9 લાખની લોન લઈ વિશ્વાસઘાત કર્યો એ હતા. આ અરજદારોએ લગ્નજીવનના પુનઃસ્થાપનના કેસોમાં દર્શાવેલ કારણો- આપઘાતનો પ્રયત્ન કર્યો (ઊંઘની ગોળી ખાધી), સાસુ-સસરાની ચઢવણી, સાથ સહકાર ન આપે, ક્યારેક બધા વાતચીત કરવાનું બંધ કરી દે, ઘરકામ અને રસોઈ બાબતે ઝઘડો કરતા, પોલીસ સ્ટેશનમાં લાગવગ, પોલીસની ધમકી, ‘સમાજમાં ઊંચા દહેજવાળી ઘણી મળી જશે’ તેમ વારંવાર કહેતા, શંકાશીલ સ્વભાવ, નોકરી નહીં કરવાનું જણાવતા પરિવારનું વર્તન બદલાઈ ગયેલું, નોકરી અને ઘરનું તમામ કામ કરતા થાકીને લોથપોથ થઈ જતી હતી, પરિવારના સભ્યોને નોકરીની આવક અને કામકાજમાં જ રસ હતો, બિભત્સ પ્રકારની પ્રવૃત્તિ, ગંદી ગાળો બોલતા, છૂટાછેડા આપી દેવાની ધમકી આપતા, સાસુએ ફોર વ્હીલર માટે દહેજ નહીં લાવવા બદલ મારી ઉપર ગરમ શાક નાખીને દઝાડી દીધા હતા તેમજ મારી સામે છૂટી કાતર ફેંકી મારા હાથમાં ઈજા પહોંચાડેલ, વૉટ્સ એપ અને એસ.એમ.એસ. કરી માનસિક ત્રાસ આપી ગૂનો ચાલુ રાખેલ. સ્ત્રીધન પડાવીને કાઢી મૂક્યા એ હતા. આ અરજદારોએ છૂટાછેડાના કેસોમાં દર્શાવેલાં કારણો, મ્હેણાં-ટોણાં મારતા, ગાંડી કહેતા, સંતાનોને મારપીટ, ખેતીનું કામ કરાવતા અને જમવાનું પણ આપતા નહીં, મજૂરોને રજા આપી તેમનું કામ પણ મારાથી કરાવતા, લાંબા સમયથી શરીર સંબંધ ન્હોતો (બાંધવાની ના પાડવી), ખરાબ પ્રવૃત્તિઓ. જુગાર, દારૂનો ધંધો, દેશ વિરોધી પ્રવૃત્તિ-બંદૂક લે-વેચનો ધંધો, ભારે દેવુ, ક્યારેક જમવાનું ઓછુ આપે, ખાવાની બાબતે ટોકતા હતા, એક વર્ષથી વધુ સમયથી અલગ રહેવું, પીયર જવાની ના પાડે/જવા ન દે, ક્રૂરતાપૂર્ણ, બેજવાબદારીપૂર્વક વર્તન, મોબાઈલ ફોન ચેક કરતા, નોકરી, લગ્ન, મકાન,

જ્ઞાતિ વિશે જૂઠું બોલી લલચાવી, ફોસલાવી લગ્ન કર્યા, સ્રષ્ટીક્રમ વિરૂદ્ધની માગણી, ઘરમાંથી બહાર નીકળવા દેતા નહીં, પતિ-પત્ની તરીકે કોઈ સંબંધ રાખતા નહીં એ હતા.

48 ટકા અરજદારોના કેસોમાં તેમની સાથે સાસરીમાં મારઝૂડ અને હિંસા કરવામાં આવી હતી. આ કેસોમાં પતિ દ્વારા મારઝૂડ 25.5 ટકા કેસોમાં જ્યારે પતિ અને સાસરિયાઓ બંને દ્વારા મારઝૂડ 19.6 ટકા કેસોમાં થઈ હતી. સ્ત્રી અરજદારોના કેસોમાંથી 52.0 ટકા અરજદારોને ઘરમાંથી કાઢી મૂકવાનું કૃત્ય સાસરીયાઓએ કર્યું હતું, જેમાંથી 5 સ્ત્રી અરજદારોએ 498 (ક) ઘરેલુ હિંસાનો કેસ કર્યો હતો. 20.6 ટકા સ્ત્રી અરજદારોથી દહેજ માંગવામાં આવ્યું હતું. આ દહેજ માટે દબાણ કરનાર વ્યક્તિ પતિ અને કુટુંબના અન્ય સભ્યો હતા.

ફેમીલી કૉર્ટમાં કેસ દાખલ કર્યો તે પહેલાં ઝઘડાના સમાધાનના પ્રયાસો 95.1 ટકા અરજદારોના કેસમાં નોંધાયા હતા. જેમાં સૌથી વધુ સમાધાનના પ્રયાસ ફેમીલી કોર્ટ દ્વારા ભરણપોષણના કેસોમાં સ્ત્રી અરજદારોને ન્યાય અપાવવા માટે થયા હતા. 3 સ્ત્રી અરજદારો ઝઘડાના સમાધાન માટે કુટુંબ સલાહ કેન્દ્રો પાસે ગયા હતા. અભ્યાસના અરજદારોએ લગ્ન પછી કેટલાં વર્ષ બાદ ફેમીલી કોર્ટમાં અરજી કરી હતી તે તપાસતાં લગ્ન પછી પાંચ વર્ષની અંદર કેસ દાખલ કરનાર 45.1 ટકા અરજદારો હતા. જ્યારે અગ્યાર વર્ષ અને તે પછી કેસ દાખલ કરનારા સૌથી ઓછા અરજદાર 25.5 ટકા હતા.

ફેમીલી કૉર્ટસના અભ્યાસના કેસોમાં અરજદારોને ન્યાય મેળવવામાં કે તેમના કેસનો નિકાલ થવામાં કેટલો સમય લાગ્યો તે તપાસતાં 29.4 ટકા કેસોનો નિકાલ એક વર્ષની અંદર, 24.5 ટકા કેસોનો નિકાલ બે વર્ષની અંદર, 34.3 ટકા કેસોનો નિકાલ ત્રણથી ચાર વર્ષની અંદર જ્યારે 11.8 ટકા કેસોનો નિકાલ પાંચ વર્ષ કે તેથી વધુ સમયમાં થયો હતો. અહીં વિશેષ નોંધપાત્ર માહિતી એ મળી હતી કે આ કેસોમાંથી 34.3 ટકા કેસોમાં અરજદારોએ વિડ્રોલ પુરસીસ (કેસ પાછો ખેંચવાની પ્રક્રિયા) કરી હતી. સામાન્ય રીતે આ પુરસીસમાં દર્શાવેલાં કારણોમાં 'ઘરમેળે સમાધાન થયું' તેમ દર્શાવવાની સાથે સાથે પતિ-પત્ની સાથે રહેવા લાગ્યા અથવા બંનેએ નોટરાઈઝ કસ્ટમરી ડિવોર્સ લઈ છૂટા થયા, બાળકની કસ્ટડી મળી, પરમેનન્ટ એલીમની (કાયમી નિર્વાહ ખર્ચ) લઈ છૂટા થયા વગેરે જણાવી ઝઘડાનો સુખદ અંત આવ્યો છે તેમ દર્શાવતા હોય છે. અભ્યાસના 15.7 ટકા કેસોમાં પક્ષકારોની ગેરહાજરી અને પુરાવાઓના અભાવને કારણે આવા કેસો ડિસ્પોજ (નિકાલ) કર્યા હતા. 50 ટકા અરજદારોના કેસમાં ફેમીલી કૉર્ટ્સના ન્યાયાધીશોએ ચુકાદો/જજમેન્ટ/હુકમનામું કર્યા હતા. જેમાં, બે અરજદાર માતાઓને તેમના પુત્રો પાસેથી ભરણપોષણ અપાવ્યું હતું, બે સ્ત્રી અરજદારોના ભરણપોષણના કેસમાં સામાવાળાઓ (પતિઓ) એ ભરણપોષણની રકમ નહીં ભરવા બદલ જેલની સજા કરી હતી, વિશિષ્ટ કેસો હતા.

**કૌટુંબિક અદાલતોની અસરકારકતા વધારવા માટે ભલામણો :**

કૌટુંબિક અદાલતોની અસરકારકતાને વધારવા માટે અમલીકરણ માટેની નીચેની ભલામણો અભ્યાસમાંથી બહાર આવી છે.

1. આ અભ્યાસની શારીરિક અને માનસિક હિંસા, પત્નીને કાઢી મૂકવાનું કૃત્ય, પતિ-પત્ની વચ્ચે તકરાર શરૂ થવાનો સમય, ભરણપોષણ મેળવતી સ્ત્રીઓની પરિસ્થિતિ વગેરેના આંકડા આખા સમાજને આઘાત પહોંચાડે તેવા છે. જો આ હદે આવીને પણ સમાજ સારો દેખાવાની અને વિકાસની વાતો કરતો હોય તો તેને બદલવાની જવાબદારી ભારતીય ન્યાયાલયોની બને છે. કારણ કે તેની પાસે એક એવું માળખું અને સત્તા છે જે સાચા-ખોટાની ઓળખ અને ગુનેગારોને સજા આપવાનું કામ નિર્ભીક રીતે કરે છે. આમ, કુટુંબમાં થતી હિંસા અને પતિ-પત્નીના ઝઘડાઓને કુટુંબમાં પ્રાથમિક તબક્કે જ અટકાવવાનું કામ હવે જ્યાં સુધી ફેમીલી કોર્ટો દ્વારા કુટુંબમાં જઈને નહીં કરવામાં આવે ત્યાં સુધી ફેમીલી કૉર્ટના કેસો ક્યારેય ઘટશે

નહીં. કારણ કે આવાં કુટુંબો કાયદાકીય કાર્યવાહી અને સજાને પાત્ર છે તે વાસ્તવિકતાનો સમાજ પણ અસ્વીકાર કરી શકે તેમ નથી. આ માટે સરકારે ગ્રામ્ય અને શહેર કક્ષાએ અલગ અલગ મોબાઈલ ફેમીલી કૉર્ટ્સની રચના કરવી જોઈએ.

2. ભારતમાં કાયદાની અનેક વાસ્તવિકતા છે જેમાં કેટલીક સમાન છે જે બધા પ્રકારની અદાલતોને લાગુ પડે છે, જેવી કે (1) દરેક કાયદાનું અમલીકરણ કોર્ટમાં કેસ દાખલ કર્યા બાદની ઘટના છે, (2) દરેક કોર્ટમાં દાખલ કરેલો કેસ 'પુરાવાઓ' ઉપર આધાર રાખે છે એટલે એમ કહી શકાય કે કોર્ટો પુરાવાઓની રાહ જોતી અને તેમાં સમય વેડફતી સંસ્થાઓ છે અને (3) ન્યાય કે ચુકાદો આપવામાં થતા વધુ પડતા વિલંબથી સમાજમાં કાયદાની અસરકારકતા થતાં વધુ પડતા વિલંબથી સમાજમાં કાયદાની અસરકારકતા ઊભી થતી નથી. આવી પરિસ્થિતિઓ અપરાધીઓને આરામ કરવાનો અને વકીલોને કાયદાની છટકબારીઓ શોધવાનો અને વધુ પૈસા કમાવવા માટેનો સમય પૂરો પાડે છે. આ વાસ્તવિકતાઓથી કાયદો કોર્ટ કંપાઉંડની અંદરની બાબત છે તેવું સૂચન કરે છે. તેથી આ કાયદાઓની અસર કૉર્ટ કંપાઉંડથી બહાર-સામાન્ય પ્રજાની જીવનશૈલી પર દેખાતી નથી અને ભારતીય અદાલતોમાં કેસોની સંખ્યામાં અનેકગણો વધારો થતો રહે છે અને કહેવાય છે કે કોર્ટો અને ન્યાયાધીશોની સંખ્યા ઓછી હોવાથી કેસોના ઢગલા થાય છે. ભલે વાસ્તવિકતાઓ જે હોય તે પરંતુ હવે કોર્ટોએ તેમના કંપાઉંડની બહાર આવવું જ પડશે. કંપાઉંડની અંદર બેસી રહેવાથી જે ફાયદો થયો તે થયો, પરંતુ હવે કૉર્ટોની અસરકારકતા વધારવા ફેમીલી કૉર્ટો સમગ્ર સ્ટાફ સમાજને શિક્ષણ આપવાનું, તેની કામ કરવાની રીતોમાં સંશોધનો કરવાનું અને પોતાના ક્ષેત્રમાં સેવાઓનું વિસ્તરણ એટલે કે ફેમીલી કૉર્ટના બધા અરજદારો અને 100 ટકા બિન અરજદારો (પોતાના વિસ્તારના ગ્રામ્ય કે શહેરી કુટુંબો)ની 'હોમ વિઝીટ'નું કામ સમાજને દખલરૂપ ન થાય તે રીતે કરવું જ પડશે. કૉર્ટે આવી આંતરિક અને બાહ્ય જવાબદારીઓ માટે પોતાના સ્ટાફને બે જૂથમાં વહેંચીને આ પ્રકારની કામગીરી શરૂ કરવી જ પડશે. આ માટે નવી ભરતી પણ કરવી પડી શકે છે.

3. ફેમીલી કૉર્ટની અસરકારકતા વધારવાનું બીજું મહત્ત્વનું કારણ એ છે કે સમાજમાં કુટુંબો દ્વારા ભવિષ્યના નાગરિકોની ભરતીનું કામ કુટુંબના માતાપિતા દ્વારા, કુટુંબના સભ્યો, વડીલો દ્વારા થાય છે. કુટુંબમાં બાળક તેની બાલ્યાવસ્થાથી કુટુંબના બીજા સભ્યો જેવા હોય તેવા સ્વરૂપે સ્વીકારી લે છે. તે આ બધાને ચાહે છે, પ્રેમ કરે છે, તે કુટુંબની દરેક વ્યક્તિની કેટલીક બિન આવડત, નબળાઈ, ખામી, ખોડખાંપણ અને તેમના વર્તનને યોગ્ય માનીને ચાલે છે. તો પછી કુટુંબમાં લગ્ન કરીને પ્રવેશ કરતી નવવધૂને કેમ તેનો પતિ અને સાસરિયા પોતાનાથી જુદી માની, લોભ, લાલચ કે ખોટી અપેક્ષાઓને કારણે તેની ઉપર શારીરિક, માનસિક હિંસા, તેનાથી દહેજની માંગણી, તેને ઘરમાંથી કાઢી મૂકવાનું કૃત્ય, છૂટાછેડા, તેનું સ્ત્રીધન છીનવી લેવું જેવી અફરાધીક હિંસા કરે છે. આવી ઘટનાઓથી સમાજમાં કેવા નાગરિકોની ભરતી થઈ રહી છે, તે પ્રશ્ન ઉદ્ભવે છે. અહીં એક ગુનો બીજા ગુનાની પૂર્વભૂમિકાનું ઘડતર કરે છે. તેથી કુટુંબની સર્વ સમાવેશક-હકારાત્મક ભૂમિકા વધારવી અત્યંત આવશ્યક છે. આ પ્રકારની શિક્ષા આપવાનું કામ કાયદાની શાખાઓના વિદ્યાર્થીઓને વકીલોને અને વિવિધ અનુસ્તાનક કક્ષાના વિદ્યાર્થીઓ અને તેમના શિક્ષકોને સાથે રાખી સમાજમાં 'કાયદાકીય જાગૃતિનું આંદોલન' સદીઓ સુધી ચાલુ રાખવાથી જ થઈ શકશે.

4. ફેમીલી કૉર્ટના અભ્યાસના કેસોમાં સ્ત્રી અરજદારોએ પતિ-પત્ની વચ્ચે થયેલા ઝઘડાના કારણોમાં પતિ અને તેના સાસરિયાઓ દ્વારા કરાયેલા સો કરતાં વધુ અપરાધિક વર્તન (ગુનાઓ) નોંધાયા હતા. છેડતી, દુષ્કર્મ, બળાત્કાર, આપઘાતના કેસો ફેમીલી કૉર્ટના

ક્ષેત્રમાં આવતા નથી. સ્ત્રીઓ સમાજનો 50 ટકા ભાગ બને છે. પરંતુ સમાજ તેને પતિ ઘેર મોકલ્યા બાદ એકલી, નિર્બળ, નિઃસહાય બનાવી દે છે. પતિ-પત્ની વચ્ચે ઝઘડા થાય અને સમાધાન થાય એવું ચાલ્યા કરે પણ જ્યારે બન્ને વચ્ચે સમાધાન થાય નહીં ત્યારે ત્રીજી વ્યક્તિને સમાધાન માટે બોલાવવામાં આવે છે. આવા સમયે પતિ, કુટુંબ અને સમાજને સ્ત્રીઓના મુદ્દે 'સંવેદનશીલ બનાવવાની તાલીમ' આપવાની જરૂરિયાત જણાય છે. આવી તાલીમ સ્ત્રી તરફી કાયદાઓ શા માટે કરવા પડ્યા, પતિ અને સાસરિયાઓના આધિપત્ય નીચે નવવધૂને દમન અને શોષણની વાસ્તવિકતા તરફ સજાગતા, સ્ત્રીઓ પર થતા કૌટુંબિક અત્યાચારો પરત્વે સંવેદનશીલતા, સ્ત્રીઓના અધિકારો પરત્વે આંતરરાષ્ટ્રીય વિચારણા વગેરે વિષયો પર સમગ્ર સમાજને આપવાની જરૂર છે. આવી તાલીમ શિક્ષણની સંસ્થાઓ દ્વારા પ્રાથમિક કક્ષાઓથી આપવામાં આવે તો તે પણ સમાજમાં પરિવર્તન લાવશે.

5. વર્તમાનપત્રોમાં પતિપત્ની વચ્ચેના ઝઘડાઓના સમાચારો રોજ છપાતા હોય છે. આ સમાચારો ટેલીવિઝનની ન્યૂઝ ચેનલો પર નહીંવત દર્શાવવામાં આવે છે. ન્યૂઝ ચેનલોમાં પણ પતિ-પત્નીના ઝઘડાના કિસ્સાઓ, કારણો, પ્રકારો, સંખ્યા વગેરેના સમાચારોને પ્રાથમિકતા અપાવવી જોઈએ.
6. ફેમીલી કૉર્ટે સમાજમાં જાગૃતિ લાવવા મહિનામાં એકવાર રેલી, પ્રચાર, નાટક જાહેર કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ. આ કાર્યક્રમોમાં કૌટુંબિક મુદ્દાઓ, કેસોમાં થઈ રહેલો વધારો, ઝઘડાની અસરો, તેની ગંભીરતા, નિવારણના ઉપાયો વગેરે મુદ્દાઓને જાહેર કરવી જોઈએ. આ કાર્યક્રમો કાંકરિયા તળાવ, અડાલજની વાવ, જામા મસ્જિદ, વસ્ત્રાપુર લેક વગેરે શહેરનાં પ્રવાસી સ્થળો (ટુરિસ્ટ પ્લેસેસ) પર કરવા જોઈએ.
7. ફેમીલી કૉર્ટે પુત્ર પાસેથી ભરણપોષણ માંગતા માતાપિતા, વિકલાંગ અરજદારો, બાળકનો કબજો, છૂટાછેડાના કેસોને પ્રાથમિકતા આપવી જોઈએ. આવા વૃદ્ધ, નબળા અને જરૂરિયાતવાળા અરજદારોના કેસોનો ઉકેલ એક વર્ષમાં આવે તે રીતે એક અલગ કૉર્ટનું આયોજન કરવું જોઈએ.
8. હાલની ફેમીલી કોર્ટનું આખુ ક્ષેત્ર વકીલોના સેડ, પાર્કિંગ અને 6 ફેમીલી કૉર્ટ્સના માળખાને અને ત્યાં આવતા-જતા લોકોને જોતા તે અત્યંત ભીડવાળુ સ્થળ બની ગયું છે. આ કૉર્ટને ભીડવાળા વાતાવરણ તેમજ બીજી નાગરિક અદાલતોના સ્થળથી શાંત વાતાવરણમાં ખસેડવાની જરૂર છે. જેથી તે અસરગ્રસ્ત યુગલોને તેમના વિવાદો ઉકેલવામાં સમાધાન કરાવવામાં મદદ કરી શકે. ફેમીલી કૉર્ટ્સના કંપાઉંડમાં સારી સુવિધાવાળો બગીચો પણ હોવો જરૂરી છે.
9. કેસોની ફાઈલિંગની કાર્યવાહી સરળ હોવી જોઈએ. જેના ફોર્મ્સ સરળ હોવા જોઈએ અને તેમાં ટેકનીકલ બાબતો ટાળવી જોઈએ. જેથી નિરક્ષર લોકો અદાલતનો સહેલાઈથી સંપર્ક કરી શકે અને પક્ષકારોને એક સાથે કૉર્ટમાં આવવા અને તેમના પ્રશ્નોના ઉકેલ માટે સક્ષમ બનાવી શકાય. આ પક્ષકારોને જો તેમના કેસ સંબંધિત નાની 'કાયદા પુસ્તિકા' આપવામાં આવે તો તેમને મદદરૂપ થઈ શકે છે.
10. ન્યાયાધીશોને ઝડપી નિર્ણયો લેવા અને કેસોના નિકાલ માટે યોગ્ય માળખાકીય સુવિધાઓ, સારો પ્રકાશ અને હવા અજવાળાની સુવિધા પૂરી પાડવાની તાત્કાલિક જરૂરિયાત છે.
11. ફેમીલી કોર્ટ એક્ટ, 1984ના અસરકારક અમલીકરણ માટે ફેમીલી કોર્ટ એક્ટની છટકબારીઓ તાત્કાલીક સુધારવી જોઈએ.
12. હવે સરકારે પાંચ લાખની વસ્તી માટે એક ફેમીલી કોર્ટનો નિયમ દાખલ કરવાની જરૂર છે, કારણ કે છેલ્લાં થોડાં વર્ષોથી ફેમીલી કોર્ટના કેસોની સંખ્યા, કેસોના પ્રકાર અને કેસોની જટિલતામાં વધારો થયો છે.
13. ફેમીલી કૉર્ટ્સના કેસો ઝડપી અને ઓછા સમયમાં

પૂરા થાય તે માટે ફેમીલી કોર્ટના કેસોનું ભારણ ઘટાડીને રોજના 20 કેસો ચલાવવાની મર્યાદા બાંધવી જોઈએ. કારણ કે હવે કેસોની સંખ્યા, વધવાની સાથે સાથે આવા કેસોની વિવિધતા અને જટિલતામાં પણ વધારો થયો છે. તે માટે કોર્ટોની સંખ્યા વધારવી જોઈએ.

14. ફેમીલી કૉર્ટ્સમાં આવતા કેસો મુખ્યત્વે સીવીલ અને ક્રિમિનલ એમ બે પ્રકારના છે. છેલ્લા દસ વર્ષોમાં ક્રિમીનલ કેસોના નિકાલ કરવાની ઝડપમાં કોઈ ખાસ સુધારો કે વધારો થયો નથી. તે જોતાં આ પ્રકારો પ્રમાણે કોર્ટો જુદી પાડી શ્રમ વિભાજન (Division of Labour) કરવું જોઈએ. તેથી ફેમીલી કૉર્ટ્સના તમામ સ્ટાફની ઝડપ, તેમની કુશળતા અને તજજ્ઞતા (Expertise)માં વધારો થઈ શકે છે અને કેસોનો નિકાલ ઝડપથી લાવવામાં મદદ મળી શકે છે.
15. ફેમીલી કૉર્ટમાં આવતી અરજીઓમાં અસરગ્રસ્તો (Victims) મોટેભાગે મહિલાઓ છે. તેથી તેના વકીલ તરીકે મહિલા વકીલને અગ્રિમતા આપવા કાયદો કરી તે બાબતની પહેલ કરવાની જરૂર છે.
16. ફેમીલી કોર્ટના કેસમાં વકીલોની દાખલ પર સખત પ્રતિબંધ હોવો જોઈએ અને માત્ર અસરગ્રસ્ત પીડીતોને તેમના કેસો સીધા રજૂ કરવાની છૂટ આપવી જોઈએ. રાજ્ય સરકારે એક એવા કાયદાની રજૂઆત કરવી જોઈએ કે જે દ્વારા વકીલોને નિરક્ષર અને આર્થિક રીતે નબળા પક્ષકારોને મફત કાનૂની સલાહ પ્રદાન કરવા માટે ફરજિયાત બનાવવામાં આવે.
17. યુગલો સાથે ચર્ચા કરવા અને તેમના વિવાદોને સરળતાથી સુનિશ્ચિત કરવામાં મદદ કરવા માટે એવું સૂચન કરવામાં આવે છે કે રાજ્ય સરકારે પૂર્ણ સમયના કાનૂની સલાહકારોની નિમણૂંક કરવી જોઈએ. એ માટે બજેટ પણ પૂરું પાડવું જોઈએ. આ સિસ્ટમ કેસોના ઝડપી નિકાલની સુવિધા આપશે.
18. ફેમીલી કોર્ટની જગ્યાની અંદર 'કાઉન્સિલીંગ સેન્ટર્સ' રાખવાની ભલામણ કરવામાં આવે છે. જ્યાં પૂર્ણ સમયના પ્રશિક્ષિત સલાહકારોની નિમણૂક કરવી આવશ્યક છે. નિવૃત્ત ન્યાયાધીશો, એનજીઓ અને સામાજિક કાર્યકરોને સેવા આપવા અને કૌટુંબિક અદાલતોને સરળ કામગીરી માટે પ્રોત્સાહન આપવા બોલાવવા જોઈએ.
19. ફેમીલી કોર્ટ માટે 'શોર્ટ સ્ટે હોમ્સ'ની જોગવાઈ કરવી જોઈએ. જે પીડીત યુગલોને તેમના મતભેદોની ચર્ચા કરવાની અને તેમને એક સાથે રહેવાની અને તેમના વિવાદોને સમાધાન નથી. પતાવટ કરવાની તક આપે છે. તે યુગલોને વૈવાહિક જીવનને સાસરા અને બીજાઓની દખલગીરીથી દૂર રાખે છે. એનજીઓના સલાહકારો, સામાજિક કાર્યકરોને આ યુગલોને મળવા અને થોડા થોડા સમયે તેમને સલાહ આપવા મોકલવા જોઈએ.
20. કેસોના નિકાલમાં બિનજરૂરી વિલંબને દૂર કરવા માટે (ચુકાદો ઝડપથી પસાર કરવા માટે) લઘુત્તમ સમયમર્યાદા નક્કી કરતા કાયદાની રચના કરવાની તાત્કાલિક જરૂરિયાત છે.
21. લૈંગિક પૂર્વગ્રહને દૂર કરવા માટે એ સૂચવવામાં આવે છે કે તમામ કૌટુંબિક અદાલતોએ પુરૂષ ન્યાયાધીશોની સાથે અડધા ભાગ જેટલી મહિલા ન્યાયાધીશોની નિમણૂક કરવી જોઈએ. (હાલ થોડા સમયથી આવું જોવા મળે છે.) આ મહિલા ન્યાયાધીશો કેસોના ઝડપી નિકાલમાં મદદ કરશે, કારણ કે તેઓ નિર્ણય કરવા માટે એક માનવીય અભિગમ પણ ધરાવે છે.
22. તમામ કૌટુંબિક અદાલતોએ મુખ્ય ન્યાયાધીશ (પ્રિન્સીપાલ જજ) તરીકે મહિલા ન્યાયાધીશને પ્રાથમિકતા આપવી જોઈએ. ન્યાયાધીશોએ પણ તેમના ચુકાદાઓ માટે જવાબદાર બનવું જોઈએ અને તેઓએ સ્પષ્ટપણે માનવું જોઈએ કે કયા આધારે નિર્ણયો (Judgement) આપવામાં આવે છે.
23. પક્ષકારો અને તેમનાં નાનાં બાળકો અને સગાઓ, વકીલોની હાજરીને જોતા રોજ લગભગ એક હજાર જેટલી વ્યક્તિઓ ફેમીલી કોર્ટમાં હાજર રહે છે.

આ દરેક વ્યક્તિને પોતાની માહિતી ગુપ્ત રાખવાની હોય છે. બીજી રીતે આ ફેમીલી કોર્ટ પક્ષકારો, તેમનાં બાળકો અને સગાઓ માટે એકબીજાથી મળવાનું 'મિલન કેન્દ્ર' પણ છે તેથી તેના મોકળાશ, પૂરતા હવા-ઉજાસ, અલગ મોટી ખુલ્લી અને શાંત જગ્યા બેસવા માટે હોવી અત્યંત આવશ્યક છે. હાઈજિનિક રેસ્ટોરન્ટસને કોર્ટના સ્થળની અંદર ચલાવવાની મંજૂરી આપવી જોઈએ. જ્યાં પક્ષકારો અને મુલાકાતીઓ થોડોક ચા-નાસ્તો લઈ શકે.

24. ક્રિ. પ્રો. કો. કલમ 125 (3) - ભરણપોષણની રીકવરીના કેસો ચલાવવાની સત્તા જો પોલીસ કમિશ્નરને આપવામાં આવે તો ફેમીલી કોર્ટનું કામનું ભારણ ઘટી શકે છે. આ કેસોમાં જો સામાવાળા (Opponent) સમયસર રકમ જમા ન કરાવે તો તેવા કિસ્સામાં જેલની સજાની સાથે સાથે માસિક એક હજાર રૂપિયાનો દંડ પણ નિયમ તરીકે વસુલ કરવો જોઈએ. આ રકમ પણ મહિલા અરજદારને આપવી જોઈએ.
25. વધતી જતી મોંઘવારી અને વધતા જતા ભાવોને ધ્યાનમાં રાખી ફેમીલી કોર્ટના ન્યાયાધીશોએ ભોગ બનેલી સ્ત્રીઓના માટે ભરણપોષણની લઘુત્તમ રકમ 5000/- (પાંચ હજાર) રૂપિયા બાંધવી જોઈએ. ભોગ બનેલી મહિલાનાં નાનાં બાળકોને મદદ કરવા માટે કોઈ પણ વિલંબ વિના ભરણપોષણનાં નાણા તરત જ પૂરાં પાડવામાં આવવાં જોઈએ. ભરણપોષણ માટે પુરુષોને ભાગમાં નાણા ચુકવણી કરવાની પરવાનગીની પદ્ધતિ તરત બંધ તઈ જવી જોઈએ, કારણ કે આ બાબત પણ કેસોના નિકાલમાં વિલંબ થવા માટેનું એક કારણ છે.
26. ફેમીલી કૉર્ટ્સમાં આવતા કેસોના ચુકાદા વખતે અરજદારને 'અરજી ખર્ચ' પેટે અમુક રકમ આપવાનું જાહેર કરવામાં આવે છે, પરંતુ તેમાં 'વકીલની ફી' વિશે કોઈ દિવસ ધ્યાન ધરવામાં આવ્યું નથી. આજકાલ સામાન્ય વકીલો પણ આવા કેસોમાં કમ સે કમ દસ હજાર ફી વસુલતા હોય છે. આ રકમ કાઢી મૂકવામાં આવેલી મહિલા, ગરીબ, મજૂરી કરતી મહિલાઓ માટે અસહ્ય હોવા છતાં તેઓ ચૂકવે છે. કેટલીકવાર તો 'મુદત' વખતે પણ વકીલો ફી બાબતે પોતાના ક્લાયન્ટ સાથે અમાનવીય અને અભદ્ર ભાષાનો પ્રયોગ કરતા નજરે ચડ્યા હતા. આના ઉપાય તરીકે અરજી ખર્ચની રકમમાં વધારો કરવાની જરૂર છે.
27. ક્રિ.પ્રો.કો.ની કલમ 125 અને 127 ભરણપોષણ અને ભરણપોષણમાં વધારો કરવાના કેસોમાં પતિની સાચી આવક જાણવા માટે 'મહિલા પોલીસ સ્ટેશનો'ની મદદ લેવી જોઈએ. આમ કરવાથી સ્ત્રી અરજદારોને પતિની આવકના પુરાવાઓ શોધવામાં મદદ થશે અને કેસોના નિકાલમાં થતો વિલંબ ઓછો થશે.
28. ઝૂડાયેલ માર ખાધેલી અને કાઢી મૂકાયેલી મહિલાઓને સમાજમાં રક્ષણ પૂરું પાડવા સરકારે અલગથી 'મહિલા મિત્ર'ની ભરતી કરવી જોઈએ.
29. ફેમીલી કોર્ટમાં વધતા જતા કેસોની સંખ્યા, કેસોની વિવિધતા અને જટિલતા અને જુદા-જુદા ધર્મોના વ્યક્તિગત કાયદાઓ જોતાં હવે 'સમાન નાગરિક ધારો' બનાવવો જોઈએ.
30. સરકારે વધતી જતી મોંઘવારી, આર્થિક અસમાનતા, ગરીબી, આકસ્મિક બેકારીને જોતાં લગ્નની ઓછી ખર્ચાળ, દહેજ વિનાની અને રિવાજ-શૂન્ય પદ્ધતિ અપનાવવા સમગ્ર સમાજને પ્રોત્સાહન આપવું જોઈએ. તે માટે જરૂરી માળખુ બનાવવું જોઈએ.
31. ગ્રામ્ય સ્તરે ઊભા થતા કૌટુંબિક વિવાદોના નિરાકરણ માટે હવે તાલુકા સ્તરે પણ કૌટુંબિક અદાલતોની સ્થાપના અનિવાર્ય લાગે છે.
32. મીડીએશન, કંસીલેશન અને લોકઅદાલત ફેમીલી કૉર્ટ્સનું ભારણ ઘટાડવામાં મહત્ત્વના છે. કૌટુંબિક અદાલતોએ આ બાબતે વધુ પ્રોત્સાહક રહેવું જોઈએ.
33. પતિ જો દારૂડિયો હોય, તેનો બીજી સ્ત્રી સાથે સંબંધ હોય, તે મારઝૂડ કરનારો હોય તેવું જો અરજદારે પોતાના કેસમાં દર્શાવ્યું હોય તો તેવા કેસોમાં પોલીસ તપાસ કરાવી ફેમીલી કોર્ટે આવા

પતિઓને તેમની ક્રૂરતા બદલ તરત બે મહિનાની જેલની સજા અને દંડ કરવો જોઈએ.

34. ચુકાદામાં જો એક વર્ષથી વધુ સમય થાય તો સ્ત્રી અરજદારોને દરેક વર્ષને અંતે થોડીક આર્થિક મદદ કરવી જોઈએ કે જેથી તેને પોતાની જરૂરિયાતો માટે પોતાના પિયરીયાઓ કે બીજાઓ પર આધારિત ન રહેવું પડે. વચગાળાના ભરણપોષણનો કાયદો છે, પરંતુ તેનો લાભ માત્ર આવા અરજદારોને આપવામાં આવે છે, બધાને નહીં.

35. સ્ત્રી અરજદાર કેસ કરે ત્યાર પછી તરત તેને કોઈક પ્રકારની તાલીમ, વધુ શિક્ષણ, કોઈ ધંધો કે રોજગાર શીખવાડી સ્વતંત્ર બનાવવાના, પગભર કરવાના સઘન પ્રયત્નો સરકારે કરવા જોઈએ, કારણ કે તેનાથી વ્યક્તિના સમગ્ર જીવન પર તેની સારી અસરો પડી શકે છે.

36. ફેમીલી કૉર્ટ્સ હંમેશા સૂચક અને વ્યવસ્થા સંપન્ન હોવી જોઈએ. ફેમીલી કૉર્ટનું 'ચિલ્ડ્રન રૂમ' કૉર્ટની ભીડથી અલગ રાખવું જોઈએ. જેમાં રમકડાં, રમતગમતના સાધનો (ઈન્ડોર, આઉટડોર ગેમ), થોડોક નાસ્તો, ચોકલેટ, બિસ્કીટ, વેફર, સ્ટોરી બુક્સ, નોટબુક, પિક્ચર બુક્સ, કલર બુક્સ, પાંચ-છ નાની મોટી ખુરશી, ટેબલો હોવાં જોઈએ. એક સહાયિકાબેન (રમાડે, ખવડાવે, વાતચીત કરે, ધ્યાન રાખે તેવી) રાખવી જોઈએ.

37. કૉર્ટના હાલના માળખાનું સારી રીતે આયોજન કરવાની જરૂર છે. કોર્ટ સ્ટાફ માટે કામના પર્યાવરણમાં સુધારો થવો જોઈએ. ઓફિસ કર્મચારીઓને અનુકૂળ વાતાવરણમાં કામ કરવા માટે મોટા, ખુલ્લા ઓરડા પૂરા પાડવા આવશ્યક છે. સારી પીવાના પાણીની સુવિધા, સ્વચ્છ અને આરોગ્યપ્રદ શૌચાલયો પુરૂષો અને સ્ત્રીઓ બંને માટે, સ્ટાફ માટે અલગ પૂરા પાડવા આવશ્યક છે. કોર્ટોમાં વધુ પડતી ભીડ ટાળવા માટે, મુલાકાતીઓ અને પક્ષકારોને બેસવા માટે કોર્ટ પ્રિમાઈસીસથી અલગ વ્યવસ્થા કરવી આવશ્યક છે.

38. હાલમાં 6 ફેમીલી કૉર્ટ્સ માટે પાર્ટટાઈમ 'કન્સીલેટર'ની જોગવાઈ છે તે વધારીને ફૂલટાઈમ કરવી જોઈએ. આમ કરવાથી દરેક કેસને પૂરતો ન્યાય અને સમય આપી શકાય છે અને કુટુંબના ગંભીર અને સંવેદનશીલ વિવાદોનું નિવારણ ઝડપી થઈ શકે છે.

39. હાલમાં આ ફેમીલી કૉર્ટ્સમાં એક પણ સોશ્યલ વર્કર કે કાઉન્સિલર નથી. દરેક કોર્ટમાં બે મહિલા સોશ્યલ વર્કરની નિમણૂક કરવાની જરૂર છે. વધુમાં આ સ્ટાફથી વર્ષમાં બેવાર પક્ષકારોની સોશ્યલ ઓબ્ઝર્વર તરીકે હોમ વિઝીટ કરાવી તેમની વર્તમાન સ્થિતિ, પ્રશ્નો, મુશ્કેલીઓ, સમસ્યાઓ, જવાબદારીઓ જાણવાની કોશીસ કરવી જોઈએ. કારણ કે કેસ દાખલ કર્યા બાદ કેટલાક પક્ષકારો બિમારી, ગરીબી, મજબૂરી, લાચારી, શોષણ જેવી દુઃખદ, અસહ્ય અને નિરાધાર જેવી કોઈને કોઈ પરિસ્થિતિમાં સપડાયા હોય છે. તેઓને સામાજિક, આર્થિક મદદની જરૂર હોય છે. ફેમીલી કોર્ટે આવી જરૂરિયાતવાળી વ્યક્તિઓની આ સ્ટાફ દ્વારા ઓળખ કરી તેમને મદદ કરવી જોઈએ.

40. ફેમીલી કૉર્ટ્સમાં બજવણી અધિકારી (બેલીફ)ની ભૂમિકા મહત્ત્વની છે. તેને વધુ અસરકારક બનાવવા તેમાં મહિલાઓને પણ નિમણૂક આપવાની જરૂર છે અને દરેક સમન્સ કે નોટીસની બજવણી વખતે બે બજવણી અધિકારીઓ (એક પુરૂષ અને એક મહિલા)ને મોકલવા જોઈએ. પક્ષકારો પર આ બાબત વધુ અસરકારક બની શકે છે.

41. નકલ શાખામાંથી દરેક પ્રકારની નકલ વધુમાં વધુ ચાર દિવસની અંદર મળી શકે તે માટે જરૂરી માળખુ, સાધનો અને સ્ટાફ વધારવાની જરૂર છે.

42. ફેમીલી કૉર્ટ્સના કર્મચારીને સમયાંતરે જરૂરી કાયદાકીય તાલીમ, સારી કામગીરી બદલ પ્રોત્સાહન, સન્માન અને બઢતી પણ આપવી જોઈએ.

43. સરકારી અને ભંડોળ એજન્સીઓએ કાયદાકીય ક્ષેત્રે વધુ સંશોધનો કરવા માટે શિક્ષણ શાસ્ત્રીઓને સહાય કરવી જોઈએ. સંશોધન અહેવાલોમાં નીતિ

નિર્માતાઓ દ્વારા કરવામાં આવેલી ભલામણો નીતિ બનાવતી વખતે ધ્યાનમાં લેવાવી જોઈએ.

44. પ્રત્યેક કૌટુંબિક અદાલતની જગ્યામાં ફરિયાદ નિવારણ સેલ (Redressal Cells) હોવું જોઈએ. સામાન્ય જનતાનું ત્યાં સુધી પહોંચવું સરળ હોવું જોઈએ કે જ્યાં તેઓ તેમની ફરિયાદો વ્યક્ત કરી શકે, તેમના કેસોની સ્થિતિ વિશેની માહિતી મેળવી શકે, પસાર થયેલા ચુકાદા અંગેનાં સ્પષ્ટીકરણ મેળવી શકે.

45. તમામ કૌટુંબિક અદાલતોમાં તકેદારી સેલ (Vigilance Cell) નો સમાવેશ કરવો જોઈએ. કોર્ટમાં ભ્રષ્ટાચારની ચકાસણી કરવાનાં પગલાં લેવાં જોઈએ. જો તે શોધી કાઢે કે કોર્ટના કોઈપણ અધિકારી ભ્રષ્ટાચારમાં શામેલ છે તો તાત્કાલિક તે વ્યક્તિની સામે કાર્યવાહી થવી જોઈએ અને તેને સેવામાંથી બરતરફ કરવા જોઈએ.

**અભ્યાસની મર્યાદા :**

1. મર્યાદિત નમૂનાને આધારે કોઈ વ્યાપક સામાન્યીકરણ કરી શકાય નહીં, પરંતુ આ અંગેની સમજ ચોક્કસ પ્રાપ્ત કરી શકાય.
2. આ અભ્યાસના અરજદારો મોટેભાગે અમદાવાદ શહેરની સંયુક્ત કુટુંબની ગૃહિણીઓ છે.
3. આ અભ્યાસ કન્ટેન્ટ એનાલીસીસ પદ્ધતિ પર આધારિત છે.
4. અભ્યાસના કેસોમાં અરજદારોના શિક્ષણ, વ્યવસાય અને આવકની માહિતી દર્શાવી ન હોવાથી બીજાં કેટલાક વિશ્લેષણો કરી શકાયાં નથી.

**ભવિષ્યનાં સંશોધનો માટેનાં સૂચનો :**

ફેમીલી કૉર્ટ્સના કેસોને ધ્યાનમાં રાખી નીચેના ભવિષ્યનાં સંશોધનો માટેનાં સૂચનો તારવેલ છે :

1. માર ખાધેલી (ઝૂડાયેલી) સ્ત્રીઓની સમસ્યાઓ અંગેના અભ્યાસો કરવા.
2. કાઢી મૂકાયેલી અને લાંબા સમયથી પિયરમાં રહેતી સ્ત્રીઓનો અભ્યાસ કરી શકાય.
3. પુખ્ત વયના સંતાનોવાળી ભરણપોષણ મેળવતી માતાઓનો અભ્યાસ કરી શકાય છે.
4. ભરણપોષણ મેળવતી સગીર બાળકો અને પુખ્ત બાળકોની માતાઓનો તુલનાત્મક અભ્યાસ કરી શકાય.
5. વચગાળાનું ભરણપોષણ (Interim Period Maintenance) મેળવ્યું હોય તેવી સ્ત્રીઓનો અભ્યાસ કરી શકાય છે.
6. આવી ઉપરોક્ત દર્શાવેલી સ્ત્રીઓના અભ્યાસો સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ, જુદા જુદા ધર્મો, જુદાં જુદાં વયજૂથો, ગ્રામ્ય, શહેર, નાનાં શહેર, મોટાં શહેર, ભણેલી, અભણ, નોકરી કરતી, ઝૂંપડપટ્ટીમાં રહેતી વગેરેને ધ્યાનમાં રાખી કરી શકાય છે.
7. મહિલા વડપણવાળાં કુટુંબો (Female Headed Families) ને શોધી તેનો અભ્યાસ કરી શકાય છે.
8. વિવિધ વર્તમાનપત્રોમાં આવતા પતિ-પત્નીના ઝઘડાઓનો અભ્યાસ થઈ શકે છે.
9. ફેમીલી કૉર્ટ્સમાં આવતા કેસોની અરજદાર સ્ત્રીઓના પરિવારના સભ્યોની માનસિક સ્થિતિ પર અભ્યાસ કરી શકાય છે.
10. ફેમીલી કૉર્ટના વિકલાંગ અરજદારોનો અભ્યાસ કરવો.
11. પૌત્રના કબજા માટે અરજી કરતા દાદાઓનો અભ્યાસ કરવો.
12. પુત્ર પાસેથી ભરણપોષણ માંગતા માતાપિતાના અભ્યાસો કરવા.
13. ફેમીલી કૉર્ટમાં આવતા દરેક પ્રકારના કેસોનું સ્ત્રી અરજદાર અને પુરુષ અરજદાર એમ અલગ અલગ અભ્યાસો કેસોના પ્રકાર પ્રમાણે અને અરજદારોની જાતિ પ્રમાણે કરી શકાય છે.
14. આ અભ્યાસો કન્ટેન્ટ એનાલીસીસ પદ્ધતિ અને મુલાકાત પદ્ધતિ બંને દ્વારા થઈ શકે છે.
15. ફેમીલી કૉર્ટના સીવીલ કેસો અને ક્રિમિનલ કેસો એમ અલગ અલગ અને તુલનાત્મક એમ બંને રીતે અભ્યાસ થઈ શકે છે.

**સમીક્ષા :**

ફેમીલી કોર્ટ કાયદાનો અમલ કર્યાનાં 34 વર્ષ પછી પણ ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ અને બાળકો તેના

લાભોથી વંચિત રહ્યાં છે. કારણ કે લોકોની નાણાકીય મર્યાદાઓ, કૉર્ટમાં પહોંચવાની અક્ષમતા અને મોટાભાગે ફેમીલી કૉર્ટ્સ જિલ્લા સ્તરે આવેલી છે. વ્યવહારિક રીતે કહીએ તો આ કાયદો ગ્રામીણ વિસ્તારોમાં વસતી મોટાભાગની દુઃખી સ્ત્રીઓને તેમની અજ્ઞાનતા અને નિરક્ષરતાને કારણે કોઈ મદદ કરતો નથી. કાઢી મુકાયેલી સ્ત્રીઓ પાસે તેમના પતિની આવક અથવા નાણાકીય રોકાણની ખાતરી કરવા માટે પૂરતા પુરાવા નથી હોતા કે જે ન્યાયાધીશોને કેસમાં મદદ નિર્ણય કરવા માટે યોગ્ય મદદ કરી શકે છે. વધુમાં એક ઝૂડાયેલી સ્ત્રી માટે, તેણીનાં નિવેદનો સાચાં સાબિત કરવા માટે જરૂરી તબીબી પ્રમાણપત્રો, ઈજાઓના ફોટોગ્રાફ્સ, એક્સ રે અને સાક્ષીઓ જેવા સહાયક દસ્તાવેજો એકત્ર કરવા અને શોધવા ખૂબ જ મુશ્કેલ છે. એક નિર્દોષ પત્ની માટે પરિસ્થિતિ વધુ જટિલ બની જાય છે.

પતિ અને પત્નીની ઇચ્છાઓ, માન્યતાઓ, વિચારસરણીમાં ઘણો ફરક હોય છે. પરંતુ તેમને એકબીજાને સાંભળવા, સમજવા, સમ્માન આપવાની ટેવ, અનુકૂળ થવાની ટેવ પાડવી જોઈએ. પતિ-પત્ની જો એકબીજાથી વાત-વાતમાં નારાજ થાય છે તો તેવા સંબંધો લાંબો સમય ટકી શકતા નથી. આવી સ્થિતિમાં ક્યારેક ફેમીલી કૉર્ટ પણ સમાધાન કરાવી શકતી નથી. બંને વ્યક્તિઓ છૂટા પડે છે, તે માત્ર પતિ-પત્નીની દ્રષ્ટિએ તેમના ઝઘડાનો સુખદ સમાધાન હોય છે.

**સંદર્ભસૂચિ :**


1. Pathak Ila (2001), 'Aftermath of Domestic Violence Against Women : A Systematic Exploration of Criminal Justice System in Gujarat (India), Awag, Ahmedabad.
2. સુંદરી, અનિથા અને સાથીઓ (2016), 'ડિસ્પોઝેબલ સ્ત્રીઓ ! સરહદપારના લગ્નોમાં દુર્વ્યવહાર, હિંસા અને ત્યજી દેવી', અવાજ, અમદાવાદ. (અનુવાદક - નલિની ત્રિવેદી)
3. Horton, Paul B. and Leslic, Gerald R., 'The Sociology and Social Problems, (4th Ed.), Appleton Century Crofts, New York, 1970.
4. Merton, R.K., 'Social Structure and Anomic', American Sociological Review, October, 1938.
5. Weinberg, Kirson S., 'Social Problems in our Times', Prentice Hall Inc., Englewood Cliffs, New Jersey, 1960.
6. પટેલ તારા (1982), 'કૌટુંબિક સમસ્યાઓ અને નિવારણ', ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
7. મસીહી, એડવિન (જાન્યુઆરી 2013), 'ગુજરાતમાં કુટુંબ વ્યવસ્થા : સામાજિક સંસ્થાઓના સંદર્ભમાં', સમાજકારણ, વર્ષ-6, અંક-3.
8. Shrivastava, A.K. (1986), 'Social Class and Family life in India', Chuga Publications, Allahabad. First edition.
9. Aggarwal, B.R. (1955), 'Caste and Joint Family in a Movile Commercial Community', Sociological Bulletin 4 (2), 138-145.
10. લાકડાવાલા હનીફ, બાલાસરીયા રીનીસેન અને રાજપૂત પાયલ (2003), 'એ પુરૂષો કેમ તેમની પત્નીઓને મારે છે ? ઘરેલુ હિંસાનો ગુનો આચરનારાઓ વિશે એક અહેવાલ', સંચેતના કમ્યુનિટી હેલ્થ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ.
11. લાકડાવાલા હનીફ અને સુરેન્દ્રદાસ, સંધ્યા (2001), 'વેદના એમની સંવેદના આપણી : વધતી જતી ઘરેલુ હિંસાનો અભ્યાસ', સંચેતના કમ્યુનિટી હેલ્થ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ.
12. ચૌહાણ પરેશ (જુલાઈ, 2017), 'માનવ અધિકારો અને ભારતીય સ્ત્રીઓ', સમાજકારણ, ગુજરાત સામાજિક સેવા મંડળ, અમદાવાદ.


•

## પ્રા. ડો. તારાબહેન પટેલ સ્મૃતિ વંદના કાર્યક્રમ

– પ્રા. સંગીતા પટેલ*

તા.29-01-2018ના રોજ સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટીમાં પરમ શ્રદ્ધેય પ્રા. ડૉ. તારાબહેન પટેલ સ્મૃતિ વંદના કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમનો મુખ્ય હેતુ ડૉ. તારાબહેન પટેલના સમાજશાસ્ત્રીય પ્રદાનને સંસ્મરણો સાથે અભિવંદન કરવાનો હતો. કાર્યક્રમમાં ગુજરાતના વિદ્વાન સમાજશાસ્ત્રીઓ પ્રા. ડૉ. વિમળ શાહ, પ્રા. ડૉ. વિદ્યુત જોષી, પ્રા. ધીરુભાઈ દેસાઈ, પ્રા. ડૉ. અરવિંદ ભટ્ટ, પ્રા. ડૉ. ઉષાબહેન કાન્હરે, પ્રા. ડૉ. લીનાબહેન બાદશાહ, પ્રા. ડૉ. ગૌરાંગ જાની, પ્રા.ડૉ. જયપ્રકાશ ત્રિવેદી વગેરે ઉપસ્થિત રહ્યા. દરેકે ગુજરાતના સમાજશાસ્ત્ર વિકાસના પાયારૂપ પ્રદાન કરનાર પ્રા. ડૉ. તારાબહેન પટેલને શબ્દોરૂપી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા. સાથે-સાથે તેમની સાથેની સ્મૃતિઓને રજૂ કરી. અમદાવાદની વિવિધ કૉલેજના અધ્યાપકોએ હાજર રહી ડૉ. તારાબહેન અને સમાજશાસ્ત્ર વિષય તરફની પોતાની નિસ્બત પ્રદર્શિત કરી.

કાર્યક્રમની શરૂઆતમાં સંચાલક પ્રા. ડૉ. ચંદ્રિકાબહેન રાવલે કાર્યક્રમની પૂર્વભૂમિકા બાંધી સૌને આવકાર આપ્યો. વિભાગીય અધ્યક્ષ પ્રા. ડૉ. જે. સી. પટેલે ઉપસ્થિત સૌનું અભિવાદન કર્યું તથા સમાજશાસ્ત્ર વિભાગની પ્રવૃત્તિઓની ટૂંકી ઝલક આપી.

પ્રા. ડૉ. રાજેન્દ્રભાઈ જાનીએ આદરણીય તારાબેન પટલેનાં પુસ્તકો, છબીઓ વગેરેની માહિતી આપતો 'સ્લાઈડ શૉ' રજૂ કર્યો.

પ્રા. ડૉ. વિમળભાઈએ તારાબહેનના સમાજશાસ્ત્રીય પ્રદાનને બીરદાવ્યું. તેમણે તારાબહેને કરેલા અમદાવાદના ભિખારીઓના અભ્યાસ અંગે વાત કરી અને બે વિદ્યાર્થીઓ ભિખારીનો વેશ ધારણ કરી સહભાગી નિરીક્ષણ દ્વારા માહિતી એકત્રિત કરી તેની વિગતે રજૂઆત કરી. ઉપરાંત બક્ષીપંચનો રિપોર્ટ તૈયાર કરવામાં ડૉ. તારાબહેનના પ્રદાનની વિગતે રજૂઆત કરી. ડૉ. વિમળભાઈએ પ્રા. ડૉ. તારાબહેન પટેલ સ્મૃતિ વંદના કાર્યક્રમના આયોજનને બિરદાવ્યો. સાથે-સાથે ડૉ. તારાબહેન પટેલનાં પુસ્તકો સમાજશાસ્ત્ર વિભાગને ભેટ આપ્યાં.

ડૉ. ધીરુભાઈ દેસાઈએ બક્ષીપંચના રિપોર્ટ અંગે ક્ષેત્રની વાસ્તવિક પરિસ્થિતિ તથા સંશોધન પ્રક્રિયાની વાત કરી. સંશોધનની ખરી સમજનું શ્રેય ડૉ. તારાબહેન પટેલને આપ્યું. ડૉ. તારાબહેન પટેલ કડક શિસ્તનાં આગ્રહી સાથે-સાથે એટલાં જ પ્રેમાળ હતાં અને વિદ્યાર્થીઓના વિકાસમાં અંગત રસ લેતાં, આજીવન સાદગીને વળગી રહ્યાં. આખી જીંદગી સ્વચ્છતા રાખી અને વિદ્યાર્થીઓ પાસે પણ તેનો આગ્રહ રાખતાં વગેરે સંસ્મરણોને યાદ કર્યાં. પ્રા. ડૉ. અરવિંદ ભટ્ટે 1961-62માં તેઓ જ્યારે સમાજશાસ્ત્ર માતૃભાષામાં વધુ સારું લખી શકે એ માટે વિદ્યાર્થીઓને ગુજરાતીમાં જવાબો લખવાની છૂટ આપી તેને અરવિંદભાઈએ આવકારદાયક પગલું ગણાવ્યું. ઉપરાંત તારાબહેન પાસેથી સંશોધનનું વ્યવહારુ જ્ઞાન મળ્યું. તેને બહુ મહત્વનું ગણાવ્યું.

ડૉ. વિદ્યુત જોષીએ તારાબહેનને ઉત્તમ શિક્ષક ગણાવ્યા. તેમની પાસેથી મળેલા સંશોધનના વ્યવહારુ જ્ઞાનને ઘણું ઉપયોગી ગણાવ્યું.

ડૉ. ઉષાબહેન કાન્હરેએ તારાબહેન સાથેના એક વિદ્યાર્થી અને પડોશી તરીકે સંબંધોનું વર્ણન કર્યું. તેમણે તારાબહેનના સ્વચ્છ, સુઘડ, ગોઠવાયેલા ઘરનું તથા ગુલાબોથી શોભતા બગીચાનું વર્ણન કર્યું. વર્ષ પૂર્ણ થાય એટલે બધા વિદ્યાર્થીઓને પોતાને ઘેર બોલાવી પાર્ટી આપવાની પરંપરા તારાબહેને શરૂ કરી હતી. સમાજશાસ્ત્રનાં ગુજરાતી પુસ્તકો તૈયાર કરવામાં તારાબેનનો અથાગ પરિશ્રમ અને વિષય પરત્વેનો લગાવ જોઈ શકાય છે.

કલાબહેન કે જેઓ તારાબહેનના જુનાં વિદ્યાર્થીની

* આસિ. પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

છે અને હાલ બી.ઍડ્. કૉલેજમાં અધ્યાપિકા છે. તેમણે વોઈસમેલ દ્વારા તારાબહેન સાથેનાં સંસ્મરણો રજૂ કર્યાં.

ડૉ. જયપ્રકાશ ત્રિવેદી કે જેઓ સમાજશાસ્ત્ર વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થી રહી ચૂક્યા છે તેમણે પોતાની કારકિર્દી ઘડતરમાં તારાબહેનની પ્રમુખ ભૂમિકાને સ્વીકારી. સંશોધનમાં ભાષા, શબ્દો, વિભાવનાઓના સ્પષ્ટીકરણ અર્થે તારાબહેનનો હંમેશા આગ્રહ રહેતો. વિદ્યાર્થીઓ સાથેનું તેમનું પ્રેમાળ વર્તન તેમની મોટી ખુબી હતી.

ડૉ. લીનાબહેન બાદશાહ કે જેઓ સમાજશાસ્ત્રના વિભાગનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને અધ્યાપિકા રહી ચૂક્યાં છે તેમણે તારાબહેન સાથેનાં સંસ્મરણો સંદર્ભે જણાવ્યું કે તારાબહેન શિસ્તના કડક આગ્રહી હતાં. દરેક વિદ્યાર્થીમાં ઊંડો રસ લેતાં. ભારતમાં ગુજરાત યુનિવર્સિટીનો સમાજશાસ્ત્ર વિભાગ તારાબહેનના નામથી ઓળખાતો. તારાબહેનને લોકો અન્નપૂર્ણા કહેતા હતા. તારાબહેને સમાજશાસ્ત્રના અધ્યાપક તરીકે જે પરંપરા ઊભી કરી છે એ કુટુંબ જેવી સંસ્થા ઊભી કરી છે. લીનાબહેને તારાબેનના જન્મ શતાબ્દિની ઉજવણીને આનંદ અને ગૌરવની વાત ગણાવી.

ડૉ. ગૌરાંગ જાનીએ તારાબહેનના એક વિદ્યાર્થી તરીકે જણાવ્યું કે ગુજરાતમાં સમાજશાસ્ત્રનો પાયો નાંખવામાં તારાબહેનની મહત્ત્વની ભૂમિકા રહી છે. તારાબહેન સંશોધનમાં હંમેશા મૂળ સ્રોતો વાંચવાનો આગ્રહ રાખતા જે અભ્યાસને વધુ મજબૂત બનાવતાં અને વિદ્યાર્થીમાં સંશોધનની સાચી સમજ કેળવાતી. સમાજશાસ્ત્રને વધુ મજબૂત કરવા આપણે તારાબહેનની પરંપરાને ફરી શરૂ કરવી જોઈએ.

પ્રા. સંગીતા પટેલે તારાબહેનના એમ.એ.ના શોધનિબંધ ‘ગ્રામીણ ગુજરાતનો સમાજશાસ્ત્રીય અભ્યાસ- કોલંબિયા યુનિવર્સિટી-1948 ન્યૂયૉર્ક’ને આધારે સમાજશાસ્ત્રના અભ્યાસી તરીકે ડૉ. તારાબહેનની ભૂમિકાને રજૂ કરી.

ઉપરાંત ડૉ. હર્ષિદા દવે, ડૉ. શૈલજા ધ્રુવે ડૉ. તારાબહેનને સ્મૃતિ વંદના અર્પણ કરી હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ-સરળ સંચાલન દ્વારા ડૉ. ચંદ્રિકાબહેન રાવલે વધુ સફળ બનાવ્યો. ડૉ. ગૌરાંગ પરમારે ટેકનીકલ સહયોગ પૂરો પાડ્યો હતો.

જીવનમાં એટલો સંઘર્ષ તો કરવો જોઈએ કે જેથી પોતાનાં બાળકોનો આત્મવિશ્વાસ વધારવા બીજાનું ઉદાહરણ આપવું ન પડે.

●

જીવનનો સૌથી મોટો આનંદ એ કામ કરવામાં છે કે જેને કરવા અંગે લોકો કહેતા હોય કે તું કરી શકીશ નહીં.

●

મિત્રતા ક્યારેય પણ એક તક હોતી નથી, પરંતુ મધુર જવાબદારી હોય છે.

●

દીર્ઘાયુ હોવાનું નહીં પણ જીવનની ગુણવત્તાનું મહત્ત્વ વધુ હોય છે.

●

મંત્ર અથવા પ્રાર્થનાથી નહીં સફળતા જાગૃતિ, ઊર્જા અને બુદ્ધિના બળથી મળે છે.

●

કામ કરવામાં કોઈ અપમાન નથી, અપમાન તો ખાલી બેસી રહેવામાં છે.

●

**(અનુસંધાન ટાઈટલ પેજ - ૪ નું ચાલુ)**

સંશોધન કરી કારણો દર્શાવવાનો સમય હવે પૂરો થઈ ગયો છે. આઈ.પી.દેસાઈના ઇચ્છીત સમાજના ખ્યાલને સાકાર કરવા ઑગસ્ટ કોમ્ટ, ગાંધીજી કે વોટ્સન કે અન્ય સમાજશાસ્ત્રીના અભિગમ મુજબ જેનું પણ યોગ્ય મોડલ જણાય તે મુજબ કે આ બધાના વિચારોના સમન્વયકારી અભિગમથી સમાજપુનર્નિર્માણ યોજના બનાવી લાગુ કરવાનો સમય પાકી ગયો છે. માટે હવે વિના વિલંબે સમાજપુનર્નિર્માણ યોજના દ્વારા વૈજ્ઞાનિક અને નૈતિક માનવ અધિકારના સંવર્ધન વાળા સમાજનું નિર્માણ કરે જ છૂટકો છે. જેમાં મનની શાંતિ હોય, સમાજમાં વ્યવસ્થા અને પ્રગતી જળવાતી હોય તેવા સમાજનિર્માણ માટે સમાજ વૈજ્ઞાનિકોએ અને સમાજશાસ્ત્રીઓએ અગ્રેસર રહી પ્રજાજનોની અપેક્ષા સંતોષવા ખૂબ અગત્યની ભૂમિકા ભજવવી જ રહી.

**- ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

• • •

જો તમે ઇચ્છતા હોય કે તમારા નજીકના સાચા માર્ગે ચાલે તો તેને માર્ગની જાણકારી ન આપો
તમે એ માર્ગે ચાલીને બતાવો

•

તમે ક્યારે સાચા હતા તે કોઈ યાદ રાખતું નથી પરંતુ
તમે આ રીતે ખોટા હતા તેને કોઈ ભૂલતું નથી.

•

સફળતા મેળવવાના રસ્તામાં તમારી સફળ બનવાની ઇચ્છા તમને નિષ્ફળ જવાના ડરથી વધુ હોય છે.

•

હાર માનવી દુનિયામાં સૌથી સરળ કામ છે. તાકાત તો એ છે કે
જ્યારે તમે મુશ્કેલ સ્થિતિમાં પણ ઝઝુમતા રહો.

•

ખોટો રસ્તો અપનાવીને સફળ થવું તેના કરતાં સાચી રીતે કામ કરવામાં નિષ્ફળ થવું વધુ સારુ છે.

•

જ્યાં સુધી તમે સામાજિક સ્વતંત્રતા હાંસલ કરતા નથી ત્યાં સુધી કાયદો
તમને જે સ્વતંત્રતા આપે છે. એ તમારા માટે બેઈમાની છે.

- ડૉ. આંબેડકર

•

જીવન એ નથી કે જે તમે ઇચ્છો છો, પણ તે તો તમે બનાવો તે રીતે બની જાય છે.

•

કોઈ પણ કામ કેટલું પણ મુશ્કેલ હોય, પણ જીદ અને દૃઢ વિશ્વાસથી તે પૂરું કરી શકાય છે.

•

## સંપાદકીય

### દેશનો માહોલ અને સમાજશાસ્ત્રીઓની ભૂમિકા

આજે દેશમાં ચારે બાજુ વિવિધ આંદોલનોનો ઉકળાટ અને પ્રજામાં આક્રોશ જોવા મળે છે. અનામતની માંગણી માટે થતાં આંદોલન, તો જાતિ અંગે ઘવાતી લાગણી સામે આક્રોશ, અથાગ પરિશ્રમ છતાં ભાવ ન મળતા ખેડૂતોનાં આંદોલન, મોંઘા શિક્ષણથી વ્યથિત વાલીઓનાં ફી વધારા સામે આંદોલન, તો ધર્મ વચ્ચે વિખવાદ વધારતાં નિવેદનોથી થતો કોલાહલ, નોકરી ન મળતાં બેરોજગાર યુવાનોનો વ્યક્ત થતો અજંપો અને આક્રોશ, મંદીની ખીણમાં ધકેલાઈ ગયેલા વેપારીઓની વ્યથા, તો માનવતાને શરમાવે તેવા બાળાઓ અને સ્ત્રીઓ ઉપર થતા અત્યાચારોની હારમાળા નાગરિકોમાં આક્રોશ, અજંપો અને ઉશ્કેરાટ ફેલાવે છે. નાની વાતમાં તોડફોડ અને મારામારી થાય છે તેમજ રાષ્ટ્રની સંપત્તિ અને જાનમાલનું નુકસાન કરે છે. આ બધી બાબતો પ્રજાજનોમાં ઘટતી જતી સહિષ્ણુતા અને સહનશીલતાનું પ્રતિબિંબ પાડે છે.

તો સમાજમાં ગુંડા તત્ત્વો ધોળા દિવસે કોઈ પણ જાતનો ડર રાખ્યા સિવાય હથિયાર લઈ ગમે તેને મારે છે. દુકાનમાં ઘુસી લૂંટ ચલાવે છે. એટલું જ નહિ પોલીસ પર હુમલા પણ વધી ગયા છે. જાણે કોઈની બીક જ નહિ કે રાજ્યનું નિયંત્રણ જ નહિ. કાયદો-વ્યવસ્થા જાળવવામાં રાજ્યની જે કડકાઈ અને ડર હોવો જોઈએ તે જણાતો નથી. તો વળી કુટુંબજીવનમાં કુટુંબના સભ્યોમાં અલગતા-એકલતા વધી રહી છે. જેમાં મોબાઈલ-સોશિયલ મીડીયાએ મોટો ભાગ ભજવ્યો છે.

ટૂંકમાં, ભારતીય સમાજ અને કુટુંબજીવન અગણિત તકલીફો અને પ્રશ્નોમાંથી પસાર થઈ રહ્યો છે. ત્યારે સામાન્ય પ્રજા વ્યથિત થઈને પ્રશ્ન પૂછી રહી છે કે આનો કોઈ ઉકેલ ખરો કે નહિ? આમ જ ચાલશે તો સમાજનું ભાવિ શું ? તેનાથી ચિંતિત થઈ તેના ઉકેલ માટે સમાજ વૈજ્ઞાનિકો અને ખાસ કરીને સમાજશાસ્ત્રીઓ પાસે અમીટ આશા રાખીને બેઠા છે ત્યારે સ્વાભાવિક છે કે સમાજવૈજ્ઞાનિકો અને સમાજશાસ્ત્રીઓની જવાબદારી ખૂબ વધી જાય છે. દેશના અને ખાસ કરીને ગુજરાતના સમાજમાં આ ઉભરી રહેલા પ્રશ્નોનું વિશ્લેષણ કરવાની અને તેના ઉકેલો શોધવાની ફરજ સમાજ શાસ્ત્રીઓની છે.

આ બધી અશાંતિ, આક્રોશ અને અરાજકતામાંથી સમાજને ઉગારવા માટે ચર્ચાઓ, સેમિનાર તેમજ

**(અનુસંધાન ટાઈટલ પેજ-૩ પર)**

Book-Post ISSN 2319-3522

**સમાજકારણ**
વર્ષ : ૧૨, જાન્યુઆરી-૨૦૧૮, અંક : ૧
**ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯.